

THE "SARVAJANICAN"

BOY SCOUTS

POCKET BOOK.




ઇંગ્લંડના સેંટ જ્યૉર્જનો વાવટો



આયર્લૅન્ડના સેંટ પૅટ્રીકનો વાવટો



સ્કૉટલંડના સેંટ ઍન્ડ્રુઝનો વાવટો



યૂનિયન જૅક

THE SARVAJANICAN
BOY SCOUTS
POCKET BOOK.

Name ______________________________

____

Rank ____________ *Patrol* ____________

Troop _____________________________

______________________________ *School*

Address ___________________________

____

____

"BE JUST, FEAR NOT"

THE "SARVAJANICAN"

BOY SCOUTS POCKET BOOK.

LEARN AND BE HUMBLE

DO A GOOD TURN DAILY

BOY SCOUT

BE PREPARED

PUBLISHED FOR

THE SARVAJANIK HIGH SCHOOL,

BOY SCOUTS TROOP,

SURAT.

BE PREPARED.

Published by Mr. N. C. Sutariya,
Sanghadiawad, Surat.
Printed by B. M. Bhatt at
Kalamaya Press, Kanpith, Surat.

બે બોલ.

સ્કાઉટિંગને લગતાં અમૂલ્ય પુસ્તકો અંગ્રેજી ભાષામાં છે અને તેને લગતું સાહિત્ય પણ અંગ્રેજી ભાષામાં સારી રીતે ખેડાયું છે અને ખેડાય છે. પણ એ સાહિત્ય બરાબર સમજવા જેટલું જ્ઞાન હાલના માધ્યમિક શાળાના વિદ્યાર્થીમાં સામાન્ય રીતે જોવામાં આવતું નથી. વળી ગુજરાતી શાળાઓમાં પણ સ્કાઉટિંગને સ્થાન મળવું શરૂ થયું છે અને વધારે મળશે એમાં શક નથી. એટલે એ વિષય સંબંધી સાહિત્ય ગુજરાતી ભાષામાં વધારે ને વધારે ખેડાય એ ઇચ્છવા યોગ્ય છે. એ સર્વ સંજોગો ધ્યાનમાં લઈ આ નાની પૉકેટ બુક—અથવા સર્વ રીતની સાધારણ માહિતી આપનારૂં પુસ્તક—ગુજરાતીમાં પ્રસિદ્ધ કરવાની હિંમત કરી છે. અંગ્રેજીમાં ઉત્તમ ડાયરીઓ અને પૉકેટ બુકો પ્રસિદ્ધ થાય છે અને દર વરસે થયા કરે છે અને તેને આધારેજ ઘણે અંશે આ પૉકેટ બુક પણ યોજવામાં આવી છે એ ભૂલવું ન જોઈએ. પણ આ પૉકેટ બુકનું

મૂલ્ય અને તેમાં સ્કાઉટિંગને લગતા ઘણા વિષયોનો ગુજરાતી ભાષામાં સતેજ ખ્યાલ આપવાનો સ્વલ્પ પ્રયત્ન સ્કાઉટ બંધુઓમાં આવકારદાયક થઇ પડશે એવી અમારી નમ્ર માન્યતા છે. અને આ પ્રથમ સાહસ ઉત્તેજન પામી થોડે અંશે પણ સ્કાઉટર અને સ્કાઉટ બંધુઓની પ્રવૃત્તિમ સરળતા આણી માર્ગદર્શક બનશે તો અમે સ્કાઉટ તરીકે એક—Good turn—ભલું કામ કર્યું છે એમ સંતોષ માનીશું.

આ પુસ્તકની અસ્પૃશ્યતા કે ગૂઢતા કરતાં ઉપયોગિતા વધારવાના આશયથી અંગ્રેજી શબ્દો છૂટથી વાપરવામાં આવ્યા છે. બીજા સર્વ પ્રયાસોની પેઠે આ નાનકડા પુસ્તકમાં અનેક દોષો છે અને સમય સંકોચ તથા સ્કાઉટિંગ જેવી વિદેશીય પ્રવૃત્તિને દેશી ભાષામાં ચર્ચાવવાનો દુષ્કર પ્રયત્ન એ તેનાં મુખ્ય કારણો છે. છતાં પુસ્તકની સુધારણા તથા ઉપયોગિતા વધારવા સંબંધી સૂચના સાભાર સ્વીકારી તેનો યોગ્ય અમલ કરવાની પ્રથમ તક લઇશું.

સ્કાઉટ મુદ્રાલેખ.

"Be Prepared."

ફરજ બજાવવા માટે તન અને મનથી **તૈયાર રહો.** દરેક જાતનો હુકમ ઉઠાવવા તમારૂં મન કેળવી **તૈયાર રહો.** અકસ્માત વખતે અથવા બીજા કોઈ પણ સંજોગ ઉભા થાય તે વખતે વિચાર ન કરતાં મન ઠેકાણે રાખી અગમચેતીથી જે કરવું જોઇએ તે જલદી કરવા **તૈયાર રહો.** તે માટેની તૈયારી અગાઉથી કરી રાખેલી હોવીજ જોઇએ કે જેથી ખરી વખતે અણીનો સમય સાચવવા તમારૂં મગજ ઠેકાણે રહે અને શાંત રીતે તમારૂં કામ કરી તમારી ફરજ તમે બજાવવા **તત્પર હો.**

તમારૂં શરીર હમેશાં તંદુરસ્ત ને મજબૂત રાખવું જોઇએ અને બરાબર કેળવેલું હોવું જોઇએ કે જેથી ખરી ઘડીએ તમે તમારી ફરજ બજાવી શકો.

"તૈયાર રહો" એ દરેક સ્કાઉટનો મુદ્રાલેખ છે

સ્કાઉટનું ભલું કામ.
Good turns.

"A scout must try his best to do a good turn to somebody every-day."

"હરહમેશ કોઇને માટે એક ભલું કામ કરવા દરેક સ્કાઉટે પોતાનાથી બનતો પ્રયત્ન કરવોજ જોઇએ."

દરરોજ કોઇને માટે શાંત રીતે અને મગરૂરી બતાવ્યા વગર ભલું કામ કરવું એ સ્કાઉટની છેલ્લી અને મુખ્ય કસોટી છે—સ્કાઉટ હોવાની એક સાબિતી છે. એ એક ધાર્મિક ફરજ છે. જ્યારે એક સ્કાઉટ બીજાઓને સૌથી વધારે મદદ કરે છે ત્યારે તે ઇશ્વરને સૌથી વધારે માન આપતો ગણાય છે.

કોઇ છોકરો ભલે બધા સ્કાઉટ યુનિફોર્મ અને ચાંદ પહેરે, ભલે જેટલા હોય એટલા બધા સ્કાઉટના બૅજ ધારણ કરે, જંગલ વિષે, સ્કાઉટિંગ

વિષે અને સ્કાઉટની બીજી બાબતો વિષે જ્ઞાન મેળવે, છતાં તેને ખરો સ્કાઉટ ન ગણી શકાય. ખરો બૉયસ્કાઉટ ત્યારેજ થયો કહેવાય કે જ્યારે તે ખરા મનથી દરરોજ એક સારૂં કામ કરતો થાય. અને જો એ પ્રમાણે કરે તો જે મોટા સ્કાઉટરો પોતાના દેશની સેવા કરી પંકાઈ ગયા છે તેઓમાંનો એક ગણાવાનો તેને હક છે. આ હક મેળવવા માટે દરેક સ્કાઉટે સ્કાઉટ નિયમો પાળવાજ જોઇએ

The Cub's Promise.

I promise to do my best— (1) to be loyal to God, King and Country and to the law of the cub-pack and (2) to do a good turn to some body every-day.

કબનું વચન

(૧) પરમેશ્વર, રાજા અને દેશને અને કબ-પૅકના નિયમોને વફાદાર રહેવા,

(૨) અને દરરોજ કોઈ માટે એક ભલું કામ કરવા મારાથી બનતું કરીશ.

The Cub Laws.

(1) The cub gives in to the old wolf (Akela) or to the cub master.

(2) The cub does not give in to himself.

કબના નિયમો

(૧) કબ હમેશાં એકલા કે કબના કહેવા પ્રમાણે પોતાનું વર્તન રાખે છે.

(૨) કબ પોતાનુંજ ધાર્યું ન કરે.

Scout's Honour.

The scout's honour is a feeling in him of responsibility to God and man such as compels the trust of others.

Scout's Promise.

I promise on my honour that I will do my hest,

(1) to do my duty to God, King and Country,

(2) to help other people at all times,

(3) to obey the Scout Law.

સ્કાઉટનું સ્વમાન.

સ્કાઉટનું સ્વમાન (એ) ઇશ્વર અને મનુષ્ય તરફની (તેની) જવાબદારી સંબંધી એક એવી લાગણી છે કે જે બીજાઓનો વિશ્વાસ જીતી શકે છે.

સ્કાઉટનું વચન.

મારા સ્વમાન પર વચન આપું છું કે:—

(૧) ઇશ્વર, રાજા અને દેશ પ્રત્યે મારી ફરજ બજાવવા,

(૨) બીજા લોકોને દરેક પ્રસંગે મદદ કરવા

(૩) સ્કાઉટના નિયમો પાળવા મારાથી બનતું સઘળું કરીશ.

The Scout Law.

(1) A scout's honour is to be trusted.

(2) A scout is loyal to the king, his country, his officers, his parents, his employers aud those under him.

(3) A scout's duty is to be useful and to help others.

(4) A scout is a friend to all and a brother to every other scout, no matter to what social class the other belongs.

(5) A scout is courteous.

(6) A scout is a friend to animals.

(7) A scout obeys orders of his parents, patrol leader or scout master, without question.

(8) A scout smiles and whistles under all difficulties.

(9) A scout is thrifty.

(10) A scout is clean in thought, word and deed.

સ્કાઉટના નિયમો.

૧. સ્કાઉટ પ્રતિષ્ઠા વિશ્વાસને પાત્ર હોય.

સ્કાઉટ મંડળીના જો કોઇ સ્કાઉટ અમુક વાત "મારી પ્રતિષ્ઠા પર હું કહું છું" એમ કહે તો તે તેણે ઘણાજ પવિત્ર સોગન લીધા છે એમ ગણવું જોઇએ અને તે વાત પર વિશ્વાસ રાખવો જોઇએ.

તેમ વળી જો કોઈ સ્કાઉટનો અમલદાર "તમારી પ્રતિષ્ઠા પર તમે અમુક કામ કરશો" એમ કહે તો તે કામ દરેક સ્કાઉટે પોતાની શક્તિ પ્રમાણે કાંઇ પણ અડચણને ન ગણકારતાં કરવુંજ જોઇએ. પોતાના સ્વમાનને સમજપૂર્વક પવિત્ર ગણવું જોઇએ અને જુઠું બોલી અથવા પોતાના આત્મગૌરવ વિરૂદ્ધ કાંઇપણ વર્તન કરી સ્કાઉટ તરિકે બીનવફાદાર બનવું ન જોઇએ. પોતાના આત્મગૌરવ વિરૂદ્ધ વર્તનાર સ્કાઉટને પોતાનો સ્કાઉટ બેજ પાછો આપી સ્કાઉટ તરીકે રાજીનામું આપવાની ફરજ પાડી શકાય. ખોદાના કસમ ખાવા અથવા ખરાબ ભાષા વાપરવી એવા વાંક માટે ગુનેહગારની બાયમાં બીજા સ્કાઉટો ઠંડા પાણીનો લોટો રેડે એવી શિક્ષા ૩૦૦ વર્ષ પર કોટન જોન સ્મિથ નામના એક ઘરડા બ્રિટિશ સ્કાઉટે શોધી કાઢી છે.

૬. સ્કાઉટ રાજાને, પોતાના દેશને, સ્કાઉટ અમલદારને, માતપિતાને, પોતાના

શેઠને અને પોતાના હાથ નીચેના માણસોને વફાદાર હોય.

દરેક સ્કાઉટને પોતાને માટે અભિમાન હોવું જોઇએ, અને તેમની (પોતાના ઉપરી વગેરેની) • નિંદા કરનારની સામે થવું જોઇએ.

૩. બીજાઓને ઉપયોગી અને મદદગાર બનવું એ સ્કાઉટની ફરજ છે.

પોતાની મોજમઝા, આરામ અને સલામતીના ભોગે પણ બીજાઓને મદદ કરવી એ સ્કાઉટની ફરજ છે. અમુક પ્રસંગે અમુક સંજોગોમાં પોતે કઇ રીતે બીજાઓને ઉપયોગી બની શકે, તેમજ તે પ્રસંગોમાં પોતાની શી શી ફરજો છે તેનો વિચાર દરેક સ્કાઉટે પ્રથમથીજ કરવો જોઇએ: કોઇની પણ જીંદગી બચાવવા અથવા તો ઇજા પામેલાઓને મદદ કરવા તત્પરજ રહેવું જોઇએ અને દરરોજ ઓછામાં ઓછું એક સારૂં કામ બીજાના ભલાને માટે કરવું જોઇએ.

૪. સ્કાઉટ સૌનો મિત્ર છે અને દરેક બીજા સ્કાઉટનો બન્ધુ છે પછી તે સ્કાઉટ ગમે તે જ્ઞાતિનો કે ગમે તે દરજ્જાનો હોય.

સ્કાઉટ બન્ધુ મંડળમાં દરેક સ્કાઉટ એક બીજાનો ભાઈ છે એમ ગણવું જોઇએ અને પોતાનાથી અજાણ્યો સ્કાઉટ મળે તો તેની સાથે પણ વાત કરવી જોઇએ અને તેની ફરજ બજાવવામાં કે તેને ખોરાક અથવા જોઈતી ચીજો પુરી પાડવામાં તત્પર રહેવું જોઇએ. સ્કાઉટો બધા સમાન છે. ગરીબ કે પૈસાદાર, ઉંચ કે નીચ, પારસી, મુસલમાન, હિન્દુ કે ખ્રીસ્તી એવો કોઇ પણ જાતનો ભેદ સ્કાઉટ બંધુઓમાં હોઇ શકેજ નહિ.

૫. સ્કાઉટ વિનયશીલ હોય.

દરેક સ્કાઉટ દરેક તરફ અને ખાસ કરી સ્ત્રીઓ અને બાળકો, ઘરડા માણસો અને દરદીઓ, તેમજ અપંગ વગેરે તરફ વિવેકી બને અને તેને કાંઇ પણ બદલાની આશા વગર મદદ કરે.

૬. સ્કાઉટ પ્રાણી માત્રનો મિત્ર હોય.

ઇશ્વરે સરજેલા પ્રાણી માત્રને દુઃખમાંથી જેમ બને તેમ બચાવવા તેમજ તેમના પર બીજા તરફથી થતો જુલમ અટકાવવા સ્કાઉટ તૈયાર રહે.

૭. સ્કાઉટ પોતાના માબાપ, પોતાના પેટ્રોલ લીડર અથવા સ્કાઉટ માસ્ટરના હુકમ કાંઇ પણ વાંધા વગર પાળે.

સ્કાઉટોએ સૈનિકો અને ખલાસીઓની માફક પોતાને મળેલો દરેક હુકમ ફરજ સમજીને પાળવોજ જોઇએ.

૮. સ્કાઉટ બધીજ મુશ્કેલી હસીને દૂર કરે.

સ્કાઉટે સખત હુકમ પણ નાખુશીથી અથવા ધીમે ધીમે નહિ પણ ખુશીથી અને તરતજ પાળવો જોઇએ. સ્કાઉટો મુસ્કેલીથી ડરતા નથી તેમજ બીજા પાસે મિથ્યા રોદણાં રડતા નથી

પણ શાંતિ અને ખુશ મિજાજથી તે મુશ્કેલી દૂર કરવા મંડી જાય છે.

૯. સ્કાઉટ કરકસર કરનારો હોય.

પોતાનાથી બનતી દરેક પાઈ, પોતે બચાવે, અને જેમ બને તેમ બીજાને બોજારૂપ ન થઈ પડે અથવા તો પોતાની પાસેના પૈસાથી બીજાને મદદ કરી શકાય તે માટે દરેક સ્કાઉટ કરકસરથી પૈસા બચાવે.

૧૦. સ્કાઉટ મન, વચન અને કર્મથી પવિત્ર હોય.

સ્કાઉટ હમેશાં પવિત્ર, ચોખ્ખા મનનો અને બહાદુર હોય, દરેક ખરાબ કામ કરનારને ધિક્કારે અને તેનાથી દૂર રહે.

કબનું ઇતિવૃત્ત.

કબનું નામ

નંબર ટુકડી (six)

સેના (pack)

સરનામું

જન્મતિથિ

જન્મભૂમિ

દાખલ થતી વખતની ઉમ્મર વર્ષ મહિના

દાખલ થવાની તારીખ

ટેન્ડરપૅડની લાયકાત મેળવી

કબ થયાની તારીખ

એક તારક કબ થયો

દ્વિતારક કબ થયો

Scout's History.

સ્કાઉટનું ઈતિવૃત

સ્કાઉટનું નામ ____________

નંબર ____________ પેટ્રોલ ____________

ટ્રુપ (સેના) ____________ ધર્મ ____________

સરનામું ____________

જન્મ તારીખ ____________

જન્મભૂમિ ____________

દાખલ થયાનીઁ તારીખ ____________

દાખલ થતી વખતની ઉમ્મર ____ વર્ષ ____ મહિના

ટેન્ડરફુટની લાયકાત મેળવી ____________

સ્કાઉટ થયાની તારીખ ____________

બીજા વર્ગનો સ્કાઉટ થયો ____________

પહેલા વર્ગનો સ્કૉઉટ થયો ____________

કિંગ્ઝ સ્કાઉટ થયો ____________

બાળવીર મંડળની યોજના

હિંદુસ્થાનમાંનું બાળવીર મંડળ

પેટ્રન :—નામદાર પ્રિન્સ ઓફ વેલ્સ.

વ્યવસ્થા

મુખ્ય મથક—લંડન.

ચીફ સ્કાઉટ અને કાઉન્સિલ અને કાર્યવાહક મંડળ

|

હિંદ અને બરમાનું મુખ્ય મથક—દિલ્હી.

ચીફ સ્કાઉટ, કાઉન્સિલ અને ચીફ કમિશનર.

|

ઇલાકાના મુખ્ય સ્થાન—મુંબઇ ઇલાકો—મુંબઈ.

ચીફ સ્કાઉટ અને કાઉન્સિલ અને પ્રાંતિક કમિશનર.

|

જીલ્લાના મુખ્ય સ્થાનો—લોકલ એસોસિએશનો.

જીલ્લા કમિશનર—જીલ્લા સ્કાઉટ માસ્ટર અને કાર્યવાહક મંડળ

બાળવીર સૈન્યો અને વીર શિક્ષકો

રોવર સ્કાઉટો	સ્કાઉટો	કબો
૧૬ વર્ષની ઉપરના	૧૨થી૧૬ વર્ષ	૭થી૧૨ વર્ષ

અમલદારો.

મુરબ્બી (પેટ્રન)—નામદાર શહેનશાહ.

પ્રમુખ—નામદાર ડયુક ઑફ કૉનોટ.

ચીફ સ્કાઉટ (આખી દુનિયાના)—જનરલ સર રૉબર્ટ બેડન પૉવેલ.

ચીફ સ્કાઉટ (બ્રિટિશ સામ્રાજયના) હિંદના મુરબ્બી (પેટ્રન)—નામદાર પ્રિન્સ ઑફ વેલ્સ

ચીફ સ્કાઉટ (હિંદના)—નામદાર વાઇસરૉય.

ચીફ સ્કાઉટ (મુંબઇ ઇલાકાના)-નામદાર ગવર્નર.

પ્રાંતિક કમિશનર—ઑા. સર ચુનીલાલ વી. મહેતા.

આ. પ્રાંતિક કમિશનર—હાલ ખાલી છે.

જીલ્લા કમિશનર (સુરત)—દિ. બ. ઠાકોરરામ કપિલરામ મહેતા, સી. આઇ. ઈ.

જીલ્લા કમિશનર (અમદાવાદ)—

જીલ્લા કમિશનર (ભરૂચ)—

જીલ્લા કમિશનર (ખેડા)—

જીલ્લા કમિશનર (પંચમહાલ)—રા. બ. રામપ્રસાદ મ. મહેતા.

મુંબઇ ઇલાકાની કાઉન્સિલ—મુંબઈ.

પ્રૉવિન્સ્યલ સેક્રેટરિ—એમ. વ્યંકટેશ્વર.

ગુજરાત સ્કાઉટ ઑર્ગનાઇઝર—મી. ગુણવંતરામ એમ. ભટ્ટ

સ્કાઉટિંગનું બંધારણ

કબજા

ઉમ્મર પ્રમાણે બાળકોને ત્રણ વિભાગમાં વ્હેંચી નાખવામાં આવ્યા છે.

(૧) કબ્ઝ અને બ્લુબર્ડ્ઝ—સાતથી બાર વર્ષના કુમારોને કબ્ઝ કહેવામાં આવે છે. તેટલીજ ઉમ્મરની છોકરીઓને બ્લુબર્ડ્ઝ કહેવામાં આવે છે.

(૨) સ્કાઉટ અને ગર્લ ગાઇડઝ—બારથી સોળ વર્ષના છોકરાઓને બૉયસ્કાઉટ્સ અને તેટલીજ ઉમરની છોકરીઓને ગર્લ ગાઇડઝ કહેવામાં આવે છે

(૩) સીનીઅર સ્કાઉટ્સ, રોવર્સ અથવા પાયોનિયર્સ—૧૬ વર્ષની ઉપરનાને રોવર સ્કાઉટ્સ કહેવામાં આવે છે.

ત્રણે વિભાગવાળાને અમુક વચનો લેવાના હોય છે અને તે પ્રમાણે તેઓનું વર્તન રાખવાનું હોય છે.

સ્કાઉટ અમલદારોના દરજ્જા નીચે પ્રમાણે હોય છે :—

પેટ્રોલ સેકન્ડ—પેટ્રોલ (ટુકડી)નો ઉપનાયક.

પેટ્રોલ લીડર—પેટ્રોલનો નાયક.

ટ્રુપ લીડર—ટ્રુપ (સેના)નો સરદાર.

સિક્સર—સિક્સ (કબની ટુકડી)નો નાયક.

પૅક લીડર—પૅક (કબનું ટોળું)નો સરદાર.

આસિસ્ટન્ટ સ્કાઉટ માસ્ટર અથવા આ. કબ માસ્ટર.

સ્કાઉટ માસ્ટર અથવા કબ માસ્ટર.

આ અમલદારો જ્યારે પોતાની જગ્યા સંભાળે ત્યારે તેમણે વચન લેવાના હોય છે તે સિવાય બીજા અમલદારો પણ હોય, જેમકે ટ્રુપ કમીટીના સભાસદો, લોકલ એસોસિએશનની કાર્યવાહક સમિતિના સભાસદો વગેરે.

લોન સ્કાઉટ, લોન-પેટ્રોલ.

કોઇ ઠેકાણે સ્કાઉટ ટ્રુપ કે સ્કાઉટ પેટ્રોલ પણ ન હોય અને કોઇનો વિચાર સ્કાઉટ બનવાનો થાય તો તે સ્કાઉટ કમિશનર કે મુખ્ય સ્થાન (હેડક્વાર્ટર્સ)ની રજા લઇ પોતે સ્કાઉટ બની શકે છે. અને તે લોન સ્કાઉટ તરીકે ઓળખાય છે.

કોઈ ઠેકાણે એવા થોડા સ્કાઉટસ નીકળે કે જેથી ફક્ત એક નાની ટુકડી બનાવી શકાય તો તેવડી એક ટુકડી (પેટ્રોલ)ને સ્કાઉટસ બનાવી લે અને તે લોન પેટ્રોલ કહેવાય.

પેટ્રોલ—ટુકડી.

પેટ્રોલની અંદર છ થી આઠ સ્કાઉટ હોય છે તેમાં એકને નાયક બનાવી તેને પેટ્રોલ લીડર કહેવામાં આવે છે. અને બીજાને તે લીડર પોતાનો સેકન્ડ બનાવે છે. તે લીડર પોતાની પેટ્રોલ માટે જવાબદાર રહે છે.

ટ્રુપ—સેના

એથી ચાર પેટ્રોલ મળી એક ટ્રુપ થાય છે અને તે સ્કાઉટ માસ્ટરના હાથ નીચે રહે છે. તેની મદદમાં એક કે વધારે આસિસ્ટન્ટ સ્કાઉટ માસ્ટર હોય છે. અને તે બધા ન હોય ત્યારે ટ્રુપનું ધ્યાન રાખવા એક સરદાર નીમાય છે જે ટ્રુપ લીડર કહેવાય છે.

કોર્ટ ઓફ ઑનર—સ્કાઉટ માસ્ટર, આ સ્કાઉટ માસ્ટરો, ટ્રુપ લીડર, પેટ્રોલ લીડરો તથા પેટ્રોલ સેકન્ડો મળી એક મંડળ બને છે તે કોર્ટ ઓફ ઑનર કહેવાય છે,

આ કમિટિ ટ્રુપના કામની દરેક જાતની દેખરેખ રાખે છે અને દર મહિને બે અથવા ચાર વાર મળે છે. ટ્રુપને માટે પોગ્રામ નક્કી કરે છે અને કાંઇ ન્યાય આપવાના હોય તો તે કામ પણ તેજ કરે છે.

ટ્રુપ કમીટી—

તે સિવાય મોટેરાંની એક કમીટી સ્થપાય છે જે ટ્રુપ કમીટી કહેવાય છે અને તે ટ્રુપની મતા હોય તો તેનું તેમજ સ્કાઉટ્સ માટે કામકાજ સંબંધી તથા ટ્રુપ માટે પૈસા સંબંધીની વ્યવસ્થા કરે છે.

અમલદારો —

સ્કાઉટના દરેક અમલદારને હેડ કવાર્ટર્સ (મુખ્ય મથક) તરફથી વૉરન્ટ એટલે કે અમલદાર તરિકે કામ કરવાની રજા આપવામાં આવે છે.

લોકલ ઍસોસિએશન

જ્યાં આગળ સ્કાઉટિંગ ચાલુ હોય અને સ્કાઉટ ટ્રુપો હોય ત્યાં આગળ આ હિલચાલ ચાલુ રહે તેવા પગલા લેવા સંભાવિત ગૃહસ્થો તેમજ સ્થાનિક અમલદારોનું બનેલું એક મંડળ સ્થાપવામાં આવે છે જે લોકલ એસોસિએશન (સ્થાનિક મંડળ) કહેવાય છે. અરાઢ વર્ષની

ઉપરનો કોઇ પણ માણસ આ મંડળનો સભાસદ થઇ શકે છે. તેણે તે એસોસિએશનના કાયદા કાનુનો સ્વીકારવા જોઇએ અને જે નક્કી થઇ હોય તે વાર્ષિક ફી આપવી જોઇએ.

આ મંડળનો હેતુ એટલોજ છે કે આ હિલચાલને ટેકો આપવા, તેને ચલાવવા, અને સ્કાઉટોને હરેક રીતે મદદ આપવા મોટેરાંઓ તૈયાર થાય અને એક જુમ્મેદારીવાળું મંડળ બને.

લાયકાત :—યુનિફોર્મ અને બેજ.

કબ્ઝ.

દાખલ થયાની તારીખ   પાસ થયાની તારીખ

દાખલ થતી વખતની જન્મ તા.

પોતે નીચે પ્રમાણે જાણે છે કે નહિ તે વિષે કબ માસ્ટરને સંતોષ આપવો:

૧. કબના નિયમો.

૨. કબ સૅલ્યુટ અને નિશાનીઓના અર્થ અને ઉપયોગ.

આ પછી તે કબ વચન લે છે અને ટેન્ડરપૅડ તરિકે દાખલ થાય છે અને કબ યુનિફોર્મ અને બૅજ પ્હેરી શકે છે.

યુનિફોર્મ.

ગળે રૂમાલ—પોતાના પૅક માટે જે રંગ રાખ્યો હોય તે રંગનો; ગળામાં તે રૂમાલ બાંધી છેડે બીજી ગાંઠ બાંધવી. એ બીજી ગાંઠ ‘ એક ભલું કામ હમેશ કરવું ’ એ યાદ રાખવા માટેની છે અને એ કામ કર્યું હોય તો તે દિવસે તે છુટે.

ગંજીફરાક—ભુરૂં, ખાખી, લીલું કે ભૂખરા રંગનું અથવા

કુડતું—સફેદ કે લીલું ટુંકી બાંયનું. ડાબી બાજુએ એક ગજવું જોઇએ.

ટુંકું પાટલૂન—ઘેરા ભૂરા રંગનું કે ખાખી.

પૅકમાં દરેક કબનું એક સરખા રંગનું જોઇએ.

ખભે પટી—સિક્સ (ટુકડી) માટે જે રંગ રાખ્યો હોય તે રંગની ત્રિકોણાકાર પટી કરી ડાબે ખભે બાંયને ઉપરથી સીવી લેવાની. ત્રિકોણની ટોચ ઉપર રહે.

ક્યાંનું પૅક છે તે ઓળખાવવા માટે પૅકના નામની પટી જમણે ખભે રાખવી.

ઈલાકો જણાવવા માટેની નિશાની—ડાબા ગજવા પર.

જોડા—કાળા કે બ્રાઉન, અથવા ચંપલ.

કૅપ (ટોપી)—લીલી-પીળી પટીવાળી.

મોજાં—કોઇ પણ રંગનાં લાંબા-ઘુંટણ નીચેથી થોડા વાળી નાખવા-એ વાળેલા ભાગમાંથી લીલી પટી બહાર દેખાતી રહે.

આ યુનિફૉર્મ સિવાય બીજું બહાર દેખાતું ન પ્હેરાય. કબને કામની કોઈ પણ ચીજ રાખી હોય તો તે બધાએ એક સરખી રાખવી.

કબબૅજ–કબ માસ્ટરના કહેવાથી એસોસિએ તરફથી આ બૅજ અપાય છે અને તે ડ ગજવા પર ભેરવવામાં આવે છે.

આ બૅજ, ગળે રૂમાલ અને ખભે પટી જ જરૂરના છે.

જ્યારે કબ પોતાની પૅક છોડી જાય ત્યારે ગળે રૂમાલ વગેરે બધી ચીજ પાછી અ જાય છે; પછી જો કબ માસ્ટરને તે કબ લ જણાય તો રાખવા પણ દે છે.

દર વરસે વચન ફરીથી લેવું પડે છે.

ટેન્ડર પૅક થયાની તારીખ:—

કબ માસ્ટરની સહી:—

એકતારક કબ

પાસ કર્યાની તાર

એક તારક કબ ગણાવા માટે નીચે પ્રમાણેનું જ્ઞાન હોવું જોઇએ:—

(૧) કબ તરીકેનો ત્રણ માસનો અનુભવ—

(૨) યુનિયન જૅકની રચના અને તે કેમ ઉડાડવો—

(૩) 'રીફ નૉટ' 'શીટ બૅન્ડ,' 'કલોવહિચ' અને 'ફીશરમૅન્સ નૉટ, એ ચાર ગ્રંથીઓ અને તેમના ઉપયોગ—પારસલ સારીરીતે અને સ્વચ્છતાથી બાંધતાં આવડતું હોવું જોઇએ—

(૪) ગુલાટ ખાતાં, પોતાના જેવડા બીજા છોક- રાની પીઠ પરથી કુદી જતાં આવડવું જોઇએ. દશ વારને અંતરે ઉભેલો છોકરો ૭ વખતમાંથી ચાર વખત ઝીલી શકે તે પ્રમાણે ડાબા

અને જમણા હાથથી દડો ફેંકતાં આવડવું જોઇએ અને તેટલાજ અંતરથી કોઇ દડો ફેંકે તે ૭ વખતમાં ચાર વખત ઝીલવો જોઇએ—

(૫) સ્કાઉટ કસરતના પ્હેલા બે દાવ તેમના હેતુ સાથે આવડવા જોઇએ—

(૬) નખ સાફ રાખવા જોઇએ અને બરાબર કાતરવા જોઇએ. વાળ અને દાંત સાફ રાખવા જોઇએ. તેના કારણો જાણવા જોઇએ. અને નાકેથી શ્વાસ લેવાની અગત્ય જાણવી જોઇએ—

આ તારક, કબ ઍજની

જમણી બાજુએ ફેરાય છે.

તારક મેળવ્યાની તારિખ-

કબ માસ્ટરની સહી:-

દ્વિતારક કબ

દ્વિતારક કબ માટે નીચેનું જ્ઞાન હોવું જોઇએ:—

(૧) કબ તરિકેનો છ માસનો અનુભવ.

(૨) સેમાફોર કે મોર્સના મૂળાક્ષર વાવટાથી આવડવા જોઇએ અને ચારમાંથી ત્રણ અક્ષર ખરા મોકલતાં તથા લેતાં આવડવા જોઇએ.

(૩) હોકાયંત્રના આઠ ખૂણા જાણવા જોઇએ

(૪) રાષ્ટ્રગીતની બે કડી ગાતાં આવડવી જોઇએ.

(૫) પોતાની કમાણીની પોતાની બચાવેલી ઓછામાં ઓછી ચાર આનાની રકમ જોઇએ.

(૬) લાકડાની, ધાતુની માટીની કે કાર્ડ બોર્ડની કોઇ પણ ચીજ અથવા ભરેલી કે ગુંથેલી કોઇ પણ ચીજ પોતાની કરેલી તૈયાર જોઇએ. અથવા વાવટા કે ફુલોના આઠ રંગીન ચિત્રો તૈયાર કરવા જોઇએ.

(૭) પોતાના કપડાં ધોતાં તથા સંકેલતાં, પોતાનાં બૂટ સાફ કરતાં, અગ્નિ સળગાવી ચેતાવતાં આવડવું જોઇએ. દોડીને કે સાઇકલ

ઉપર પંદર શબ્દોનો સંદેશો ભૂલ વિના લઈ જવો જોઇએ કાગળ, પાંદડા, કચરો વગેરે લઈ લઈ બગીચો કે આંગણું સાફ કરી શકવું જોઇએ.

(૮) સ્કાઉટની કસરતના પાંચે દાવ પોતે કરતાં જાણવું જોઇએ અને તેમના હેતુ જાણવા જોઇએ.

(૯) આંગળી કપાઈ ગઇ હોય કે શરીરનો કોઇ ભાગ દાઝી ગયો હોય તો તે ભાગને સાફ કરી તે પર પાટો બાંધતાં આવડવું જોઇએ. તે ભાગમાં કચરો ભરાય તો શું થાય તે પણ જાણવું જોઇએ.

આ બૅજ કબ બૅજની ડાબી બાજુ પ્હેરાય છે.

બૅજ મેળવ્યાની તારિખઃ—

કબ માસ્ટરની સહીઃ—

પ્રોફિશ્યન્સિ બૅજીઝ

કબ્ઝ નીચેના બૅજ મેળવી શકે.

	પરીક્ષકની સહી	મેળવ્યાની તારીખ
Collector કલેક્ટર		
Signaller સિગ્નલર		
Observer ઑબ્ઝર્વર		
Artist આર્ટિસ્ટ		
Weaver વીવર		
Wood worker વુડ વર્કર		
First-Aider ફર્સ્ટ એઈડર		
House orderly હાઉસ ઑર્ડર્લિ		
Guide ગાઇડ		

Athlete એથલીટ
Teamplayer ટીમપ્લેયર
Swimmer સ્વિમર

ઉપરના બૅજો કેવી રીતે મેળવવા તેની રીત "વુલ્ફ કબ્ઝ હૅન્ડબુક" નામની ચોપડીમાં આપે છે.

આ બૅજ જમણા હાથપર અને ખભાં ને કોણી વચ્ચેના ભાગપર રખાય છે.

અમલદારો અને તેમના યુનિફૉર્મ

કબ સેકન્ડ—

કબની ટુકડીનો નાયક જે સિકસર કહેવાય તે ન હોય ત્યારે તેને બદલે કામ કરી શકે તેવા એક કબને 'કબ સેકન્ડ' તરીકે કબ માસ્ટર નીમે છે.

તેનો યુનિફૉર્મ ટેન્ડર પૅડના જેવોજ હોય છે પણ ડાબા હાથની કોણીની પાંચ ઇંચ ઉંચેથી અર્ધો ઇંચ પ્હોળી પીળા રંગની પટ્ટી તેને પ્હેરવી પડે છે.

સિકસર

૭ કબની ટુકડી પર ધ્યાન રાખવા કબ માસ્ટર
ેક કબને નાયક તરિકે નીમે છે. તે સિકસર
હેવાય છે. તે સ્કાઉટ પણ હોઇ શકે અને પૅક-
ડર સિવાય બીજા કબોથી ચડીઆતો ગણાય છે.

તેનો યુનિફૉર્મ ટેન્ડરપૅડના જેવોજ હોય છે
ણ તેને ડાબા હાથે કોણીથી પાંચ ઇંચ ઉંચે
પીળી પટી લગાવવી પડે છે. પટી અર્ધો ઇંચ
ડાળી જોઇએ.

પૅકલીડર

આખી પૅકને માટે જરૂર લાગે તો એક સર-
ર નીમાય છે જે પૅકલીડર કહેવાય છે. તેનામાં
રદાર થવા લાયકના ગુણ હોવા જોઇએ. અને
ઝથી ચડીઆતો ગણાય છે. તે ડાબે હાથે
યુ પીળી પટી લગાવે છે. કોઈ સ્કાઉટ પણ
લીડર થઈ શકે.

આસિસ્ટન્ટ કબ માસ્ટર

તેનામાં કબ માસ્ટરના જેવીજ લાયકાત જોઇએ ઉમર નાની હોય તો ચાલે (અઢારની અંદર).

કબ માસ્ટરના જેવોજ યુનિફોર્મ તેને પ્હેરવાનો હોય છે. જે ડાબી બાજુના ગજવાના ઢાંકણના કાયની અંદર પ્હેરાય છે કે હૅટ પર પ્હેરાય છે.

કબ માસ્ટર

કબ માસ્ટરને હેડક્વાર્ટર્સ તરફથી એક વૉરન્ટ આપવામાં આવે છે અને તેની રૂએ તે અમુક પૅકના કબ માસ્ટર તરિકે કામ કરી શકે છે જ્યારે તે અમુક પૅકના કબ માસ્ટર તરિકે કામ કરતા અટકે ત્યારે તેને તે વૉરન્ટ પાછું આપવું પડે છે. તે પૅક રજીસ્ટર થયલું હોવું જોઇએ અને વૉરન્ટ પાછું હેડક્વાર્ટર્સને ઍસોસિએશન મારફત પ્હોંચાડવાનું હોય છે.

કબ માસ્ટર તરિકે કામ કરવા માટે નીચેની લાયકાત જોઇએ—

(૧) 'સ્કાઉટિંગ ફૉર બૉય્ઝ', 'ધ પેટ્રોલ સિસ્ટમ' 'ધ વુલ્ફ કબ્ઝ હૅન્ડ બુક' આ ત્રણ પુસ્તકોનું અને નિયમોનું જ્ઞાન હોવું જોઇએ.

(૨) કબ્ઝ અને સ્કાઉટ્સ તરિકે છોકરાઓને કેળવવામાં મૂળ હેતુ ધાર્મિક અને નૈતિક શું છે તે બરાબર જાણવા જોઇએ.

(૩) છોકરાઓ ઉપર સારી નૈતિક છાપ પાડી શકે એવી પ્રતિષ્ઠા અને એવા ગુણ હોવા જોઇએ. ઉત્સાહ અને ખંત રાખી કામ પાર પાડવા માટે કાર્ય કરવાની શક્તિ અને દઢતા જોઇએ.

(૪) અઢાર વર્ષ ઉપરની ઉમર જોઇએ.

(૫) કબ્ઝ મળી કામ કરી શકે એવી એક કલબ રૂમ મેળવવાની શક્તિ જોઇએ.

(૬) સ્કાઉટ માસ્ટર કે કબ માસ્ટર તરિકેની નક્કી કરેલી તાલિમ મેળવેલી હોવી જોઇએ. અથવા તો ફર્સ્ટ કલાસ સ્કાઉટ તરિકેનો ત્રણ માસનો અનુભવ જોઇએ. ચીફ સ્કાઉટ કમિશ્નર

ખાસ રજા આપે તો એ અનુભવ વગરનો માણસ પણ કબ માસ્ટર તરિકે કામ કરી શકે.

(૭) એક પૅક કે ટ્રુપ સાથેનો ત્રણ માસના કામનો અનુભવ જોઇએ.

કબ માસ્ટરો અને સ્કાઉટ માસ્ટરો લોકલ ઍસોસિએશન તરફથી નીમવામાં આવે છે અને તે નિમણુક માટે ડિસ્ટ્રિક્ટ સ્કાઉટ કમિશ્નરની મંજુરી જોઇએ પછી હેડક્વાર્ટર્સ તરફથી વૉરન્ટ અપાય છે.

યુનિફૉર્મ-યુનિફૉર્મમાં જોઇએ તે કરતાં વધારે સાધનો રાખવાં નકામાં છે તેમજ લશ્કરી યુનિફૉર્મ અને સાધનો પણ સ્કાઉટ માસ્ટરો કે કબ માસ્ટરો ન ધારણ કરી શકે.

કામ પર હોય ત્યારે કબ માસ્ટરે ખાખી ટુંકું પાટલુન, ખાખી ખમીસ, સ્કાઉટ પટો અને મોજાં અને જોડા, (કે ચંપલ), લીલી ટાઇ કે સ્કાર્ફ, જોઇએ તો હાથમાં જાડી લાકડી, વ્હિસલ

અને લૅનયાર્ડ, હૅટ કે ફેંટો, સ્કાઉટસને હોય તેવી ખભે પટી કે જેથી ટ્રુપ કે પૅક જાણી શકાય. સર્વિસ સ્ટારો અને સ્કાઉટ તરિકેના સાધનો પહેરવા જોઇએ.

કૅમ્પમાં કે રમત માટે ટુંકી બાંયનું ખમીસ, ટુંકું પાટલુન, હૅટ કે ફેંટો અને ગળે રૂમાલ એટલા સાધન બસ છે.

સ્કાઉટના અમલદારો કોટ કે લાંબું પાટલુન (બ્રીચીઝ) નજ પ્હેરી શકે.

કબ માસ્ટરનો બૅજ—લીલી જમીનપર રૂપાનો બૅજ ખમીસના ડાબી તરફના ગંજવાના કાસમાં રખાય છે. તે બૅજ હમેશ પ્હેરવો જોઇએ.

કબમાસ્ટરનીસહી તારીખ

કબ સેકન્ડ બન્યો:—

સિકસર થયો:—

પૅકલીડર થયો:—

આસિસ્ટન્ટ કબ માસ્ટર

રિકેનું વૉરન્ટ મળ્યું:—
મ માસ્ટર તરિકેનું વૉરન્ટ
ળ્યું:—

સ્કાઉટસ

ના સ્કાઉટ તરિકે જોડાયો:-
ડાયો ત્યારે ઉમ્મર:—
ન્ટર ફુટ
પોતે નીચે પ્રમાણે જાણે છે તે બાબતને
ાઉટ માસ્ટરને સંતોષ આપવો:—
(૧) સ્કાઉટના નિયમોના
ર્થ અને તેના ઉપયોગો:
૨) સ્કાઉટની નિશાનીઓ
ને સલામ અને તેમના
ર્થ અને ઉપયોગ:—
૩) યુનિયન જૅકની
ના અને તેને ઉસાડવાની

ખરી રીતઃ—

(૪) રીફ, શાટ એન્ડ, ફીશરમૅન, શીપ શૅન્ક, ક્લોવહિચ અને બોલિન ગ્રંથીઓ અને તેમના ઉપયોગઃ—

(૫) સ્કાઉટની લાકડીના ઉપયોગઃ—

(૬) સ્કાઉટનો ફેંટો ઝડપથી અને સફાઇદાર બાંધવોઃ—

આ લાયકાત મેળવ્યા પછી તેનું વચન લેવાનું હોય છે અને પછીજ તે ટેન્ડરફુટ બને છે અને સ્કાઉટ યુનિફૉર્મ તથા બૅજ પ્હેરી શકે છે.

યુનિફૉર્મ

૧. ગળે રૂમાલઃ—ટ્રુપ માટે નકકી કરેલા રંગનો ત્રિકોણ આકારનો ઓછામાં ઓછી ૩૦

ઇંચ લાંબી બે બાજુવાળો રૂમાલ ગળાની આસપાસ ટાઇર્નૉટથી ઝુલતો બંધાય છે અને નીચેના બે છેડાની બીજી ગાંઠ રખાય છે. આ બીજી ગાંઠ દરેક સ્કાઉટે એક ભલું કામ-ગુડ ટર્ન-હમેશ કરવાનું છે તેની યાદ આપે છે.

૨ શર્ટ–ખાખી, લીલા, ભૂરા કે રાખોડી રંગનું બે ગજવાવાળું તથા ખભે પટ્ટાવાળું, બટન ખાખી કે બ્રાઉન જોઇએ. સફેદ ન ચાલે.

૩ શૉર્ટ્સ–(ટુંકું પાટલુન)–ખાખી કે ભૂરું.

૪ હૅટ–સ્કાઉટ હૅટ–પ્હોળી કોરવાળી.

ફેંટો–લીલો, ખાખી, ગળી જેવા રંગનો કે બેરો કે સારીઆ રંગનો આખી ટ્રુપ માટે એક સરખો રંગ જોઇએ.

૫ પટો–ખાખી ગુંથેલો કે બ્રાઉન ચામડાનો; તેને સ્કાઉટ બકલ ભેરવવાની ચાંપ અને કડીઓ જોઇએ.

૬ સ્ટાફ—પાંચથી સાડાપાંચ ફુટ લાંબો સવા ઇંચ વ્યાસવાળો. ફુટ ને ઇંચના કાપાવાળો
૭ ખભેપટી—૭ ઇંચ લાંબી, પોણો ઇંચ પ્હોળા પેટ્રોલ માટે જે રંગ નક્કી થાય તે રંગની ડાબા ખભાપર પ્હેરાય.
૮ ખભાનો બૅજ—એક ઇંચ પ્હોળી પટ્ટી—ઉપર ટ્રુપનું નામ છાપેલું કે ભરેલું જમણા ખભાપર પ્હેરાય.

[ઇલાકાની નિશાની—હોય તો ડાબા ગજવાપર રખાય]

૯ વૉટર બૉટલ—જમણે ખભે ભેરવાય (રાખવી હોય તો).
૧૦ હૅવરસૅક—ખાખી કપડાની (રાખવી હોય તો).
૧૧ સ્કાઉટ ચપ્પુ—પટામાં કડીમાં ભેરવવાનો.
૧૨ લૅનયાર્ડ—દોરી—વ્હીસલ (કે ચપ્પુ) ભેરવવા માટે.
૧૩ દોરી—ગુંચળું—ત્રણવાર લાંબી અર્ધો ઇંચ

પરિશ્નવાળી ડાબી બાજુએ કડીમાં ભેરવવાની.

૧૪ સ્કાઉટ કુહાડી–ધરા સાથે પટામાં જમણી બાજુ રખાય.

૧૫ મોજાં–ગમે તે સાદા રંગના–ખાખી રંગના સારાં ઘુંટણ નીચેથી કોર વાળીને પહેરવાના. વળેલી કોરમાં ગાર્ટર રાખી તેમાંથી લીલા-રંગની પટી બહાર લટકતી દેખાય તેમ રાખવાની.

૧૬ હોલ બુટ કે જોડા (કે ચંપલ)–બ્રાઉન કે કાળા. ચંપલ હોય તો મોજાં ન જોઇએ.

આટલી ચીજો બહાર દેખાય એમ રહેવી જોઇએ. બીજી ચીજો સ્કાઉટ પોતાની પાસે રાખે તો તે બધી તેના હૅવરસૅકમાં રહેવી જોઇએ. ઉપરની ચીજોમાં પ્હેલી આઠ અને ૧૫ અને ૧૬ (અથવા એકલા ચંપલ) એ સ્કાઉટ યુનિફૉર્મમાં ખાસ જરૂરની ચીજો છે. એટલી તો દરેક સ્કાઉટ પાસે જોઇએજ; બાકીને માટે જેમ બને તેમ યુનિફૉર્મિટિ (એકતા) જળવાય તેમ સારૂં.

ગામડાઓમાં ખાસ કારણોને અંગે યુનિફૉર્મ ધીમે ધીમે દાખલ કરાય તો ચાલે પણ તે માટે લોકલ ઍસોસિએશનની ભલામણથી હેડકવાર્ટર્સની રજા મેળવી લેવી જોઇએ. અને તે વખતે પણ સ્ટાફ, ગળે રૂમાલ અને ખભેપટી એ ત્રણ ચીજો તો જોઇએજ. બીજો યુનિફૉર્મ ધીમે ધીમે વગે પડતાં કરાવી લેવો પણ તેમાં બધાનો સરખી રીતે સાથે તૈયાર થતો જાય તે સારૂં. પછી એક ફુલ યુનિફૉર્મમાં હોય અને બીજો અર્ધો યુનિફૉર્મ પ્હેરી આવે અને ત્રીજો ધોતીયાંભેર ઉભા રહે તે સારૂં ન દેખાય. બધા પાસે યુનિફૉર્મ ન હોય તો કોઇને ન પ્હેરવા દેવો.

સ્કાઉટ બૅજ

સ્કાઉટ માસ્ટરની ભલામણથી લોકલ ઍસો-સિએશન તરફથી આ બૅજ આપવામાં આવે છે. ઍસોસિએશન ન હોય તો હેડકવાર્ટર્સ તરફથી મળી શકે છે. ખમીસના ડાબા ગજવાના ક્રૉસમાં

તે બૅજ પહેરાય છે. સાદા ડ્રેસ પર પણ બૅજ પ્હેરી શકાય. હમેશ પાસે બૅજ રાખવો સારો. કોઇ સ્કાઉટ પેટ્રોલ લીડર થાય ત્યારે તેણે પોતાનો પિત્તળનો બૅજ પાછો આપી તે બદલે પેટ્રોલ લીડરનો સફેદ ધાતુનો બૅજ મેળવી લેવો.

સ્કાઉટને પણ ટ્રુપ છોડે ત્યારે બૅજ રાખવા કે પાછા આપવા સંબંધી કબને માટેના નિયમો લાગુ પડે છે.

ટેન્ડરફુટ બન્યાની તારીખ:—

સ્કાઉટ માસ્ટરની સહી:—

સેકન્ડ ક્લાસ સ્કાઉટ

લાયકાત:—

	પાસ કર્યાની તારિખ
(૧) ટેન્ડરફુટ તરિકે એક માસનો અનુભવ અને સ્કાઉટના નિયમો અને તેના ઉપયોગનું જ્ઞાન—	

(૨) રાષ્ટ્રગીત ગાવાનું કામ અને "God save the King" ની એક કડી ગાવાનું કામ—

(૩) તાત્કાલિક ઉપાયો માટે જરૂરનું થોડું જ્ઞાન:-

સાદા ઘા અથવા જખમ કે કાપ પર મલમ પટ્ટા કરવાનું કામ. ત્રિકોણાકાર પાટો અને હાથ પગ પર તેનો ઉપયોગ. હાથની ઝોળી બનાવવી. લોહી નીકળતું હોય અથવા પડતું હોય તેને અટકાવવું. ટુર્નિકેટ બનાવવાનું અને તેનો ઉપયોગ. હાથ કે પગનું હાડકું, જડબું કે હાંસડી

ભાંગી જાય તો તેનું શું કરવું. એકલા કે બીજાઓની સાથે મળી દરદીને કેવી રીતે લઇ જવો એ વગેરે જાણવું જોઇએ:—

(૪) સેમાફોર અથવા મોર્સની રીતે હરેક અક્ષર જાણવા અને તે પદ્ધતિથી ટુંકા સંદેશા મોકલી આપતાં જાણવા. ઝડપ જોવાની નહિ:

(૫) સામાન્ય ઉપયોગની કોઇ પણ વસ્તુ જાતે તૈયાર કરવી :-

(૬) કોઇ પણ ઝાડ કે છોડ રોપવો અને તેને ઉછેરવો:—

(૭) ઓછામાં ઓછી

સાડા અગીઆર મીનીટમાં અને વધારેમાં વધારે સાડા બાર મીનીટમાં એક માઇલ સ્કાઉટ ઝડપે જવું:—
(Scout's pace થોડા પગલા ચાલવા અને તેટલાજ પગલા દોડવા એમ વારા ફરતી કરતા ચાલ્યા જવું.)

(૮) વધારેમાં વધારે બેજ દિવાસળીની મદદથી ખુલ્લામાં અગ્નિ ચેતાવી સળગાવવો અને પોતાના જેટલી રસોઇ પકાવવી:—

(૯) એક મીનીટમાં ૨૪ જુદી જુદી ચીજો જોવી અને તે બે મીનીટમાં

લખી કાઢવી. ઓછામાં ઓછી ૧૬ ચીજ ખરી લખેલી જોઈએ. (Kim's game) અથવા ૨૫ મીનીટમાં અર્ધા માઇલ સુધી પગલાં પારખવા જવુ:—

(૧૦) હોકાયંત્રના સોળ ખુણા જાણવા અને ઓછા માં ઓછા બે તારા મંડળ-ની મદદથી ઉત્તર દિશા શોધી કાઢવી:—

(૧૧) પોતાની કમાણીના બચેલા પૈસામાંથી ઓછામાં ઓછા આઠ આના સેવિંગ બેંકમાં (સ્કાઉટની) મુકવા:

(૧૨) લાગલાગટ અથવા જુદી જુદી વખતે ત્રણ

દિવસ પુરા બહાર કૅમ્પીંગ
માટે જવું:—

સેકન્ડ કલાસનો બૅજ કપડાં પર ગુંથેલે આવે છે અને તે ડાબા હાથ પર ખભા નીચેથી ખમીસ પર સીવી લેવો. આની સાથે સ્કાઉટ બૅજ (પીત્તળનો-ટેન્ડર ફુટનો) તો પ્હેરવોજ.

બૅજ મેળવ્યાની તારીખ:-

સ્કાઉટ માસ્તરની સહી:—

ફર્સ્ટ કલાસ સ્કાઉટ:—

પ્હેલા વર્ગના સ્કાઉટ થવા માટે નીચેની બાબતોમાં સેકન્ડ કલાસ સ્કાઉટે પાસ થવું જોઇએ. તેની કસોટી ઍસોસિએશને નક્કી કરેલા લાયક પરીક્ષક પાસે આપવી જોઇએ.

પાસ કર્યાની તારીખ

(૧) પચ્ચાસ વાર તરી જવું.
(સ્કાઉટની તબીયતને માટે
તરવું સારું નથી એમ ડાકટર

ર્ટિફિકેટ લખી આપે
તેની પાસે ઍમ્બ્યુલન્સ
ફ્રેશ્યન્સિ બૅજ હોવો
ાએ)

એક મહિના સુધી અંગ
રતના ત્રણ દાવ કરવા
ાએ અને બારી ખુલ્લી
ો માથે ઓઢયા વિના
)

) ઓછામાં ઓછા દશ
ીતા છોડ, દશ ફુલઝાડ,
ઝાડ પારખવા અને
નામ જાણવા જોઇએ.
ામાં ઓછા છ પક્ષી-
ા અવાજ જાણવા
એ અને ઓછામાં
ા છ પ્રાણીઓના પગલાં

પારખવા જોઇએ:—

(૩) એક મીનીટમાં સેમા-ફોર પદ્ધતિથી ૨૦ અક્ષર અથવા મોર્સ પદ્ધતિથી ૧૬ અક્ષરનો સંદેશો મોકલવો જોઇએ:—

(આંકડાઓ અને બીજી નિશાનીઓ પણ જાણવી.)

(૪) પગે ચાલીને અથવા એકલા અથવા કોઇ બીજા એક સ્કાઉટની મદદથી હોડી હંકારી સાત માઇલ જવું અને બીજે રસ્તે થઈ પાછા ફરવું. રેલ્વે સિવાય કોઇ પણ વાહનનો ઉપયોગ કર્યો હોય તો પંદર માઇલ જઈ પાછા આવવું. એકાદ રાત્રિ

બહાર પસાર કરી હોય તો સારૂં:—

સ્કાઉટિંગમાં જરૂરના મુદ્દાઓ રસ્તે ચાલતાં તપાસ્યા છે કે કેમ તે જણાય એવી રીતનો રીપોર્ટ કરવો.

(૫) ઓછામાં ઓછા ૭ જુદા જુદા પ્રસંગે સ્કાઉટ માસ્તરને અંતર, ક્ષેત્રફળ, કદ, સંખ્યા ઉંચાઈ અને વજન માપવામાં સંતોષ આપવો:—

૨૫ ટકા જેટલી ભૂલ ચાલવા દેવામાં આવે.

(૬) પરીક્ષક કહે તે પ્રમાણે નીચે આપેલા કોઈ પણ અકસ્માત વખતે તાત્કાલિક

મદદના શા ઉપાય લેવા તે જણાવવું:—

આગ લાગવી; ગાડી બઇને ઘોડાનું દોડીજવું; માણસનું ડુબી જવું; ગટરમાંની ઝેરી હવા લાગવી; બરફ તુટી માણસનું ગરક થઇ જવું; વીજળીનો આચકો લાગવો; લૂ લાગવી અને મૂર્છિત થવું; સાપ, જીવડાં કે કુતરાનું કરડવું; હાડકું ભાંગી જવું; લોહી વ્હેવું; જખમ પર પાટા બાંધવા; ડુબી ગયલા જણાતા માણસને જાગૃત કરવો.

(૭) ખુલ્લામાં કૅમ્પ ફાયર પરં સંતોષ કારક રીતે રસોઈ પકવવી.

(૮) નકશાની ખાસ નિશાનીઓ વાંચવી અને સમજી શકાય તેવો નકશો ચીતરવો. સૂર્યની ગતિથી, છાંયડો કે તારા મંડળના મદદથી હોકાયંત્ર વગર ઉત્તર દિશા શોધી કાઢવીઃ-

(૯) ઓછામાં ઓછા સાત દિવસ (તેમાં ત્રણ દિવસ લગલાગટ) કૅમ્પીંગ પર જવું. એક માણુસ સુઇ શકે તેવું મ્હોટું ઝુંપડું બનાવવું અને તે પર છાપરૂં બનાવવું. (છાપરા માટે બનાવેલી ચીજો ન વાપરવી—રહેલાઇથી મળે તેવી ચીજોથી બનાવવું.)

(૧૦) અડધા કલાકમાં અડધા માઇલનો રસ્તો નિશાનીઓ જોઇએ કે પગલાં કે બીજી ચીજો જોઇ કાપવો

(૧૧) પોતાના તાલુકા માંની રેલ્વેઓ, રસ્તાઓ નદીઓ, ન્હેરો, કયાંથી વહે છે અને કયાં મળે છે તે જ્ઞાન સાથે જાત્રાના સ્થળો અને વખત વગેરેની માહિતી જોઇએ. નજીકના સ્ટેશનપર ચાલતી ટ્રેનોના આવવા જવાના વખત જાણવા જોઇએ. મુસાફરો માટે સગવડતા કયાં થઇ શકે તેવી જગ્યાઓ અને પાસેમાં પાસે ડોકટર કે દવા

ખાનું ક્યાં મળે તે જાણવું જોઇએ.

(૧૨) સાધારણ કદના ઝાડ કે લાકડાં કાપવા અને કુહાડીનો ઉપયોગ જાણવો અથવા સુતારી કે લુહારી કામનો કોઈ પણ સંતોષ-કારક નમુનો બનાવવો.

(૧૩) ટેન્ડરફુટ બૅજ માટે કોઇ પણ નવા છોક-રાને તૈયાર કરવો.

(જો નવાની જરૂર ન હોય તો મોકુફ રાખી શકાય પણ મહિનામાં તૈયાર કરી આપવોજ જોઇએ. નહિ તો ફર્સ્ટ ક્લાસ બૅજ પાછો આપી દેવો.)

સ્કાઉટ માસ્તરના તથા પરીક્ષકોના કહેવાથી સ્કાઉટને ઉપલો બૅજ મળી શકે છે. તે ખભાને કોણીની વચમાં ડાબા હાથ પર સેકન્ડ કલાસ બૅજની જગ્યાએ પહેરાય છે.

બૅજ મેળવ્યાની તારીખઃ-

સ્કાઉટ માસ્તરની સહીઃ-

પરીક્ષકોની સહીઃ-

ખાસ કરી ત્રીજી, છઠ્ઠી અને આઠમી લાયકાત માટે પરીક્ષકો નીમવા જોઇએ.

King's Scouts.

કિંગ્ઝ સ્કાઉટ

ફર્સ્ટ કલાસ સ્કાઉટ હોવો જોઇએ અને નીચેના બૅજમાંના ચાર મેળવેલા હોવા જોઇએ. જેમાં

પાથ ફાઇન્ડર અથવા પબ્લિક હેલ્થમૅન એમાંથી એક બૅજ અવશ્ય જોઇએ. બાકીના ત્રણ નીચે-માંથી જોઇએ:

	પરીક્ષકની સહી.	પાસ કર્યાની તારિખ
ઍમ્બ્યુલન્સ		
ફાયરમૅન		
સાઇકિલસ્ટ		
માર્કસ્મૅન		
રેસ્કયુઅર		
સિગ્નલર		
હૅન્ડિમૅન		
હેલ્પર		
ઈન્ટરપ્રિટર		

આના બૅજ તરિકે કપડાપર ગુંથેલો કાઉન છે. તે ડાબા હાથપર ફર્સ્ટ કલાસ બૅજની ઉપર પહેરાય છે અને તેની આસપાસ તે માટે પાસ કરેલા બૅજીઝ પહેરાય છે.

કિંગ્ઝ સ્કાઉટ બૅજ મેળ-
વ્યાની તારિખઃ—

સ્કાઉટ માસ્તરની સહીઃ—

પ્રોફિશ્યન્સિ બૅજીઝ–નિપુણતા બૅજ.

આ બૅજીઝ માટેની અરજી સ્કાઉટ માસ્તરો મારફત ઍસોસિએશનના સેક્રેટરી પર જવી જોઇએ અને સેક્રેટરી તે વિષે પ્રૉવિન્શ્યલ કાઉન્સિલના સેક્રેટરી પર અરજી કરશે.

સેકન્ડ ક્લાસ કે ફર્સ્ટ ક્લાસ સ્કાઉટ હોય તેજ આ બૅજ મેળવી શકે (ચાર બૅજ મેળવ્યા પછી બીજા વધારે બૅજ ફર્સ્ટ ક્લાસ સ્કાઉટ થયા પછીજ મેળવાય)

ઍસોસિએશને નક્કી કરેલા ઓછામાં ઓછા એક સ્વતંત્ર અને જાણકાર પરીક્ષક પાસે બૅજ ધારણ કરવાની લાયકાત માટેની કસોટી કરાવવી પડશે. કિંગ્ઝ સ્કાઉટ માટેના બૅજીઝની કસોટી

દર સાલ આપવી પડશે જો આ સરતો પ્રમાણે ન ચલાય તો બૅજીઝ પાછા આપવા પડશે

આ નિપુણતા બૅજીઝ નીચે પ્રમાણે છે. કિંગ્ઝ સ્કાઉટ માટેના બૅજીઝ માટે * નિશાની કરેલી છે.

બૅજ	પરીક્ષકની સહી	પાસ કર્યાની તારીખ
*Ambulance man.		
Airman		
Artist		
Athlete		
Basket worker		
Bee farmer		
Blacksmith		
Boatman		
Book-binder		
Bugler		
Camper		
Carpenter		
Clerk		

બૅજ	સહી	તારીખ
Cook		
*Cyclist		
Dairyman		
Electrician		
Engineer		
Entertainer		
Farmer		
*Fireman		
Friend to animals		
Gardener		
Gymnast		
Handyman		
Healthyman		
*Helper		
Herbalist		
Horseman		
*Interpreter		
Laundryman		

બૅજ	સહી	તારીખ
Leather worker		
*Marksman		
Mason		
Master-at-arms		
Metal worker		
Miner		
Missioner		
Musician		
Naturalist		
*Pathfinder		
Photographer		
Pilot		
Pioneer		
Piper		
Plumber		
Potter		
Poultry farmer		
Printer		

બૅજ	સહી	તારીખ
Prospector		
*Public health man		
Rescuer		
Sea fisherman		
*Signaller		
Silversmith		
Sportsman		
Stalker		
Starman		
Surveyor		
Swimmer		
Tailor		
Telegraphist		
Timber worker		
Thriftyman		
Watchman		
Weaver		
Weatherman		
Woodman		

પ્રશંસાપાત્ર સેવા માટેના બૅજીઝ.

૧ ઑલ રાઉન્ડ કૉર્ડઝ-નીચેની લાયકાતવાળા સ્કાઉટ જમણે ખભે આ કૉર્ડઝ ભેરવી શકે.

ઑલ રાઉન્ડ કૉર્ડઝના ત્રણ દરજ્જા છે:—

(अ) ૭ પ્રૉફિશયન્સિ બૅજીઝવાળા માટે-ફક્ત ફર્સ્ટ કલાસ સ્કાઉટજ પહેરી શકે.

(ब) બાર બૅજવાળા માટે—કિંગ્ઝ સ્કાઉટજ પહેરી શકે.

(क) અઢાર બૅજવાળા માટે—કિંગ્ઝ સ્કાઉટજ પહેરી શકે.

૨ સર્વિસ બૅજીઝ

(अ) એક વર્ષના નિયમિત કામ માટે દર વર્ષ દીઠ એક સફેદ તારક કબ્ઝ, સ્કાઉટ્સ, સીનીઅર સ્કાઉટસ અને અમલદારો ડાબા ગજવાપર ભરાવી શકે. કોઈ કબ કે સ્કાઉટ તે તારક માટે લાયક છે કે નહિ તેની શંકા લાગે તો તે માટે કબ

માસ્તર કે સ્કાઉટ માસ્તર નક્કી કરે તો અપાય.

(બ) પાંચ વર્ષના તારકોને બદલે એક " પંચ વર્ષીય તારક " લટકાવી શકાય.

ઉપર કહેલા બૅજીઝ સિવાયના બીજી કોઇપણ જાતના બૅજીઝ કે કૉર્ડઝ કે ચાંદ, યુનિફૉર્મ પર ન પહેરાય. કિંગ્ઝ મેડલો, ઑર્ડરો કે વૉર મેડલો મેળવ્યા હોય તો તે પહેરી શકાય.

દરજ્જાવાળા અમલદારો

પેટ્રોલ સેકન્ડ

પેટ્રોલ લીડર ન હોય ત્યારે તેનું કામ કરવા અથવા તો તેને કામમાં મદદ કરવા-લીડર પોતેજ પોતાની પેટ્રોલના એક સ્કાઉટને પોતાના મદદનીશ તરીકે લે છે તેને પેટ્રોલ સેકન્ડ કહેવાય છે પેટ્રોલ સેકન્ડ ડાબા ગજવા પર ત્રણ ઇંચ લાંબી અર્ધો ઇંચ પ્હોળી એક સફેદ પટી પહેરે છે.

પેટ્રોલ લીડર

કોર્ટ ઑફ ઑનરની સંમતિથી કે પેટ્રોલની

પસંદગીથી પેટ્રોલનો સરદાર નક્કી થાય છે. તે બધા સ્કાઉટોથી ઉંચા દરજ્જાનો ગણાય છે. તેની લાયકાત નીચે પ્રમાણેની હોવી જોઇએઃ—

(અ) તે ફર્સ્ટ ક્લાસ હોવો જોઇએ.

(બ) પોતાની પેટ્રોલને ડ્રિલ, અંગકસરત, ટેન્ડરફુટ અને સેકન્ડ ક્લાસની કસોટીઓ કરાવતાં આવડવું જોઇએ.

સ્કાઉટના યુનિફૉર્મના ડાબા ગજવા પર ત્રણ ઇંચ લાંબી અર્ધો ઇંચ પહોળી બે પટ્ટીઓ (સફેદ) પહેરે છે. ટેન્ડરફુટ બૅજને બદલે સફેદ ધાતુનો બૅજ (ટ્રેફૉઇલ) પહેરવાનો હોય છે.

જો ઉપલી લાયકાતવાળો એક પણ સ્કાઉટ ન હોય તો તરતને માટે કોઇ ચાલાક સ્કાઉટને લીડર તરિકે નીમી શકાય છે. લીડર તરિકે લાયકાત મેળવ્યા પછી સફેદ બૅજ મેળવાય છે. અને તે વખતે પિત્તળનો બૅજ પાછો આપવો પડે છે.

સીનીઅર પેટ્રોલ લીડર અથવા ટ્રુપલીડર

ટ્રુપની દેખરેખ રાખવા સ્કાઉટ માસ્તર એક સીનીઅર પેટ્રોલ લીડર નીમી શકે છે. તેની લાયકાત નીચે પ્રમાણે જોઇએ:—

(अ) "સ્કાઉટિંગ ફૉર બૉય્ઝ" અને "ધ પેટ્રોલ સિસ્ટમ" એ બે પુસ્તકોનું જ્ઞાન જોઇએ.

(ब) ટ્રુપ ચલાવવાની શક્તિ અને સ્કાઉટને ફર્સ્ટ ક્લાસ સ્કાઉટ બનાવવાની શક્તિ જોઇએ.

(क) પુરેપુરી લાયકાતવાળા પેટ્રોલ લીડર તરિકે ૭ માસનો અનુભવ જોઇએ.

યુનિફૉર્મ પર ડાબા ગજવા પર ત્રણ ઇંચ લાંબી અર્ધો ઇંચ પ્હોળી ત્રણ પટી આ લીડરે પહેરવાની હોય છે.

આસિસ્ટન્ટ સ્કાઉટ માસ્તર

કબ માસ્તરના જેવીજ લાયકાત આસિસ્ટન્ટ સ્કાઉટ માસ્તરની જોઇએ. સ્કાઉટને મળે છે તેમ તેમને પણ વૉરન્ટ મળે છે.

સ્કાઉટના જેવાજ યુનિફોર્મ અને બૅજ જોઇએ. પણ બૅજ પર જમીન રાતી હોય છે. અને ખભે પટી રાતી હોય છે.

સ્કાઉટ માસ્તર

કબ માસ્તરના જેવીજ લાયકાત જોઇએ ઉમર ૨૦ વર્ષથી ઉપર જોઇએ. તેના બૅજની જમીન લીલી હોય છે અને સફેદ ખભે પટી હોય છે.

ધી ગ્રૅન્ડ હાઉલ—બુલ્ડ કબની.

દરેક કબને આ હાઉલ (બૂમ) જાણવી જરૂરની છે. સઘળા કબને આ હાઉલ સાથે બોલવા માટે નીચેની રીત છે:—

કબ્ઝને ઘોડાની નાળ જેવા આકારમાં ગોઠવી વરૂની જેમ બન્તે હાથ ઉભા સીધા મ્હોં આગળ જમીન પર રાખી ઉભડા બેસાડી સામે ઉઘાડી જગ્યા રહે તેમાં કબ માસ્ટરે બેસી આ હાઉલ બોલાવવી. બેસતી વખત દરેકના આંગળાજ જમીને અડકે અને માથું ઉંચું રાખે.

પછી માસ્તરની સાથે બધા કબ એકી વખતે બોલે.

કબ માસ્તર અકેલા (Akela) કહેવાય છે અને આ હાઉલથી દરેક કબ અકેલાને વચન આપે છે. પ્હેલી લીટી જેમ બને તેમ લંબાવીને બોલવાની છે.

"અ......કે......લા,..., વી'...લ...ડૂ... ...આ......વ......ર...બેસ્ટ. (અર્થ-હે અકેલા અમારી ફરજ બજાવવા' અમારાથી બનતું કરશું)

'બેસ્ટ' કહેતાંની સાથેજ કુદકો મારી ઉભા થઇ રહી એલર્ટ રહી બન્ને હાથે કબ સેલ્યુટ આપે છે.

પછી અકેલા કહે છે-ડિબ, ડિબ, ડિબ, ડિબ. (અર્થ: DYB=do your best. તમારાથી બનતું કરો)

છેલ્લા 'ડિબ' બોલતાની સાથેજ બધાજ ડાબો હાથ મૂકી દે છે. જમણા હાથની સલામ રાખી

મુકે છે અને જવાબ આપે છે. વી'......લ ડૉબ, ડૉબ, ડૉબ, ડૉબ.

(અર્થ- We'll DOB=we will do our best. અમે અમારાથી બનતું કરશું.).

છેલ્લા 'ડૉબ' કહેતાની સાથેજ જમણો હાથ પણ મૂકી દેવો અને અક્કડ ઉભા રહેવું. થોડી-વાર તે પ્રમાણે ઉભા રહી પછી બીજું કામ કરવા માંડે.

ધી કબ સૅલ્યુટ—કબની સલામ

કબ હંમેશાં બે આંગળીથી સલામ કરે. અંગુઠા પાસેની બે આંગળી જરાં પ્હોળી રાખી અંગુઠા પાસેની આંગળી લમણે • અથવા ટોપીની કોરે લગાડવી. અંગુઠો અને બીજી બે આંગળી વળેલી રાખવી.

ધી સ્કાઉટ સૅલ્યુટ—સ્કાઉટની સલામ

સ્કાઉટ હંમેશાં ત્રણ આંગળી સીધી રાખી સલામ કરે છે. નાની આંગળી અને અંગુઠો

વળેલાં રાખે. નાની આંગળીનો નખ અને અંગુઠાનો નખ એકબીજાને અડકે. આંગળીઓ લમણે લાગે અથવા હૅટની કોરણને લાગે તેવી રીતે સલામ ભરવી.

ઝુકની બે આંગળી અને સ્કાઉટની ત્રણ આંગળી એ તેમના એક ત્રણ વચન લેવાના છે-તે સંખ્યા બતાવે છે અને વળેલા આંગળા એક બીજાને અડકેલા રાખવા તે દરેક સ્કાઉટ બંધુનું બંધુત્વ દેખાડે છે.

ફુલ હાફ સૅલ્યુટ

ખાસ વચન લેવાની ક્રિયા વખતે દરેક સ્કાઉટે આ સલામ આપવી પડે છે. આ સલામ ભરેલી રાખીનેજ વચન લેવાનુ હોય છે. આ સલામ વખતે લમણે હાથ ન લગાડતાં હાથની કોણી કમર પાસે આખો હાથ શરીરની સાથેજ રહે એમ રાખી આંગળા ખંભા પાસે રાખી સ્કાઉટ સૅલ્યુટ આપવી.

The Investiture Ceremony.

કબ અથવા સ્કાઉટનું વચન લેવાની ક્રિયા.

કોઇ પણ સ્કાઉટિંગમાં જોડાય અને એક મહિનની તાલિમ લે એટલે કે ટેન્ડરફુટ કે ટેન્ડરપૅડ થવાને લાયક બને એટલે આ ક્રિયા કરી તેની પાસે વચન લેવડાવી તેને તેનો બૅજ આપવામાં આવે છે અને તે ખરો સ્કાઉટ કે કબ બને છે. આ ક્રિયા નીચે પ્રમાણે છે:–

બધા સ્કાઉટોને ઘોડાની નાળ જેવા આકારમાં ઊભા રખાયછે. અને આગળના ભાગમાં પહેલા અને છેલ્લા સ્કાઉટની લીટીમાં વચમાં યુનિયન જૅક રાખવામાં આવે છે. તે યુનિયન જૅક આગળ આ ક્રિયા કરનાર, સ્કાઉટ માસ્તર, આસિસ્ટન્ટ સ્કાઉટ માસ્તર ઉભા રહે છે, ક્રિયા કરનાર સ્કાઉટમાસ્તર પોતે હોય; પણ સાધારણ રીતે બહારના કોઈ સ્કાઉટ અમલદારને હાથે આ ક્રિયા થાય તો સારૂં. નવો સ્કાઉટ તે ક્રિયા કરનારની સામે તેના પેટ્રોલ લીડરથી લવાય છે

અને બન્ને સલામ ભરીને અક્કડ ઉભા રહે છે. પછી નવા થનાર સ્કાઉટની સાથે નીચેના સવાલ જવાબ થાય છે.

(આસિસ્ટન્ટ સ્કાઉટ માસ્તર તે સ્કાઉટના સ્ટાફ અને હૅટ પોતાની પાસે લઇ રાખે છે.)

ક્રિયા કરનારઃ–તમે સ્કાઉટ બનવા તૈયાર છો?

સ્કાઉટ–હા જી.

સવાલ–સ્કાઉટ વચન લેવા તૈયાર છો !

જવાબ-હા જી.

સવાલ–સ્કાઉટનું સ્વમાન (Scout's Honour) શું છે તે તમે જાણો છો ?

જવાબ–હા જી, બીજાનો ભરોસો મેળવી શકું એવું વર્તન રાખવાની મારી ઈશ્વર અને મનુષ્ય પ્રત્યેની પવિત્ર લાગણી એ મારૂં સ્વમાન છે.

સવાલઃ–સ્કાઉટ નિયમો તમે જાણો છો ?

જવાબઃ–હા જી.

સવાલઃ–પરમેશ્વર, રાજા અને દેશ પ્રત્યેની તમારી ફરજ બજાવવા, હર વખતે બીજાઓને મદદ કરવા અને સ્કાઉટ નિયમો પાળવા તમારાથી બનતું કરશો એમ તમારા સ્વમાન તમારા પર ભરોસો રાખી શકું ?

સ્કાઉટઃ–(હાફ સૅલ્યુટ કરી, આખી ટ્રુપ પણ તે વખતે હાફ સૅલ્યુટ આપે છે) પરમેશ્વર, રાજા અને દેશ પ્રત્યેની મારી ફરજ બજાવવા, હરં વખતે બીજાઓને મદદ કરવા અને સ્કાઉટ નિયમો પાળવા મારાથી બનતું કરીશ એમ હું મારા સ્વમાનથી વચન આપું છું.

(બધા હાફ સૅલ્યુટ મુકી દે છે.)

ક્રિયા કરનાર–તમારા સ્વમાનથી આ વચન પાળશો એમ ભરોસો છે. આજથી

તમે સ્કાઉટ બંધુ મંડળમાં જોડાયા છો, અને તેમાંના એક થયા છો
(ક્રિયા કરનાર તેને બૅજ આપે છે.)

આસિસ્ટન્ટ સ્કાઉટ માસ્તર તે સ્કાઉટના હૅટ અને સ્ટાફ પાછા આપે છે અને તેની સાથે ડાબો હાથ મિલાવે છે અને મંડળમાં જોડાવ માટે તેને મુબારકબાદી આપે છે.

નવો સ્કાઉટ ફરી જઇ પોતાની ટ્રુપને સલામ ભરે છે. આખી ટ્રુપ સલામ પાછી વાળે છે. પછી સ્કાઉટ માસ્તર તેને પોતાની પેટ્રોલમાં જવા હુકમ આપે છે. પેટ્રોલ લીડર તેને પોતાની પેટ્રોલમાં લઇ જાય છે. તે વખતે 'શોલ્ડર સ્ટેન્હેઝ' કરવાની હોય છે.

ROVER SCOUTS.

"SERVICE."

General object.

The general object of the Rover Scout scheme is to retain in the Brotherhood our older boys as they develop into young men and to continue advanced training in the principles and practice of citizenship so as to prepare them to take up the responsible duties of manhood, and of leadership in the Scout Organization—first in their own troops and then outside. A Rover Patrol should be the training ground for assistant scout-masters and instructors.

Rover age.

The usual age at which a yout

may be admitted as a Rover Scout is seventeen, but, in view of the fact that boys are often old or young for their age, discretion is left to the Scout-master in individual cases. It is only in quite exceptional cases that any one under seventeen can be admitted.

Prospective members.

The scout master must be able to deal with two kinds of young men:—

(1) Those who have already been scouts, the object being to retain them as members of the troop by furnishing them with opportunities of more advanced training in Rover Patrols with fellows of their own age.

(2) Those who have not been Scouts.

In these cases two points require special care.

In view of their lack of previous scout training special attention must be paid to the Scout Law and Promise and Spirit of Service.

They should only be admitted into the Rover Patrols with discretion so as to avoid any danger of Scouting ideals being lost and of the Rover Section of the Troop tending to become a mere Social Club.

iform.

he uniform is the well-known orm of a scout—shirt, shorts and ıt hat, with special badges as ›ws:—A bar with R. S. there on n in front of hat on the strap.

Green shoulder strap worked with the letters R. S. and the scout badge. Shoulder knot, of red, green and yellow, six inches long. There is also a button hole badge to be worn in mufti on white metal with the letters R. S. superimposed.

Badges.

In addition to the badges of rank there are a few special badges which Rover Scouts can work for.

Before being enrolled as a Rover the candidate must satisfy his scout master that he knows :—

(a) The Scout Law;

(b) Signs and Salutes;

(c) Six knots as for Scout Tender foot Test;

d) The right way to fly the Union

Jack and what it stands for, and the underlying principles of the British Commonwealth;

(e) First Aid as for second class Scout;

(f) How to lay and light a fire and cook a single meal;

(g) The use of a compass and how to read a map;

(h) How to look after his own health in matters of cleanliness, fresh air, food and clothing.

(i) The danger of excessive use of tobacco and alcohol and the importance of continence.

It is most important that the interpretation of the Scout Law should be that of the young man.

He will then be enrolled as a Rover Scout, making the Scout Promise. In

the case of those who have already been scouts this is not obligatory, but an Enrolment Ceremony is desirable and the Scout Promise should then be reaffirmed. He is then entitled to wear Rover Scout uniform.

A Rover Scout may remain as patrol leader in his troop if desired by the scout master.

First Class Rover Scout

The badge for this is one which any Rover can be proud of wearing because it covers such a variety of subjects and the standard is high.

Before being awarded the badge, the Rover Scout must pass the following tests to the satisfaction of a qualified and independent examiner appointed by the Local Association:-

(a) Swim 200 yards; or produce Doctor's certificate to the effect that this is dangerous to his health and hold the Rambler's badge.

(b) Journey, hike, back-packing, 20 miles, taking two days and sleeping out one night in improvised shelter, or tent carried in his pack. Make a detailed journey report on approved lines with sketch map of routes taken.

(c) Pass the standard for 'First Aid as defined in the St. John's or the St. Andrew's handbook.

(b) Pass The Camper's badge.

(e) Judge distance, area, size, numbers, height and weight as in the first-class scout test.

(f) Thrift--knowledge of management of personal finance, savings bank

investments and national economy.

(g) Understand the principle of Local Government and the administration of Justice.

(h) Service for others—possess the Rover Instructor's Badge and have made use of it by instructing others for a period of not less than six months.

(i) Nature lore—in one of the following:—Astronomy—knowledge of the stars; Bacteriology—germ study; Botany—knowledge of plants; Zoology—knowledge of animals; Biology—knowledge of origin and life of living things; Geology—knowledge of rock history, etc; Chemistry or Electricity.

(j) Have had 12 months' service as a Rover Scout. Badge as for First

class Scout, but with red border.

Rover King's Scout.

The Rover King's Scout Badge is distinguished from the King's Scout Badge by a red border. The badge is worn on the left arm above the elbow without any qualifying badges.

Rover Second.

A Rover Second is selected by the Rover Mate to be his assistant and to take charge when he himself is away.

Uniform as for Rover Scout with single vertical red braid stripe, 3 inches long, ½ inch wide, worn on eight side of pleat of left shirt pocket.

Rover Mate.

A Rover Mate is elected by the

Patrol with the approval of the Scout-master.

Uniform as for Rover Scouts with two vertical red braid stripes, 3 ins. long, ½ in. wide, worn on either side of pleat of left pocket of shirt.

Badge.—The Patrol Leader's Hat Badge is worn by the Mate but with R. S. bar.

Senior Rover Mate.

When there are more than two Rover Scout Patrols in a troop, they may appoint a Senior Rover Mate, with the approval of the Scout master.

Uniform as for Rover Mate with three vertical red braid stripes, 3 ins. long, ½ in. wide, worn on left pocket of shirt.

The presentation of a Rover Scout;-

This ceremony, drawn up by the Chief Scout, is issued as a suggestion for Rovers who have not yet instituted any ceremony of initiation for joining the Rover Section of the Troop.

The ceremony is divided into two parts—" The Vigil " and " The Investiture."

Before the presentation the Scout master hands the list of questions contained in " The Vigil" to the prospective Rover. This should preferably be some days before the investiturer He is asked to go apart by himself and quietly read through the questions and honestly try his best to answe

them. This could perhaps be done to greatest advantage in a quiet spot out in the country, preferably with a good view but may be done in the Rover Den or in his own home.

The Scout master will see the prospective Rover after the Vigil and ask him if he has any questions he wants to ask, and if thoroughly understanding the aim and ideals of the Rover Section of the Scout movement he wishes to present himself for membership.

If necessary the candidate should be given further time for consideration of the questions. No one should feel forced to take or re-affirm the Scout Promise which should be considered in the light of a purely voluntary act.

ced to take or re-affirm the Scout promise which shculd be considered in the light af a purely voluntary act.

The ceremony is intended to apply, both to those who have not previously been Scouts and to those who come up from the Scout section, for in each case they should be fully aware of the step they are taking.

The Investiture.

All the Rovers being assembled, the candidate will be brought before the scoutmaster.

Scouter—Have you come with a desire to be admitted to the worldwide brotherhood of scouts as a Rover ?

Candidate—I have.

Scouter—You may have been weak and foolish, but are now determined to do your best to lead a clean life, to be honourable, truthful and straight in all your dealings; clean in what you think about, clean in all that you do, clean in what you say. You have carefully thought what you are doing with your life?

Candidate—I have.

Scouter—You understand what is meant by Service. That it means that you will be at all times goodnatured towards all other people, and will do your best to help them, even though it may not always be

convenient or pleasant or safe for you, and that you will expect no reward for so doing?

Candidate—I do.

Scouter—You understand that by becoming a Rover Scout you are joining a brotherhood in which we want to help you to carry out your ideals, and in which we ask you to obey our Rules and carry out our aim of Service for others ?

Candidate—I do.

Scouter—Understanding these things I ask you to make the Scout Promise, bearing in mind that you are expected to interpret it from a man's point of view ?

Candidate—(at half salute—troop at half salute) On my honour I promise that I will do my best:
To do my duty to God, king and country;
To help other people at all times;
To obey the Scout Law.

Scouter—I trust you on your honour to do your best to keep your promise.

The scouter then shakes hands with the new Rover Scout and presents him with his badges.

(The words should be suitably altered when an old scout is presenting himself).

The Vigil.

Read each point carefully twice and think it over in your mind for at least a full minute, better two or three, before going on to the next.

1. As one grows older time passes more quickly. Comparatively speaking, life only lasts for a short time and is soon over. Indeed it may end to-morrow; even this night I may be dead.

2. Am I, meantime, making the best use of the life that God has given me?

3. Am I frittering it away, in doing nothing that counts, that is wasting it?

4. Am I working at things that are not doing good to anybody?

5. Am I seeking too much my own enjoyment or money-making or pro-

motion, without trying to help other people ?

6. Whom have I helped in my life ?

7. Whom have I injured or hurt in my life ?

8. I get no pay or reward for doing service, but that makes me a free man in doing it. I am not working for an employer, but for God and my own conscience. This means that I am a man.

9. Happiness cannot be bought with money, but it can be earned, even by the very poorest.

10. I have to make my living somehow, but I can do my "service" in my spare time. What kind of service should I do ?

11. The Rover Scout movement is described as a "brotherhood of service,"

so if I join it I shall get the opportunity of doing service in many ways that would not have been open to me otherwise. If I join am I doing so only for the fun I shall get out of it, or for the service that I can put into it.

12. In order to join it, I shall have to chuck any bad habits that I may have got into as a boy.

13. What are my bad points?

14. Am I absolutely honourable, truthful and trustworthy?

15. Am I loyal to God, king, my country, my employers, those under me, my friends and myself?

16. Am I good-tempered, cheery and kindly to others.

17. Am I sober and clean living and clean speaking?

18. Have I pluck and patience to stick it out when things go against me ?

19. Have I a mind of my own or do I allow myself to be carried away by the persuasion of others ?

20. Am I strong-minded enough to keep off temptation:—

To drink,

To harm a girl or woman ?

21. Do I really think for others, rather than for myself, in my plans or undertakings ?

22. If I am weak in some of these things, do I resolve here and now to do my best to correct them and chuck them up ?

So that I can go forward henceforth a real man, and a good citizen, and a credit to my country.

"Service"

The first duty of a Rover is to his troop, and all should lend a hand, and have some definite job—secretary, treasurer, log-keeper, store-keeper, canteen manager, and their assistants in addition to helping to run the cub and scout sections, as assistant scout masters and instructors. Rovers should be clearly shown that they join the senior section for what they can put into it rather for what they can get out of it.

THE SIGNS.

•••○•••

નિશાનીઓ

••○○○••


આ નિશાનીઓ બ્હાર કૅમ્પીંગ પર ગયા હોઇએ ત્યારે અથવા રમત રમવામાં ઘણી કામ લાગે છે. એક વખત એક નિશાની કરી હોય તે કામ થઇ રહે કે ભુંસી નાખવાનું ધ્યાન રાખવું જેથી બીજી વખત તે નિશાનીને લઇ ગોટાળો ન થાય. બને ત્યાં સુધી દિવાલો બગાડવી નહિ. ઝાડની નિશાનીઓ તે પર કાગળ ચોડી કરવી.

નિશાનીઓ નીચે પ્રમાણે છે:—

૧  આ તરફ રસ્તો છે. આ દિશા તરફ જવું.

૨  આ રસ્તે જવાનું નથી.

૩  હું ઘેર ગયો છું.

૪  આ દિશામાં અંદર લખેલા આંકડા જેટલા પગલા દૂર કાગળ સંતાડેલો છે.


૫ 

સાર્વજનિક હાઇસ્કૂલ ગ્રુપની ટાઈગર પેટ્રોલના ત્રીજા સ્કાઉટે નિશાની કરી છે. છેલ્લી નિશાની પાસે આ નિશાની કરવાની કે કોણે નિશાની કરી તે માલુમ પડે.

૬  આ રસ્તે પાણી મળશે.

૭  જમણી બાજુ વળો.

૮  ડાબી બાજુ વળો.

૯  નદી અહિં ઓળંગાશે.

૧૦  મુકામ આ દિશામાં છે.

The Union Jack
યુનિયન જૅક અને તેની રચના

દરેક ટેન્ડર ફુટે યુનિયન જૅકની રચના જાણવી જોઇએ. સફેદ પટ ઉપર રાતો ક્રૉસ એ ઇંગ્લન્ડના સેઇન્ટ જ્યૉર્જ (St. George, Patron Saint of England) નો ક્રૉસ છે. આસમાની પટ ઉપર સફેદ કર્ણરેષાકૃતિનો (Diagonal) ક્રૉસ સ્કૉટલૅન્ડના સેઇન્ટ ઍન્ડ્રૂ (St. Andrew, Patron Saint of Scotland) નો ક્રૉસ છે સફેદ પટ ઉપર રાતો કર્ણરેષાકૃતિનો ક્રૉસ આયરલૅન્ડના સેઇન્ટ પૅટ્રિક (St. Patrick, Patron Saint of Ireland) નો ક્રૉસ છે.

સેઇન્ટ જ્યૉર્જ અને સેઇન્ટ ઍન્ડ્રૂના ક્રૉસો ઇ. સ. ૧૬૦૬માં જોડાયા અને તેથી પ્હેલો જોડાયલો વાવટો બન્યો. તે સાથે ઇ સ. ૧૮૦૧ માં સેઇન્ટ પૅટ્રિકનો ક્રૉસ જોડાયો અને ત્રણે ભેગા વાવટાઓ મળીને બનેલો **યુનિયન જૅક** બ્રિટિશ સામ્રાજ્યના વાવટા તરિકે સ્વીકારવામાં આવ્યો.

આ વાવટાનું 'યુનિયન જૅક' નામ કેમ પાડવામાં આવ્યું હશે તે વિષે મતભેદ છે. કેટલાકનો મત એવો છે કે જેમ્સ પ્હેલો કે જેના રાજ્યમાં આ વાવટો પ્રથમ સ્વીકારવામાં આવ્યો તેના ફ્રેંચ નામ જૅકસ (Jacques) ઉપરથી વાવટાનું નામ જૅક પડ્યું. બીજો મત એમ છે કે અંગ્રેજ સૈનિકો રાતા ક્રૉસવાળો ડગલો કે જે જૅકસ કહેવાતો તે પ્હેરતા તે ઉપરથી વાવટાનું નામ જૅક પડ્યું.

રચના વાવટાની લંબાઇ કરતાં પ્હોળાઈ અર્ધી હોવી જોઇએ. દાખલા તરિકે લંબાઇના વીસ ભાગ કરીએ તો પ્હોળાઇ ૧૦ ભાગની થાય. સેઈન્ટ જ્યૉર્જના ક્રૉસનો રાતો ભાગ તે બે ભાગ જેટલો છે. સેઈન્ટ પૅટ્રિકના ક્રૉસનો ભાગ ૢ રાતો અને તેની આસપાસ એક બાજુ એક ભાગ સફેદ અને બીજી બાજુ ૢ સફેદ છે. બાકી રહેલ ભાગ આસમાની છે. રાતા સીધા ભાગની આસપાસ પણ સફેદ પટો રહે છે. યુનિયન જૅક ઉરાડતી વખત લાકડી તરફથી કર્ણરેખાકૃતિમાંનો સફેદ પ્હોળો ભાગ ઉપર રહે તે ધ્યાનમાં રાખવું.

The Knots
ગ્રંથીઓ.

રીફ્નૉટ—સરખી જાડાઇના બે દોરડાં જોડવામાં આ ગાંઠ કામ લાગે છે. પાટા, પારસલની ઉપરની દોરી, કસ્તી વગેરે બાંધવામાં આ ગાંઠ કામ આવે છે. (Reef-knot)

શીટ-બેન્ડ—એક જાડું અને એક પાતળું દોરડું, કે કાંઈ કપડાં સાથે દોરી બાંધવી હોય તો તે વખતે એ બન્ને આ ગાંઠથી બંધાય છે. (Sheet-Band)

શીપ શૅન્ક—દોરડું બહુ લાંબું હોય તેને કાપી ન નાખતાં ફક્ત ટુંકુંજ કરવું હોય તો તે વખતે આ ગ્રંથી કામ આવેછે. (Sheep-shank)

ફિશરમૅન્સ નૉટ—ભીનાં દોરડાં ગાંઠવાં હોય ત્યારે તે ગાંઠથી જોડાય છે. પાણી કે દૂધના વાસણ લટકતાં રાખવા માટે ગાળો કરવો હોય ત્યારે આ ગાંઠ વપરાય છે. (Fisherman's knot)

ક્લવ હિચ-થાંભલે દોરડું બાંધવું હોય ત્યારે આ ગાંઠ કામે લાગે છે. ઢોર ખીલડે બાંધવા માટે આ ગાંઠ કામ લાગે છે (Clove-hitch)

બોલિન—માણસોને નીચે ઉતરવા હોય કે આગ કે ધુમાડામાંથી ઘસડી બહાર લઈ જવા હોય કે બારીમાંથી બહાર ઉતારવા હોય ત્યારે અને બેભાન માણસને લઇ જવા માટે આ ગાંઠ વપરાય છે. (Bowline knot)

ટિમ્બર નૉટ—માંડવો બાંધતી વખતે કે પાલખ બાંધતી વખતે ઉભા વાંસ સાથે આડો વાંસ ન ખસી જાય એવી રીતે બાંધવામાં આ ગાંઠ કામ લાગે છે. (Timber-knot)

હાફહિચ—દોરી કે દોરડું લાકડીની આસપાસ વીંટાળ્યા પછી એટલે કે લૅશિંગ કર્યા પછી પાછું ઉકલી ન જાય તે માટે છેલ્લે આ ગાંઠ લેવાય છે.

The Staff and its Uses

સ્ટાફ–ઝાડી–ના ઉપયોગ.

૧ સ્ટાફથી અગ્નિ હોલવાય.

૨ ,, પાણીમાં ચલાય, ત્રણ જણ સાથે ચાલીને.

૩ ,, હાઇકીંગમાં તંબુના પોલ થાય.

૪ ,, હડખાયા કુતરાને આપણા પર આવતો અટકાવાય.

૫ ,, કામ ચલાઉ સ્ટ્રેચર બનાવી શકાય.

૬ ,, અજાણ્યા પ્રદેશમાં–જંગલમાં–અથવા અંધારામાં એક બીજાને ઝાલી લાંબી હાર બનાવી શકાય.

૭ ,, વાડ ચઢાય.

૮ ,, વાડ બનાવાય.

૯ ,, વાવટાનો પોલ બનાવાય.

૧૦ ત્રણ ભેગા લઇ તેની ઘોડી કરી

રાંધવાના વાસણ તેનાપર ટાંગી રસોઇ થાય.

૧૧ ,, ડુબતા માણસને બચાવાય.
૧૨ ,, દિવાલોની ટોચપર ચ્હડી જવાય.
૧૩ ,, તેના પર ફૂટ અને ઇંચ પાડી માપ લેવાય.
૧૪ ,, ઉંચાઇ મપાય.
૧૫ ,, તેમાં પાડેલા કાણામાંથી આઘેની વસ્તુ ચોખ્ખી જોઈ શકાય.
૧૬ ,, કામ ચલાઉ પૂલ બંધાય (Ashantee bridge).
૧૭ ,, કામચલાઉ હોડી બંધાય (Raft).
૧૮ ,, તેનાપર બેસી થાક ખવાય.
૧૯ ,, ડ્રિલ થાય.
૨૦ ,, પોતાનો બચાવ થાય.
૨૧ ,, તાત્કાલિક ઈલાજોમાં જાંઘનું હાડકું ભાંગ્યું હોય ત્યારે પાટીઆ (Splint) તરિકે કામ થાય.

Signalling
નિશાનીઓ

સ્કાઉટ વ્હીસલની નિશાનીઓ

વ્હીસલનો એક લાંબો અવાજ	'એલર્ટ,' 'શાંત થાઓ' 'બરાબર ઉભા રહો,' 'બીજા હુકમ માટે તૈયાર રહો.'
લાંબા પણ ધીમા ત્રણ અવાજ	'છુટા પડો.' 'આગળ વધો,' 'દૂર જાઓ,' 'બહાર જાઓ.'
ટુંકા ઝડપી અવાજ	'પાસે આવો,' 'એક લાઇનમાં રહી જાઓ,' 'સાથે થઈ જાઓ.'
એક લાંબો અવાજ અને એક ટુંકો અવાજ (કર્યાજ કરવાનો)	ભયની નિશાની, 'તૈયાર થાઓ,' 'બરાબર સંભાળ રાખો,' 'શું છે તે જુઓ.'

ત્રણ ટુંકા અવાજ પછી એક લાંબો અવાજ	'પેટ્રોલ લીડર, પાસે આવો,' 'હારમાંથી ત્રણ પગલા આગળ આવો'

હાથની નિશાનીઓ.

હાથ ઉંચો રાખી બાજુએથી ધીમે ધીમે હલાવ્યા કરો. હથેલી આગલી બાજુ રહે.	'આગળ વધો'
મ્હોં આડો હાથ હલાવ્યા કરો.	'જેમ હતા તેમ થઇ જાઓ;' 'કાંઇ કામ નથી;' 'ના'.
હાથ ઉંચો રાખી બાજુએથી જલદી જલદી હલાવો-હથેલી પાછલી બાજુ રહે.	'પાસે આવો;' 'ભેગા થાઓ.' 'લાઇનમાં રહી જાઓ.
હાથની આંગળી બતાવવી.	'આંગળીની દિશામાં જાઓ.'
મુઠ્ઠી વાળી તમારા હાથ દોડતી વખત થાય તેમ ખ-	'દોડો;' 'જલદી આવો.'

ભાથી જાંગસુધી ઉંચાનીચા લાવ્યા કરવા.	
માથા ઉપર હાથ સીધો હથેલી આગળ રાખી ઉંચો રાખવો.	'ઉભા રહો:' 'થોભો.' 'અટકો.'
હાથવતી જમીન તરફ અ-તાવી હાથ નીચો રાખી હલાવવો.	"સૂઇ જાઓ;' 'લાંબા નીચા થઈ સંતાઇ જાઓ.'
સ્ટાફ આડો રાખી બે હાથે માથા પર ઉંચો ધરવો.	'સામી બાજુ થોડી સંખ્યામાં માણસો દેખાય છે.'
સ્ટાફ તેમજં રાખી ઉંચો-નીચો ધીમે ધીમે હલાવવો.	'ઘણે દૂર ઘણી સંખ્યામાં માણસો દેખાય છે.'
સ્ટાફ તેજ પ્રમાણે ઝડપથી હલાવવો.	સામી બાજુ પાસે માણસો ઘણી સંખ્યામાં છે.
સ્ટાફ સીધો ઉંચો માથા-પર ધરવો.	સામા માણસોમાંનો કોઇ દેખાતો નથી.

ધુમાડાની અથવા અગ્નિના ભડકાની નિશાનીઓ

અગ્નિ સળગાવી ઉપર લીલાં પાંદડાં કે ઘાસ અથવા ભીનું સુકું ઘાસ નાખવું કે અંદરથી ધુમાડો નીકળ્યા કરશે પછી તેનાપર ભીનો કામળો ઢાંકી દેવો. જરા ધુમાડો નીકળવા દેવો હોય તો તમે એક' બે' ગણો એટલીજ વાર કામળો ઉંચો ધરી રાખો અને વધારે નીકળવા દેવો હોય ત્યારે "૭" સુધી ગણો તેટલીવાર કામળો ઉંચે રહેવા દેવો.

રાત્રિ હોય તો ભડકો થવા દેવો અને આડો કામળો ધરી રાખવો. જ્યારે સ્હેજ ભડકો દેખાવા દેવો હોય ત્યારે કામળો સ્હેજવાર આડેથી લઇ લ્યો અને વધારે દેખાવા દેવો હોય ત્યારે કામળો આડેથી વધારે વખત ખસેડી રાખવો.

સીસોટીની નિશાની પેઠેજ ધુમાડાથી કે ભડકાથી નિશાનીઓ કરવી. જેમકે ત્રણ વખત

લાંબા વખત સુધી ધુમાડો જવા દઈએ ભડકો દેખાવા દઈએ તો "આગળ વ ચાલ્યા જાઓ; દુર જાઓ વગેરે.

થોડોથોડો ધુમાડો ઝટઝટ બતાવો તો 'ભે થાઓ.' 'હારમાં રહો.' એક લાંબી વખત ધુમ દેખાડી પછી ટુંકી વખત દેખાડો એમ ક કરો એ ભયની નિશાની. વગેરે...વગેરે...

Flag Signalling.

વાવટાથી મૂળાક્ષર

SEMAPHORE SIGNALLING.

સંદેશા મોકલવાની આ રીત બહુજ ઉપ યોગની અને સહેલાઈથી શીખી શકાય તેવ છે. પ્હેલેથીજ શીખનારે નીચેની બાબતો ધ્યા નમાં રાખી લેવી:—

૧. જે તરફ સંદેશો મોકલવો હોય તે તરફ મ્હોં કરી પગ આઠ દશ ઇંચ જેટલા પ્હોળા રાખી ઉભા રહેવું.

૨. હાથ બરાબર સીધા રાખવા. કોણીમાંથી વળવા ન દેવા. વાવટા હાથની સીધી લીટીમાં છુટા દેખાય તેવા રાખવા. અંગુઠા પાસેની આંગળી લાકડીને અડકીને સીધી રહે એવી રીતે રાખી લાકડીનો છેડો કાંડા આગળ આવી રહે તેમ રાખવો.

૩. હાથ પાછળ જવા ન દેવા.

૪. મૂળાક્ષર માટે જે જગ્યા વાવટાની હોય તેજ જગ્યામાં ચોખ્ખો જોઇએ તેવડો ખૂણો પડે તેવી રીતે હાથ રાખવા. ગમે તેમ હાથ રખાય તો એકને બદલે બીજો અક્ષર વંચાય માટે આ વાત ખાસ ધ્યાનમાં રાખવી. આરસીમાં જોઈ સંદેશો મોકલતાં શીખવું નહિ. તમે બરાબર ખૂણા પાડો છો કે નહિ તે જોવા તમારો પડછાયો દિવાલપર પડે તેમ ઉભા રહેવું આરસીમાં ઉંધું દેખાશે.

૫. બન્ને વાવટા એકજ માપના રાખવા અને સંદેશો મોકલતી વખત આગળ પાછળની

જગ્યા એવી પસંદ કરવી કે સામો માણસ-આપણા વાવટા ચોખ્ખા જોઈ શકે. જગ્યા ગમે તેવી હોય તો પણ આપણા વાવટા દેખાય તે માટે અર્ધા વાવટા કાળા કે આસમાની કે લીલા હોય અને અર્ધા સફેદ હોય તો સારા. બન્ને રંગ કર્ણાકારે રાખવા.

૬. જે અક્ષરોમાં વાવટા સાથે આવી જતા હોય ત્યાં બન્ને વાવટા છૂટા પડી દેખાય તેવી રીતે રાખવા. શરીરથી પણ છુટા પડે એમ રાખવા.

૭. જ્યારે એનો એ અક્ષર ફરી તરતજ બતાવવાનો આવે ત્યારે એક અક્ષર આપી વાવટા શરીર પર પુરેપુરા લઈ તેજ અક્ષર ફરીથી આપવો.

૮. ઘણી જલદીથી સંદેશો ન મોકલવો. તેમાં પણ સામો માણસ ગુંચવાય તેટલી ઝડપથી તો નજ મોકલવો.

૯. શરૂ કરવા માટે વાવટા પગ આડા રહે.

. કેટલાક અક્ષરમાં બન્ને વાવટા એકજ
[illegible]એ હોય તે વખતે મ્હોં સીધું રાખી કમરમાંથી
[illegible] તરફ વ[illegible] વાવટા એકની ઉપર એક બરા-
બ્બર દેખાઇ આવે તેમ રાખવા.

[illegible]ડીઆળના કાંટા જે રીતે ફરે છે તે રીત
[illegible]માં રાખી સાત વર્તુળમાં બધા મૂળાક્ષરો
૪ અમુક નિશાનીઓ વ્હેંચી દેવામાં આવેલ
તે વર્તુળો ધ્યાન રખાશે તો આ રીત
[illegible]ાઇથી યાદ રહેશે.

પ્હેલું વર્તુળ—A થી G સુધી. A, B, C
[illegible]ણા હાથથીજ આપવા અને E, F, G ડાબા
[illegible]થીજ આપવા. D ગમે તે હાથથી અપાય.

A માટે જમણો હાથ પગ સાથે ૪૫° નો
[illegible]ો કરે તેમ રાખવો. B માટે ધડ સાથે ૯૦°
ખૂણો જમણો હાથ કરે એમ રાખવો અને
માટે માથા સાથે ૪૫° નો ખૂણો કરે તેમ
હાથ રાખવો.

D માટે તમારો ગમે તે એક હાથ નાક આગળ રાખી વાવટો માથાની ઉપરથી બરોબર સીધો દેખાય તેમ ઉંચો રાખવો.

E માટે ડાબો હાથ માથા સાથે ૪૫° નો ખુણો કરશે. F માટે તે હાથ ધડ સાથે ૯૦° નો ખુણો કરે અને G માટે પગ સાથે તે હાથ ૪૫° નો ખુણો પાડે. આ બધા વખતે બીજો હાથ તો પગની આડો વાવટો છુટો ન દેખાય તેમજ રાખવો

બીજું વર્તુળ--H થી N સુધી. 'J' મુકી દેવો.

આ બધા અક્ષરમાં જમણો હાથ A ની જગ્યાપર રહે અને ડાબો હાથ B ની જગ્ય' પરથી શરૂ કરી અનુક્રમે C, D, E, F, G ની જગ્યાપર આવી આ ચક્કર પુરૂં કરે.

ત્રીજું વર્તુળ–O થી S સુધી.

જમણો હાથ B ની જગ્યાપર આવે અને ડાબો હાથ C ની જગ્યા પરથી શરૂ કરી અનુક્રમે D, E, F, G, ની જગ્યા પર આવી ચક્કર પુરૂં કરે.

ચોથું વર્તુળ-T, U, Y અને 'Annul' or 'Erase' (='ભુંસી નાખો').

જમણો હાથ C ની જગ્યાપર રહે અને ડાબો હાથ D ની જગ્યાથી શરૂ કરી E, F, G, ની જગ્યા પર અનુક્રમે આવી ચક્કર ફરે.

પાંચમું વર્તુળ-'સંખ્યાનું નિશાન, J અથવા 'મૂળાક્ષરનું નિશાન.' અને V.

જમણો હાથ D ની જગ્યાપર રહે અને ડાબો હાથ E ની જગ્યાપરથી F અને G ની જગ્ય પર અનુક્રમ આવી ચક્કર પુરૂં કરે.

છઠું વર્તુળ-W અને X.

જમણો હાથ E ની જગ્યાપર રહે અને ડાબો હાથ અનુક્રમે F અને G ની જગ્યાપર રહે.

સાતમું વર્તુળ--Z

જમણો હાથ F ની જગ્યાપર અને ડાબો હાથ G ની જગ્યાપર રહે.

૧ થી ૯ સુધીની સંખ્યા A, B, C, D

E, F, G, H, I, થી અપાય છે અને શૂન્ય K થી અપાય છે.

સંદેશા આપતાં આપતાં સંખ્યા આપતાં પ્હેલાં સંખ્યાની નિશાની કરવી અને સંખ્યા અપાઇ રહે પછી શબ્દો આપતાં પ્હેલાં મૂળાક્ષરની નિશાની કરવી પછી સંદેશો આપવો.

સંદેશા આપવો શરૂ કરો ત્યાર પ્હેલાં વાવટા વીંટાળેલા રાખી 'Alert' પોઝીશનમાં ઉભા રહો. એટલે કે વાવટા સીધા ઉંચા ઉભા રહે તેમ શરીરની પાસેજ બે બાજુએ રાખવા. 'Prepare to Signal' ના હુકમપર બન્ને વાવટા પગના આડા નીચે જમણો હાથ ઉપર રહે તેમ રાખવા બન્ને પગ પ્હોળા રાખવા.

સંદેશા માટે ચાર માણસો જોઇએ. બબ્બેની ટુકડી પાડી સામસામી થોડે અંતરે ઉભી રહે. એક માણસ પોતાની પાસેનાને સંદેશા કહેતો જાય અને તે સામી ટુકડીવાળાને વાવટાથી સંદેશા તેપ્રમાણે આપે. સામી ટુકડીમાંનો એક માણસ

શો લે અને બીજા પાસેનાને તે સંદેશો લખા જાય. સંદેશો આપનાર અને સંદેશો લેનારા બેજ વાવટા રાખે. બીજા બે પાસે કાગળ ીલ જોઇએ. વાવટા દોઢ ફુટ ચોરસ જોઇએ. l લાકડી લગભગ અઢી ફુટ લાંબી જોઇએ

MORSE SIGNALLING.

આ રીતનો સંદેશો એકજ વાવટાથી અપાય આ વાવટો દોઢ ફુટ ચોરસ હોય છે અને અઢી લાંબી લાકડી પર રખાય છે. વાવટો કાળો-સમાની કે લીલો અને વચમાં સફેદ પટીવાળો વારણ રીતે હોય છે

આ રીતમાં બધા અક્ષર 'લીટો' અને ીંડા' (ડૅશ અને ડૉટ) થીજ થાય છે. ટીઓ અને મીંડાઓ અમુક રીતે ગોઠવાઇ આ ક્ષરો થએલા છે. વાવટાથી 'ડૅશ' અને ડૉટ' મુક અંતરે આપણા મ્હોં આસપાસ વાવરો બ્યાથી થાય છે.

વાવટાને બદલે બીજા સાધનોથી પણ આજ રીતનો સંદેશો મોકલાય છે. જેમકે સૂર્યનાં કિરણ આરસી પર ઝીલી તે વડે સંદેશો મોકલાય છે. આ આરસી 'Heliograph' કહેવાય છે. ધુમાડાથી કે ભડકાથી પણ આ સંદેશો અપાય છે. ફાનસથી પણ અપાય છે અને તારનાં દોરડાં વડે જે સદેશો અપાય છે તે પણ આ રીતથીજ મોકલાય છે. અને તે 'Telegraphic Key' ની મદદથી મોકલાય છે.

આ બધા પ્રકાર માટે નીચેની વાત ધ્યાનમાં રાખવાની છેઃ—

૧. ડૉટ કરતાં ડૅશનું અંતર ત્રણ ગણું હોય છે.

૨. દરેક અક્ષર આપી એક ડૅશ આપી શકાય તેટલો વખત અટકવું.

૩. આખો અક્ષર વચમાં જરાપણ અટકયા વગર આપી દેવો. વચમાં જરા પણ અટકયા તો એકને બદલે બીજો અક્ષરજ વંચાય.

૪. ડૅશ આપતાં હાથ નીચે જાય ત્યારે સ્હેજ

આટકવું. હાથ ઉપર આવે ત્યારે જરાએ ન આટકવું. અક્ષર પુરો થયેજ આટકવું.

૫. દરેક શબ્દ પુરો થાય કે વાવટો 'રેડિ'ની જગ્યાએ લઇ જવો અને શરીરથી છુટો ન દેખાય તેમ રાખવો.

૬. સંદેશો મોકલનારે બરાબર સામા ઉભા રહી કે બરાબર પીઠ રાખી ઉભા રહેવું. ગમે તેમ ઉભો રહે પણ સાથેનો સંદેશો ઝીલનાર માણુસ હાલતો વાવટો બરાબર રીતે જોઈ શકે તેમ વાવટો હલાવવો.

૭. સંદેશો મોકલતી વખતે વાવટો જેમ બને તેમ ઉંચો રાખી લાકડી છેડેથી ઝાલવી અને વાવટો સામો માણુસ બરાબર જોઈ શકે તેમ શરીરથી છુટો રાખવો સંદેશો ન મોકલતા હો ત્યારે વાવટો દેખાવો ન જોઇએ.

૮. ડૉટ અને ડૅશ બરાબર સુમજાય તેમ આપવા અને સામો માણુસ સમજી શકે તેટલી ઝડપથી સંદેશો આપવો.

૯. તમારા હાથ શરીરથી છુટા રાખી ફક્ત કાંડા આગળથી હાથ હાલે તેમ વાવટા હલાવ્યા કરવા. વાવટા વીંટલાઇ ન જાય તે ધ્યાન રાખવું.

મૉર્સના મૂળાક્ષર નીચે પ્રમાણે છે: —

E	◦	—	**T**
I	◦ ◦	— —	**M**
S	◦ ◦ ◦	— — —	**O**
H	◦ ◦ ◦ ◦		

Opposites.

A	◦ —	— ◦	**N**
B	— ◦ ◦ ◦	◦ ◦ ◦ —	**V**
D	— ◦ ◦	◦ ◦ —	**U**
F	◦ ◦ — ◦	◦ — ◦ ◦	**L**
G	— — ◦	◦ — —	**W**
Q	— — ◦ —	— ◦ — —	**Y**

Sandwich Letters.

K	— ◦ —	◦ — ◦	**R**
P	◦ — — ◦	— ◦ ◦ —	**X**

Letters with no opposites

Z — — ◦ ◦ C — ◦ — ◦

J ◦ — — —

સંખ્યા.

1 ◦ — — — —	6 — ◦ ◦ ◦ ◦
2 ◦ ◦ — — —	7 — — ◦ ◦ ◦
3 ◦ ◦ ◦ — —	8 — — — ◦ ◦
4 ◦ ◦ ◦ ◦ —	9 — — — — ◦
5 ◦ ◦ ◦ ◦ ◦	0 — — — — —.

સંદેશો શરૂ કરતાં પ્હેલાં વાવટો બે છેડે બે હાથે પકડી જમીનને સમતાંર રાખી પગ આંગળ ઝાલી રખાય છે.

'Ready' કહેતાંની સાથે જમણો હાથ લાકડી પર રાખી, ડાબે હાથે વાવટો નીચેથી ઉપર લઇ ત્યાં છેડે ઝાલી રાખી છાતી આગળ આવે તેમ સ્હેજ ખૂણો પડતો વાવટો રખાય છે.

'Prepare to Signal' કહેતાંજ જમણો હાથ છે ત્યાં રાખી ડાબો હાથ તેની નીચે લાકડી

પર મુકી વાવટો ઉંચો લેવાય છે અને પછી હાથ નાક આગળ રાખી વાવટો ડાબી સ્હેજ ઢળતો રખાય છે. ડૉટ ને વાવટો ડાબી જેટલો ઢળતો રાખ્યો હોય તેટલોજ (બાજુ ઢળતો લઇ જઇ તરતજ પાછો મૂળ પર લવાય છે. ડૅશ માટે વાવટો જમણી ખભાની છેક સીધી લીટીમાં લાવી સ્હેજવ અટકી પાછો ડાબી બાજુએ મૂળ જગ્ય લઇ જવાય છે.

ડૉટ ને 'Iddy' પણ બોલાય છે અને બદલે 'Umpty' બોલાય છે.

કેટલાક મૂળાક્ષરો બોલતી વખત આધેથ સરખાં લાગે છે અને તેથી તે અક્ષરો જવા સંભવ રહે છે. તે ન થાય તેટલા ? અક્ષરો અમુક રીતેજ બોલાય છે જે આપેલા છે:—

A-Ack ઍક કહેવાય છે. P-Pip પિપ કહે
B-Beer બીર ,, S-Esses એસે

D-Don ડૉન્ ,,	T-Talk ટૉક ,,
M-Emma ઍમા ,,	V-Vick વિક ,,
C-Cork કૉર્ક ,,	Q-Quad કવૉડ ,,
I-Ink આઈન્ક ,,	J-Jug જગ ,,

સંદેશો શરૂ કરતાં પ્હેલાં સામા માણસનું ધ્યાન ખેંચવાનું હોય છે અને સામો માણસ તૈયાર હોય તો તે પ્રમાણે જવાબ આપે છે તૈયાર ન હોય તો થોભવાનું કહે છે. તે બધા માટે અમુક નિશાનીઓ છે તે સિવાય બીજી નિશાનીઓ પણ ધ્યાનમાં રાખવાની છે. તે નીચે આપી છેઃ—

	સેમાફાર	મોર્સ
ધ્યાન ખેંચવાનીનીશાની 'Calling up Sign'	VE, VE, VE	०ơ०—०, ००० —०,
તૈયાર હોવાની નીશાની Ready to receive	• K	— ० —
' જરા થોભો ' તૈયાર ન હોય ત્યારે કરવાની નીશાની. ,Wait a minute'	Q	— — ० —

General Answer (સામાન્ય રીતે બધા શબ્દો બરાબર સમજાય છે કે નહિ તે બતાવવા માટે સંદેશો લેનાર દરેક શબ્દ વખતે આપે છે)	T	—
'કાઢો નાખો' 'Erase'	opposite of L	o o o o o o o o
સંદેશો પુરો થયાની નિશાની End of message	AR	o—o—o (as one symbol)
સંદેશો બરાબર સમજાયાની નીશાની Message received	R	o— •
પૂર્ણ વિરામ full stop	AAA	•—o—o—
Block capital sign મોટા અક્ષર કરવાની નશાની	UK	• o — — o— (as one symbol)

u are correct ખરા છો.	C	— o — o
'ho are you કોણ છો ?	RU	o—o oo—
ave nothing communi cate present કાંઇ જણાવવાનું	QRU	——o— o—o oo—
ાની નીશાની nerical sign	opposite of T	નથી
ક્ષરની નિશાની abetical sign	J	નથી
d bye સાહેબજી	GB	——o —ooo
Repeat	IMI	oo o——oo

FIRST-AID.

સૂચનાઓ:

ફર્સ્ટ એઇડ શીખ્યાથી આપણાથી કામ ચલાઉ ડાકટર થવાતું નથી; અને થવાનું પણ નથી. જ્યારે કાંઇ અકસ્માત થયો હોય ત્યારે ડૉકટર આવે તેટલાં સુધી આપણે શું કરવું અને વધારે ઇજા થતી કેમ અટકાવવી તે શીખવાનું છે. ગંભીર અકસ્માત વખતે આપણે ડૉકટરને બોલાવવોજ જોઇએ અથવા દરદીને સંભાળથી ડૉકટરને ત્યાં લઇ જવો જોઇએ.

તમારા મગજમાં કાંઇ લાગણીઓ થઇ આવતી હોય તે અટકાવી મદદ કરવી એ તમારી ફરજ છે એજ યાદ રાખવું. લોહી જોઇ બ્હી જવું ન જોઇએ. **મગજ શાંત રાખવું જોઇએ.**

અકસ્માત થયો હોય ત્યાંથી પાસેમાં પાસે ડૉકટર ક્યાં રહે છે અને તેટલામાં પાણી ક્યાં મળશે એટલું તો સ્કાઉટ તરિકે આપણે અગાઉથી જાણતા હોવુંજ જોઇએ. જ્યાં જ્યાં તમે

જાઓ ત્યાં ત્યાં એટલું તો ધ્યાન રાખવુંજ અને તમારી નજર બધે ફરવીજ જોઇએ.

અકસ્માતવાળા દરદીને જરૂર કરતાં વધારે હલાવ હલાવ કરવો નહિ કે ખસેડવો નહિ. એક ત્રિકોણાકાર પાટો અને ઠંડુ પાણી હોય તો ઘણું કરી શકીએ. માટે તેવો પાટો એટલે કે આપણો સ્કાર્ફ હંમેશાં આપણી પાસે રાખવોજ જોઇએ. હંમેશા આપણે શું કરવાનું હોય છે અને કેવી રીતે કરવાનું હોય છે તે જાણવું જોઇએ. જે કરીએ તે જલદીથી પણ તે સાથે નરમ હાથે અને સારી રીતે કરવું.

લોહી બંધ કરવું.

ઘામાં લોહીનું વ્હેવું ત્રણ જાતનું છે: (૧) ધોરીનસમાંથી; (૨) શિરામાંથી (૩) કેશવાહિની-ઓમાંથી.

(૧) ધોરીનસમાંથી વ્હેતું લોહી રાતું હોય છે અને હૃદય તરફના ભાગ તરફથી થોડા થોડીવારે

નીકળ્યા કરે છે. આ વ્હેવું ઘણુંજ ભયકારક છે

(૨) શિરાઓમાંથી વ્હેતું લોહી કાળું કે જાંબુડા રંગનું હોય છે અને વહ્યાજ કરે છે અને હૃદયની સામી બાજુથી નીકળ્યા કરે છે.

(૩) કેશવાહિનીઓમાંનું લોહી જરા નીકળી ઠરી જાય છે અને તે પાકી ઈંટ જેવું રાતું હોય છે.

જે ઘામાંથી લોહી વ્હેતું હોય તે પર અંગુઠો કે આંગળી વતી દાબી શકાય ત્યાં સુધી તેમ કરી લોહી વ્હેતું બંધ કરવું. જો ઘા ન દાબી શકાય તો હૃદય તરફના ભાગ પરની ધોરીનસ દાબવી. જો શિરાઓમાંથી લોહી વ્હેતું હોય તો હૃદયથી બીજી તરફની નસ અથવા શિરા દાબવી. હાડકા સાથે તે ધોરીનસ કે શિરા દાબવી. જે જગ્યાએ ધોરીનસ કે શિરા છેક ઉપર ચામડીની નીચેજ વ્હેતી હોય અને ઉપર મસલ કે સ્નાયુઓ ન આવેલા હોય તેવી જગ્યા દાબવા માટે પસંદ કરવી. તેવી જગ્યાઓ **pressure points** કહેવાય છે.

એક ગાદી બનાવી આંગળીને બદલે તે ગાદી ઘા પર દાબો તો ચાલે. પછી તે ગાદી પર પાટો બાંધી દેવાય.

જો તેમ કર્યા છતાં લોહી બંધ ન થાય તો ટુર્નિકેટ (ગાદી) લગાડવું જોઇએ. જરૂર પડે ત્યારે તે ગાદી તૈયાર બનાવી લેવી. એક ઇંચ વ્યાસવાળો ગોળ પથરો કે એવી કોઇ ચીજ લઇ પાટો કે રૂમાલ તેની આસપાસ તેના પર વીટાળવો અને પછી તે ગાદી ધોરીનસ કે શિરા પર મુકી તે પર પાટો બાંધી દઇ તેની ગાંઠમાં એક લાકડી મુકી તેને વળ દેવો એટલે તે ગાદી નસ પર દબાઇ લોહી બંધ થતું જશે. પછી તે લાકડીને અંગ સાથે બીજા પાટા વડે બાંધી લેવી કે વળ પાછા ઉકલી જાય નહિ. પંદરેક મીનીટ પછી ગાદી છોડવી અને લોહી નીકળતું બંધ થયું હોય તો પાટા પીંડી કરી લેવા. ન બંધ થયું હોય તો પાછી ગાદી બાંધી દેવી અને દર પા કલાકે છોડીને જોઇ લેવું.

ઇજા પામેલા ભાગને બને તેટલો ઓછો હલાવવો ચલાવવો કારણ તે ભાગને આરામ મળે તેમ દરદ ઓછું લાગે અને હાલે ચાલે તો વધે.

જો શરીરના અંદરના ભાગમાંથી કે મ્હોંમાંથી લોહી વ્હેતું હોય તો દરદીને શાંત અને સ્વસ્થ થવા દેવો અને પડખાભર સુવા દેવો. પછી બરફ ચુસવા આપવું કે ઠંડુ પાણી થોડો થોડીવારે આપવું. વાત કરવા ન દેવી.

બને તો ઇજા પામેલા ભાગને હૃદયથી બને તેટલો ઉંચો રાખવો. લોહી નીચે ઉતરે તેના કરતાં તેને ઉપર ચ્હઠવું મુશ્કેલ પડે છે. પાટો બાંધતી વખતે જો આપણે ઇજા પામેલા હાથને ઉંચો રાખીશું તો લોહીના નીકળવામાં ઘણો ફેર પડી જશે.

ઘા બરાબર સાફ કરવો અને તેના પર રંગ વગરનું સાફ કપડું કે રૂ મુકવું.

ઇજા પામેલા ભાગને આરામ મળે તેમ તે ભાગ રાખવો અને તે ભાગને દરદીને જેમ બને

તેમ દુઃખ ન થાય તેમ હલાવવો ચલાવવો. શરીરમાં કે પગમાં ઇજા થઇ હોય તો દરદીને માટે સ્ટ્રેચર સારૂં પડે. હાથને ઇજા થઇ હોય તો ઝોળી બનાવવી.

ઘા પર પાટો બાંધવો.

જો ઘાને સાફ રાખીએ તો તેને રૂઝ આવવામાં કુદરત પણ મદદ કરે છે. માટે સારવાર કરતી વખતે આપણે ઘા સાફ રહે અને હવામાંથી અંદર જંતુ ન પેસે અને તે ઘાને ન પકવે તેની ખાસ સાવચેતી રાખવી.

ઘાની સારવારમાં આપણે ત્રણ વાત ધ્યાનમાં રાખવાની છે:—(૧) ઘા સાફ રાખવો (૨) અંદર જંતુ ન પેસે અને ઘા પાકે નહિ માટે ઔષધ મુકી પાટો બાંધવો (૩) ઇજા પામેલા ભાગને આધાર આપવો.

ઘાને પ્હેલાં ચોખ્ખા પાણીથી કે જંતુવિનાશક સોલ્યુશનથી ધોવો. લોહી ઘણું ન નીકળતું હોય

અને ઘામાં કચરો ભરાયો હોય તો સ્હેજ ગરમ પાણી વાપરવું.

પોટૅસ્યમ પરમૅન્ગનેટની એક બે કણી કે કાર્બોલિક ઍસિડ અથવા ટર્પેન્ટાઇનના એક બે ટીપાં પાણીના ગ્લાસમાં નાખ્યાથી જંતુ વિનાશક (**Antiseptic**) સોલ્યુશન બને છે. રૂ કે ઉન કે સફેદ કપડાથી તે ઘા ધોઇ શકાય. લોહી બાઝી કે ઠરી ગયું હોય તેને ન ઉખેડવું કેમકે વખતે તેથી લોહી પાછું નીકળવા માંડે છે. રૂ પર ટિંકચર આયોડિન લઇ ઘા પર મુકવું. તેથી ઘામાં બળતરા થશે પણ તેમાં બીવું નહિ. પછી સાદા પાટાથી ઘા બાંધી લેવો. બીજા કોઇ ઔષધની જરૂર નથી. ચોવીસ કલાક પછી પાછું ટિંકચર મુકવું.

ઘા પર પાટો બાંધવા માટે પ્હેલાં લિન્ટ કે કૉટન-વુલ કે બીજી કાંઇ નરમ ચીજ ઘા પર મુકવી. પછી તે બરાબર રહે તે માટે ઉપર પાટો

બાંધવો. બને તો લિન્ટ ભિંજાયલું રાખવું કે જેથી ઘા પર ચોંટી ન રહે. દરેક સ્કાઉટે પાટા બાંધતા શીખવું જોઇએ.

જો બને તેવું હોય તો ઇજા પામેલો ભાગ ઝોળીમાં રાખવો.

ફ્રૅક્ચર—હાડકાનું ભાંગવું.

અસ્થિભંગના બે મુખ્ય પ્રકાર છે. સાદો અને ચૂરેચૂરવાળો. માત્ર હાડકૂંજ ભાંગ્યું હોય તે સાદો અને હાડકાના ભાગવા સાથે તેનાં ચુરેચુરા થઇ ગયા હોય, હાડકું ચામડીને ભેદીને બહાર નીકળ્યું હોય અથવા તો ભાંગેલા હાડકાએ નસોને અગર કોઇ અંદરના અવયવને નુકશાન કર્યું હોય તે બીજો પ્રકાર છે. અસ્થિભંગ સાદો મટી બેદરકારી અથવા અજ્ઞાનથી બીજા પ્રકારનો અને વધારે ગંભીર ન બને તે સારવાર કરનારે ખાસ જોવાનું છે. એટલા માટે (૧) ઇજા પામેલા ભાગને તરતજ પાટીઆ (splints) અને પાટાથી બાંધી

લેવો. (૨) દરદીની સારવાર જ્યાં અકસ્માત થયે હોય ત્યાંજ કરવી. પાટીઆ તરીકે વાવટાની લાકડીઓ, નેતર, જાડાં પુંઠાં, બંદુક વિ. વિ. કંઇપણ સખત વસ્તુ લેવી. ઇજા પામેલા ભાગની ઉપરના સાંધાથી તે, ભાગની નીચેના સાંધા સુધી તે પ્હોંચવી જોઇએ. હાડકું ભાંગ્યું છે કે નહિ તેની ખાત્રી ન હોય તો પણ ભાંગ્યું છે એમ ધારી સારવાર કરવી વધારે સારી છે. ભાંગેલ હાડકાવાળા અવયવને અડકવામાં સાવચેતી રાખવી પાટીઆં મુકી હાડકું જે જગ્યાએ ભાંગ્યું હોય તેની ઉપર અને નીચે પ્હેલાં પાટા બાંધી પછી બીજા પાટા બાંધવા.

ચૂરેચૂરાવાળા પ્રકારના અસ્થિભંગમાં (compound fracture) પ્હેલાં લોહી બંધ કરવું અને જંતુઓ ઘામાં પ્રવેશ કરવા ન પામે તે માટે ઉપાયો લેવા. બોરીકવાળું રૂ ઘા પર મુકવું. અવયવને જેમ બને તેમ આરામ આપવો અને

ડૉક્ટરને બોલાવવો. હાડકું મોચવાયું હોય અથવા ઉતરી ગયું હોય તો ઠંડા પાણીના પોતાં મુકવાં. તેથી આરામ ન થાય તો પછી ગરમ શેક કરવો. અવયવને આરામ મળે એવી સ્થિતિમાં રાખવો. હાડકું પાછું બેસાડવા પ્રયત્ન કરવો નહિ. હાડકું ઉતરી ગયું હોય તો માત્ર આરામ મળે અને દરદ ઓછું થાય તેમ અવયવને ગોઠવી ડૉક્ટરને બોલાવવો. સંશય પડે તો અસ્થિભંગને માટે સારવાર કરવી.

લૂ લાગવી.

તડકામાં બહુ ફરવાથી લૂ લાગી જાય છે. મ્હોં લાલ ચણુક બની જાય છે. ચામડી ગરમ ને સુકી બને છે. ડોળા ચકરવકર થાય છે. શ્વાસ લેતાં મહેનત પડે છે. નાડી ઘણી ઝડપથી ચાલે છે, દરદી બેભાન બને છે.

માણસને છાંયડામાં લઇ કપડાં કાઢી નાંખવા અને ઠંડુ પાણી કે બરફ લગાડી માથે, છાતી

પર, કાંખમાં અને બધા અવયવોમાંની ગરમી ઓછી કરવી. બની શકે તો દરદીને ઠંડા પાણી-માંજ ઉભો રાખવો. અવયવોને હૃદય તરફ હાથ જાય તેમ ઘસ્યા કરવા. દરદી પાણી પી શકે કે ઠંડુ પાણી પાવું. ઉત્તેજક પદાર્થો ન આપવા અને ડૉકટરને જલદી બોલાવવો.

તડકામાં ફર્યાથી બહુ થાક લાગ્યો હોય તો દરદીનો ચ્હેરો ઠંડો અને પરસેવાવાળો હોય છે. નાડી જલદી ચાલે છે. શ્વાસ ટુંકો લેવાય છે.

તે માણસને છાંયડામાં લઇ જઇ ચોખ્ખી હવા આવવા દેવી. ઠંડુ પાણી ટુકડે ટુકડે પાવું. ઠંડા ઉપચાર કરવાની જરૂર નથી ચ્હા, કૉફી, એમો-નિઆનું ઍરોમૅટિક સ્પિરિટ જેવા પદાર્થો આપી શકાય. પછી ડૉકટરની મદદ લેવી.

બેશુદ્ધિ

બેભાન થયેલી માણસને છાંયડાવાળી જગ્યાએ કપડાં ઢીલાં કરી શરીરનો નીચલો ભાગ સ્હેજ

ઉંચો રહે તેમ ચત્તો સુવાડવો. ગળે ઉતારી શકે ત્યારે ઉત્તેજક પદાર્થો (ચહા, કૉફી વગેરે) આપવા.

કપાળે અને છાતીએ ઠંડુ પાણી લગાડવું. જો ચેહેરા પર રતાશ આવી હોય તો માથું સ્હેજ ઉંચુ રાખવું અને ઉત્તેજક પદાર્થો આપવા નહિ.

દરદીને આંકડી આવતી હોય તો જીભ ન કરડાઇ જાય તે માટે કંઇક દાંત વચ્ચે રાખવું

વીજળીનો ઝાટકો લાગવો.

વીજળીના તારમાં કરન્ટ ચાલુ હોય ત્યારે કોઇ તે તારને અડકે તો તેને સખ્ત આંચકો લાગે છે. જો ચાલુ કરન્ટે તાર તુટી જાય અને કોઇને તે તાર લાગે તો તેને સખ્ત આચકો આવે છે. વીજળી તેના શરીરમાં દાખલ થાય છે અને તેને બાળી મુકે છે.

એવી રીતે જ્યારે માણસ તાર સાથે ચોંટી જાય ત્યારે તેને અડકીને છોડવવાનો પ્રયત્નજ નં કરવો. હાથમાં રબરના મોજા હોમ કે વૉટરપ્રૂફ

કોટ કે સુકાં કપડાંની જાડી ઘડી કરી તે હાથમાં રાખી હોય, અથવા જેમાં વીજળી પસાર ન થાય તેવી વસ્તુ હાથમાં રાખી હોય તોજ તે માણસને તેવી વસ્તુથી છોડવવા પ્રયત્ન કરવો.

કાચ કે સુકા લાકડા પર ઉભા રહી સ્કાઉટ સ્ટાફથી કે તેવા કોઇ લાકડાના લાંબા કકડાથી તારથી એકજ ઝાટકે છુટો પાડવા ધક્કો મારવો. વીજળીનો કરન્ટ બંધ કરાવવા દોડવું પછી કોઇને ડોકટરને બોલાવવા મોકલવું અને ડોકટર આવે તે દરમ્યાન આર્ટિફિસ્યલ રેસ્પિરેશન કરવું એટલે કે શ્વાસોશ્વાસની ક્રિયા ચાલુ કરાવવી.

" ઘણું ખરૂં માણસ પર વીજળી પડે ત્યારે તે મરી જાય છે. પણ કોઇ વખત માણસ ફક્ત બેભાનજ થાય છે. આવે વખતે ગળા આગળથી છાતી પરથી અને કમ્મરેથી કપડાં ઢીલાં કરવા, અને માથે, ગળે, છાતીએ અને વાંસે ઠંડુ પાણી લગાડયા કરવું".

સર્પદંશ

સર્પદંશ થયલા માણસને બેભાની જેવું લાગે અને શ્વાસ લેતાં મુશ્કેલી પડે. જ્યાં ડંશ થયો હોય ત્યાં બે ઝીણા ઘા જણાશે પણ સર્પ ઝેરી હોય તોજ તે નિશાની માલુમ પડે.

ઉપચાર.

(૧) ડાકટરને લેખી હકીકત મોકલી જલદી બોલાવવા. (૨) તે આવે તે દરમ્યાન જે અવયવ પર સાપ કરડયો હોય તે ઉપર જખમ અને હૃદયની વચમાં એક દોરી, અગર લૅનયાર્ડ અગર રૂમાલ જકડીને બાંધવો. તેથી ડંશમાંનું ઝેર આખા શરીરમાં વ્યાપવા ન પામે. (૩) લોહી છૂટથી વહેતું રહે તે માટે ઘાને નીચે લટકતો રાખી સ્હેજ ગરમ પાણીથી ધોયા કરવો અને તેમાંથી વધારે લોહી કાઢવા માટે અને ઝેર બહાર કાઢવા માટે ઘાની આસપાસનું થોડું થોડું માંસ કાપી કાઢવું અને દાબીને લોહી બહાર કાઢી લેવું.

(૪) તે પછી ઘાને પોટૅસ્યમ પરમૅન્ગનેટના જલદ સોલ્યુશનથી ધોઇ નાખવો અથવા ઘામાં તેના ઝીણા કણ મુકી ખુબ ઘસવો. (૫) હૃદય ચાલતું અટકી ન જાય તે માટે હુશિયારી લાવનારી ચીજો આપવી. તેમજ દરદીને ઉંઘવા ન દેવો અને ચાલ્યા કરવા દેવો. તે માટે તેને કોફી, ચહા, સાલવોલેટાઇલ જેવી ઉત્તેજક ચીજો આપવી.

જો દરદી શ્વાસ લેતો બંધ થાય તો શ્વાસોશ્વાસ ચલાવવાની ક્રિયા કરવી.

કુતરાનું કરડવું.

કરડેલા ભાગ અને હૃદયની વચમાં મજબુત દોરી બાંધવી અને ચુસીને અથવા ધોઇને ઘાને સાફ કરી નાખવો. ઘાની આસપાસ સ્હેજસાજ માંસ કાપી કાઢવું. જો કુતરૂં હડખાયલું હોય તો તરત ડૉક્ટરને બોલાવવો. કાર્બોલિક ઍસિડથી અગર સુરાખારના તેજાબ (નાઇટ્રિક ઍસિડ) જેવી કોઇ પ્રવાહી દાહક

વસ્તુથી જખમ બાળી નાખવો. કૉસ્ટિકની સળી (નાઇટ્રેટ ઑફ સિલ્વર) ઉપર ભરોસો રાખવો નહિ. દરદીને હડક્યાયેલું કુતરૂં કરડયું હોય તો તેને પાસેમાં પાસેના પેસ્ચ્યુર ઇન્સ્ટિટ્યુટમાં મોકલી આપવો.

ઝેર.

કોઇએ ઝેર પીધું હોય કે કોઇને ઝેર પાવામાં આવ્યું હોય તેને ઘણુંજ દુધ પાવું (અથવા થોડા કાચા ઈંડા ગળી જવા કહેવા). શીશી-પરથી—તેના પરના નામથી તે કઇ જાતનું ઝેર હોય તે શોધી કઢાવવા પ્રયત્ન કરવો. જો તમે ન શોધી કાઢી શકો અને મ્હો કે હોઠ પર ડાઘો ન પડયો હોય તેમજ મ્હોમાં કે ગળામાં દાહ ન ઉપડતો હોય તો ઉલટી કરાવવી. ઉલટી કરાવવા માટે સૌથી અકસીર ચીજો તરિકે એક ટમ્બલર ભરી હુંફાયલા પાણીમાં બે ચમચા રાઇનો ભૂકો અગર એક ચમચો નિમક આપવા.

જો ડાઘ હોય તો ક્રીમ, ઇંડાની સફેતી, ઑલિવ તેલ કે અળસીનું તેલ આપવા. રંગદાર ચ્હા અથવા આટાને પાણીનું મિશ્રણ પણ આપી શકાય. ઝેર ના ઇલાજ તરિકે જો તેજાબનું ઝેર હોય તો ચુનાનું પાણી અને ઍલ્કલિનું હોય તો લીંબુનું પાણી આપવું. ડાક્ટરને જલદી બોલાવવો.

આંખમાં કણી કે જીવડું જવું.

જે આંખમાં કણું પડયું હોય તે આંખ ન ચોળતાં બીજી આંખ ચોળવી તેથી આંખમાં પાણી આવશે અને તે સાથે કણું બહાર નીકળી જશે. જો ઉપલા પોપચા પર કણું હોય તો તે નીચલા પોપચા પર લઇ લેવું. તે માટે દરદીને નીચું જોઇ જરા જોર દઇ જોસથી આંખ ઉઘાડવા કહેવું જેથી નીચલું પોપચું બ્રશની પેઠે ઉપલા પોપચા પરથી કણું લઇ લેશે. જો તેમ ન બને તો દિવાસળી કે પેન્સીલથી ઉપલું પોપચું બહાર

કહાડવું અને તમારા રૂમાલથી કે ઝીણા ઉંટના વાળના બ્રશથી કણું લઇ લેવું. જો ચુનો આંખમાં પડયો હોય તો જલદીથી આંખ પાણી વતી ધોઇ નાંખવું. પછી ઓલિવ તેલ કે દીવેલ પોપચા પર ચોપડવું. જો કણું બહુ સજ્જડ ચોંટી રહ્યું હોય અને ન નીકળતું હોય તો આંખમાં ઓલિવ તેલ નાખી ઉપર પાટો બાંધી ડાકટરને બોલાવવો.

કાનમાં જીવડું જવું.

કાનમાં જીવડું ગયું હોય તો સાલિટનું કે કાંઇ વનસ્પતિનું તેલ કાનમાં નાંખવું એટલે જીવડું તુર્ત ઉપર તરી આવી બહાર નીકળી જશે.

નાકમાં કચરો જવો.

નાકમાં કચરો ગયો હોય તો દર્દીને મરીનો ભુકો અગર તપખીર એક ચપટી સુંધાડી છીંક લાવવા પ્રયત્ન કરવો અગર નરમ હાથે પીચકારી મારી કચરો બહાર કહાડવા કોશિષ કરવી તે પ્રમાણે કરતાં નાકમાંથી કચરો બહાર ન નીકળે તો તુરત ડાક્ટરને બોલાવવો.

સાંધાનું મોચવાવું અને લક્ષણ:—

સાંધો મોચવાય ત્યારે (૧) દુઃખાવો થાય (૨) સાંધામાં સ્નાયુમાં અથવા સ્નાયુ બંધનમાં હીલચાલ કરવાની અશકિત આવે (૩) સોજો ચડે અને રંગમાં ફેરફાર થાય. ઘુંટી મોચવાઇ હોય તો બુટ કહાડવું નહિ અને તેના ઉપરજ એક મજબૂત પાટો બંધવો. પ્રથમ પાટાનો વચલો ભાગ પગને તળીએ મુકી બેઉ છેડા ઘુંટીની આગલી બાજુએ આમનસામન લાવી તેની આસપાસ ઘણી વાર મજબૂત હાથે ફેરવી ફેરવીને લેયા કરવા. છેવટે તે પાટાને પાણીથી ભીંજવવો કારણ તેથી તે વધારે તંગ થશે.

ઉપલો અકસ્માત ઘરમાં બને તો અવયવને આરામ લાગે એવી સ્થીતિમાં મુકવો અને ઠંડા પાણીના પોતા મુકવા. તેથી ફાયદો ન લાગે તો શેક કરવો.

સાંધાનું ઉતરી જવું.

સાંધો ઉતરી ગયો હોય તો નીચે આપેલી નિશાનીઓથી માલમ પડે, (૧) સાંધાની અંદર અને તેની આસપાસ દુખાવો રહે; અને આ દુખાવો ઘણું ખરું દર્દીનું માથું ફેરવી નાખે એટલો જોશબંધ હોય છે; (૨) સાંધાના આકારમાં ફેરફાર થાય; (૩) સાંધાની આસપાસ સોજો રહે; (૪) સાંધો અકડાઇ જાય; તેની બધી હમેશની હિલચાલ બંધ થઇ જાય છે, (૫) અવયવ બ્હેર મારી જાય અને નિરૂપયોગી થાય.

ઉપચાર:—અવયવને જેમ આરામ લાગે તેમ ટેકો આપી રાખવો. ડાકટરને બોલાવવો. ઘરમાં અકસ્માત બન્યો હોય તો કપડા કાઢી દર્દીને બિછાનામાં સુવાડવો. અવયવને તકિયા પર મુકી બરફ અથવા ઠંડા પાણીનાં પોતાં મુકવાં. જો ઠંડકથી આરામ ન થાય તો શેક કરવો. દર્દીનું શરીર ગરમ રાખી તેને ધક્કો લાગતો અટકાવવો. હાડકું સરખું કરવા ન જવુ.

નાસતા ઘોડાને અટકાવવો:—

આગળ દોડી ન જવું અને હાથ ગમે તેમ ન હલાવવા પણ બને તો ઘોડાની બાજુએ આવી તેની સાથે સાથે દોડવું અને ગાડીનું દાંડવું હાથમાં પકડી બીજે હાથે લગામ ઝાલી લેવી, પછી ઘોડાનું માથું તમારી તરફ ખેંચી રાખવું અને ઘોડો ઉભો ન રહે ત્યાં સુધી ખેંચ્યા કરવું. અથવા તો સીધે રસ્તે સરખી રીતે શાંત થઇ ચાલવા ન માંડે ત્યાં સુધી લગામ ખેંચવી.

હડખાયુ કુતરૂં ન કરડે તે માટે શું કરવું.:-

તમારો સ્ટાફ કુતરા તરફ આડો ઝાલી રાખો કે તમારો સ્કાર્ફ કે રૂમાલ પકડી રાખો, જે ચીજ પાસે આવી તેના પરજ તે કુતરૂં બચકા ભરશે; તે તેમ કરે એટલામાં તેને મારી તમારી તરફ આવતું અટકાવો અને અશકત બનાવો અથવા તો તમે પોતે નાસી છુટો.

આગ.

સાવચેતી :—

દિવાસળી સાચવીને વાપરવી. બને ત્યાં સુધી કાળા ટોપકાવાળી દિવાસળી એટલે કે સેફ્ટી મૅચ વાપરવી. લાકડાની નાની ઓરડીઓમાં કે પડદા પાસે દિવાસળી ન સળગાવવી. દિવો બરાબર ઉભો રહે અને જલદી પડી ન જાય તે બરાબર જોવું. ગૅસ બહાર નીકળે છે કે નહિ તે બળતી દિવાસળીથી જોવા ન જવું. ગૅસ કમ્પનીને તે માટે ખબર કરવી. કયાંથી ગૅસ નીકળે છે તે કમ્પનીના માણસોજ જોઇ લેશે. તમે જ્યાં કૅમ્પ ફાયર સળગાવેલ હોય તે બરાબર હોલવાઇ ગયેલ છે કે નહિ તે ઉંઘવા જતાં પ્હેલાં અથવા જગ્યા છોડી જતાં પ્હેલાં જોઇ લેવું. કચરો, છોડીઆં કે તરત સળગી ઉઠે એવી વસ્તુ તમારી આસપાસ પડી રહી હોય તો અથવા એકઠી થઇ હોય તો તે વિષે પોલીસને કે આગવાળાને ખબર કરી દેવી.સુકી

હવામાં બેદરકારીથી અગ્નિ ચેતાવવો નહિ કારણ કે જો અગ્નિ સુકા ઘાસને લાગી જાય અને તે સળગી ઉઠે તો હોલવવું ભારી પડે. ઉની ઉની રાખ લાકડાની પેટીમાં કે પીપમાં નહિ ભરવી. અગ્નિ જલદી ચેતવવામાં ગ્યારસ્લેટ વાપરવું નહિ. જલદીથી સળગી ઉઠે એવી ચીજો અગ્નિથી દૂર રાખવી.

આગ લાગે ત્યારે શું કરવું:—

ઓરડામાં આગ લાગી હોય તો બારી બારણા ન ઉઘાડવા કારણકે પવનના ઝપાટાથી આગ વધી જવા સંભવ રહે છે.

જો પોતાના કપડાં સળગી ઉઠે તો દોડવા ન માંડવું. જમીન પર પડી કામળો કે બનુસ લઇ અથવા એમને એમ ધુળમાં આળોટવું જેથી આગ અંદરને અંદર હોલવાઇ જાય. બીજાના કપડા સળગી ઉઠ્યા હોય ત્યારે પણ તેમજ કરાવવું.

જો ઢોળાયલું તેલ સળગી ઉઠે તો ઉપર શેત્રંજી

ઢાંકી દેવી અથવા ધુળ કે રેતી નાખી દેવી. બળતા તેલપર કોઈ દિવસ પાણી ન રેડવું. તેથી આગ વધે છે.

મોટર સળગી ઉઠી હોય તો ઉપર રેતી નાખવી.

જો સુકકું ઘાસ કે ઝાડી સળગી ઉઠી હોય તો ઝાડની લીલી ડાખળીઓ કાપી તે વતી ભડકા હોલવવા. જો છાપરાવાળા ઘર સળગી ઉઠયા હોય તો અને પવન વાતો હોય તો આસપાસના છાપરા તોડીપાડી બીજા ઘર બળતા બચાવવા. સાથે સાથે સળગી ઉઠે તેવી બીજી ચીજો પણ ખસેડી લેવી.

જો બંબા ન હોય તો પાસેમાં પાસેના કુવાથી બળતા ઘર સુધી હાર બનાવી ડોલ વતી પાણી લઇ જવા મંડી પડવું.

આગમાંથી બચાવ:—

આગ લાગે અને તેની ખબર પડે કે તરત પોલીસને તથા અંદર રહેનારાંને જલદી ખબર આપવી. પહેલાં જીંદગી—માણુસો તેમજ જાનવ

રોની જીંદગી બચાવવા પ્રયત્ન કરવો. પછી માલ બચાવવા જવું. જો ઘરમાંજ આગ લાગી હોય તો બારી બારણા બંધ કરી દેવા.

ધુમાડામાં દાખલ થવું હોય તો અથવા ધુમાડાથી ભરેલા ઓરડામાં જવું હોય તો ભીના કપડાથી મ્હોં નાક બંધ કરી અંદર જવું.

જમીન ઉપરની હવામાં ધુમાડો ઉંચે કરતાં ઓછો હોય તેથી જો બળતામાં જવું હોય તો ભીંજાયલો કામળો તમારા હાથ પર અને આખા શરીર પર નાખી ઘુંટણીએ પડી અંદર જવું.

બીજો કોઇ રસ્તો માણસને ઉતારવા માટે ન હોય તો ખુરસીની ગાંઠ (The chair knot) દોરડાવતી બનાવી તેમાં માણસને નીચે ઉતારવો. તે સગવડ પણ ન હોય તો નીચે ચાદર ઝલાવી તેમાં માણસને નાખવો. ચાદર નીચે નરમ ચીજો રાખવી. અને તેનો ઉપયોગ છેલ્લે કાંઇ ન હોય તોજ કરવો.

પ્રૅક્ટીસ કરવા માટે બાર ફુટથી વધારે ઉંચાઇએથી માણસને નાખવા ચાદર ન વાપરવી. ગામડાઓમાં સ્કાઉટોની ફાયર બ્રિગેડ બહુ કામ કરી શકશે.

દાઝયા કે બળ્યા ઉપર ઉપાય:—

બળેલા કે દાઝેલા ભાગને હવા ન લાગે તે ધ્યાન રાખવું. જો ફફ્ફેલો ઉઠ્યો હોય તો ચોવીસ કલાક સુધી તે ફોડવો નહિ. તે ભાગને ઠંડક વળવા માટે કૅરન ઑઇલ, સાલિટનું તેલ, કોપરેલ તેલ, ઘી, વૅસેલિન કે સાબુ, (ગ્લ્યાસ્લેટ નહિ) ઉપયોગના છે. જો તે માણસ ઘા ખાઇ ગયો હોય—હબકી ગયો હોય તો પહેલા તેના ઉપચાર કરી પછી દાઝયાના ઉપચાર કરવા. દરદીને આરામ આપવો. તેને ગરમ રાખવો અને ગરમ કૉફી આપવી.

આસોચ્છવાસ ચાલુ કરવાની રીત

શેફરની રીત:—

દરદીનાં કપડાં કાઢી લેવામાં બીલકુલ વખત ગુમાવવો નહિં. દરદીને ઉંધો એટલે પીઠ ઉપલી તરફ રહે એવી રીતે સુવાડવો. દરદીના માથા તરફ મ્હોં રાખી તેને એક પડખે ધુંટણીએ બેસવું. નાક તથા મ્હોંમાં કાંઇ પણ રોકાણ કરે તેવી વસ્તુ હોય તે કાઢી નાંખવી. દરદીની કમ્મર ઉપર પોતાની બન્ને હથેલીઓ રાખવી અને પોતાનું શરીર આગળ ઝુકાવી મજબૂત હાથે પીઠ તથા છાતીના નીચલા ભાગ ઉપર સીધું દબાણ કરવું. આમ કરવાથી દરદીના ફેફસામાંથી હવા બહાર નીકળશે. પછી પાછા હઠવું અને હાથોનો ભાર ઢીલો કરવો પણ હાથ ઉંચકી લેવો નહિ. આમ કરવાથી દરદીના ફેફસામાં હવા દાખલ થશે. આ પ્રમાણે એક મીનીટમાં પંદરથી અઢાર વાર કરવું.

"સ્મેલીંગ સૉલ્ટ સુંઘાડવું. છાતી ઉપર ભીનો ટુવાલ માર્યા કરવો. સારવાર પુરી થઈ રહ્યા પછી

દરદીનું અંગ ગરમ રાખવું. એકજ માણસ ઝડપથી આ કામ કરી શકે છે.

સીલ્વેસ્ટરની રીતઃ—

કપડાં કાઢી નાંખવા અને દરદીની ગરદન, છાતી તથા કમર આસપાસ તદન ખુલાસો કરવો. ખભાની નીચે કંઈ ગાદી મુકવી અને દરદીને ચત્તો પીઠ પર સુવાડવો. દરદીના માથા પાછળ ઘુંટણીએ બેસવું. મ્હોં ઉઘાડી તેમાંથી અને હોઠ ઉપરથી ફીણ લુછી નાંખવું. જીભ બહાર ખેંચી કાઢવી. દરદીના બે હાથો કોણીની નીચેથી ઝાલવા અને તેમને બહારની બાજુએ ગોળ વાંક આપી. પ્હોળા કરી ઉપલી તરફ—આપણા તરફ—ખેંચવા અને તેમ કરતાં કોણીઓ જમીનને અડાડવી. આમ કરવાથી છાતી પ્હોળી થઇ અંદર હવા દાખલ થશે. પછી બન્ને વળેલા હાથોને ધીમેધીમે આગલી તરફ નીચે અને અંદરની બાજુ તરફ લાવી દરદીની છાતી ઉપર સીપીના હાડકાંની

બન્ને બાજુએ તેના ભુજ તથા કોણીઓ વડે મજબૂત દબાણ કરવું. આમ કરવામાં ફેફસામાં-ની હવા બહાર નીકળી જશે. આ પ્રમાણે એક મીનીટમાં પંદરથી અઢારવાર કરવું.

સ્મેલીંગ સૉલ્ટ સુંઘાડવું. છાતી ઉપર ભીનો ટુવાલ માર્યા કરવો. સારવાર પુરી થઇ રહ્યા પછી દરદીનું અંગ ગરમ રાખવું. ડુબી ગયેલા માણસોને માટે આ રીત ઘણી ઉપયોગી છે.

શરીરની સંભાળ.

તંદુરસ્તી સાચવવાના ઉપાય

રાતે વ્હેલા જે સૂઇ, વ્હેલા ઉઠે વીર,
ધન, વિદ્યા, બળ બહુ વધે, સુખમાં રહે શરીર

૧. દરરોજ સવારે શરીરને માફક આવે તો ઠંડા પાણીથી ન્હાવું. પાણીમાં વધારે વખત રહેવું નહિ. શરીર સારૂં ન હોય તો ગરમ પાણીએ ન્હાવું.

૨. ઉનાળો હોય કે શિયાળો હોય છતાં સુવાના

ઓરડાની બારીઓ હમેશાં ખુલ્લી રાખવી. ખુલ્લી બારીએ સુવાથી કદિ શરદી થતી નથી.

૩. ડૉકટરની અથવા તમારા માબાપની સલાહ વગર કોઇપણ દવા ખાવી નહિ.

૪. પીવામાં ચોખ્ખું પાણીજ લેવું. તે વિષે શક હોય તો ઓછામાં ઓછી પંદર મીનીટ સુધી તે પાણી ઉકાળી ઠંડું પડવા દઇ પછી પીવામાં લેવું.

૫. ગજવામાં હાથ રાખી ચાલવા કરતાં આમતેમ હલાવતા ચાલવું વધારે સારૂં છે.

૬. હમેશાં ઉંડો શ્વાસ લેવો. શ્વાસ લેતી વખતે મોઢું બંધ રાખી નાકથી શ્વાસ લેવો.

૭. દરરોજ સવારે નાસ્તો કરતાં પહેલાં દશ વખત ઘણો ઉંડો શ્વાસ લેવો અને શ્વાસ લેતી વખત ખભા પડખે રાખી ફેફસાં સંપૂર્ણ ભરવાં.

૮. હમેશાં ટટાર ઉભા રહેવું અને ખુરસીમાં બેઠેલાને ટટાર બેસવું.

૯. તમારો ખોરાક હંમેશ ખૂબ સારી રીતે ચાવવો.

૧૦. કોઇ પણ જાતનું વ્યસન રાખવું નહિ.

૧૧. મન, વચન અને કર્મ પવિત્ર રાખવાં અને હંમેશ આનંદમાં રહેવું.

૧૨. દરરોજ નિયમિત રીતે ઓછામાં ઓછી દશથી પંદર મીનીટ સુધી દરેક અવયવ કેળવાય એવી કસરત કરવી.

૧૩. નખ હમેશાં કાપવા અને ચોખ્ખા રાખવા.

૧૪. દાંત હમેશાં સારી પેઠે ઘસીને સાફ રાખવા.

૧૫. વાંળ પણ હમેશાં સાફ રાખવા અને સાબુનો ઉપયોગ તે માટે કરવો.

તંદુરસ્તી માટે થોડી સુચનાઓ :—

હંમેશ સવારના વ્હેલા ઉઠવું. શરીરની સ્વચ્છતા જળવાવીજ જોઇએ. હંમેશ નાહીને બાર વખત નાકવાટે ઉંડો શ્વાસ લેવાનું રાખવું. પછી દશેક મીનીટ કસરત કરવી. સવારમાં એક બે ક્ષણ ધ્યાન ધરવામાં ગળાય તો ખોટું નહિ.

ઘણાખરા દરદ દસ્તકબજને લઇને થાય છે. તો દરરોજ સવારમાં ને રાત્રે ઠંડું પાણી એક ગ્લાસ પીવું અથવા તો ફળનો વિશેષ ખોરાક રાખવો. હંમેશ નિયમિત જીવન ગાળવું. બને ત્યાં સુધી અને માબાપ અથવા કોઇ સારા ડૉકટરની સલાહ વગર ઔષધ નજ લેવાં. સાદો પુષ્ટિકારક ખોરાક ખાવો. ઘઉં, ચોખા, દાળ, ઘી, શાક કે ફળ, છાશ વગેરે પુષ્ટિકારક ખોરાક ગણાય. કૉફી, સ્વાદિષ્ટ મસાલો વગેરે ખોરાક તરિકે નકામા છે. તમાકુ, દારૂ અને કડક ચ્હા શરીરને નુકશાનકારક છે. ખાતી વખત દરેક કોળીઓ બરાબર ચાવીને ગળે ઉતારવો. અપચાથી દસ્તકબજ થાય છે. વધારે પડતું ન ખાવું. સ્હેજ ભૂખ હોયનેજ ઉઠી જવું. વખતસર એજ વખત ખાવું. હંમેશ નાકવાટેજ શ્વાસ લેવો. મ્હોં બંધ રાખવું. જો તેમ ન બનતું હોય તો ડૉકટરની સલાહ લેવી. ટટાર ઉભા રહેવું; ટટાર બેસવું; ટટાર ચાલવું.


દરેક વાતમાં સીધું સારૂં. તમારા શબ્દો અને વિચારો તમને પોતાને શરમ લાગે તેવા ન જોઇએ. તમારૂં મન સારે રસ્તે રોકાયલું રાખવું. તમારે સાચું, દયા બતાવી શકાય તેવું અને કોઇને ઉપયોગી થઇ પડે તેવું બોલવાનું ન હોય તો મુંગાજ રહેવું. તમારે પુરૂષાર્થી બનવું હોય તો તમારી ઇંદ્રિયો તમારા પર કાબુ મેળવે તે કરતાં તમે તમારી ઇંદ્રિયો પર કાબુ મેળવી લો. તમે કોઇ પણ ટેવ-ખરાબ ટેવ-ન ટાળી શકો તો તમારા સ્કાઉટ માસ્તરને નિખાલસ મનથી તે કહી તે ટેવ ટાળવા કે ટળાવવા પ્રયત્ન કરો. રાત્રે મોડે સુધી અને ઝાંખા અજવાળામાં ન વાંચવું. નરમ ગાદલાં કરતાં સખત બિછાના પર સુવાની ટેવ પાડો. તમારૂં શરીર ગરમ રાખો, પણ મોઢું તો ઉઘાડુંજ રાખવું. એટલા પર કે ઓરડામાં બારીઓ ઉઘાડી રાખી સુઓ. ચોખ્ખી હવા ઘણા દરદો નાબુદ કરે છે. હમેશાં આનંદી રહો.

ઉત્તર દિશા શોધવાની રીત

The Compass.

હોકાયંત્ર *

કબ્બજને આઠ દિશા—ચાર દિશા અને ચાર ખૂણા જાણવાના હોય છે. સ્કાઉટોને તે બધાની વચ્ચેના ખુણાઓ એટલે કે **કૉમ્પસના** સોળ ખુણા જાણવાના હોય છે.



આ હોકાયંત્રમાં લોહચુંબકની સોય હોય છે જે હમેશાં ઉત્તર દક્ષિણજ રહે છે. આ ઉત્તર દિશા કરતાં ભૂગોળની ઉત્તર દિશા ૫° થી ૧૦° પશ્ચિમે હોય છે. ઈંગ્લાંડમાં આ ઉત્તર દિશા કરતાં ભૂગોળનીના કરતાં ૧૫° પૂર્વ તરફ છે. માટે ભૂગોળની એટલે કે ખરી ઉત્તર દિશા તે પ્રમાણે નક્કી કરી લેવી.

ઘડીઆળની મદદથી ઉત્તર દિશા શોધવી:–

આપણી ઘડીઆળમાં જે આંકડા પર કલાક કાંટો હોય તે સૂર્ય તરફ રાખી તેની અને બારની વચ્ચેની જગ્યાના બે સરખા ભાગ કરવા. તે ભાગ કરનારી લીટી ઘડીઆળના મધ્યબિંદુમાંથી પસાર કરશો તો તે લીટી ઉત્તર દક્ષિણ જશે. દક્ષિણ તરફના લોકો એ બારનો આંક સૂર્ય તરફ રાખી તે અને કલાક કાંટા વચ્ચેની જગ્યાના બે સરખા ભાગ કરી તેમાંથી લીટી દોરી મધ્યબિંદુ-માંથી પસાર કરશો એટલે તે ઉત્તર દક્ષિણ જશે.


સ્ટાફની મદદથી ઉત્તર દિશા શોધવી :—

તમારો સ્ટાફ જમીન પર બરાબર સીધો ઉભો રાખો. તેનો છાંયો જ્યાં પડે તે ખુણા ઉપર એક ખુંટો દાટો અને સ્ટાફના નીચલા છેડાને મધ્યબિંદુ રાખી તેની અને ખુંટાની વચ્ચેના અંતરને ત્રિજ્યા તરિકે લઇ વર્તુલ દોરી રાખો. પછી ફરી પાછો તે સ્ટાફનો છાંયો તે વર્તુલના પરિધને ફરી ક્યારે અને ક્યાં અડકે છે તે જુઓ. જ્યાં તે અડકે ત્યાં બીજો ખુંટો દાટો તે બે ખુંટા વચ્ચેના વર્તુલના ભાગના બે સરખા ભાગ કરો. તે લીટી મધ્યબિંદુમાંથી પસાર થશે અને ઉત્તર દક્ષિણ જશે.

તારાઓની મદદથી ઉત્તર દિશા શોધવી:—

દરેક સેકન્ડ કલાસ સ્કાઉટે નીચેના તારકમંડળો જાણવા જરૂરના છે. સપ્તર્ષિ–The Great Bear, મૃગશીર્ષ–the Orion or the Hunter and the Southern Cross. આ મંડળો પરથી ઉત્તર દિશા જલદી શોધી કઢાશે. દરેક મંડળ ધ્રુવના તારાની આસપાસ ફર્યા કરે છે અને


તે તારો બરાબર ઉત્તર દિશા પર છે તેથી તે તારાની જગ્યા મુકરર કરીએ તો ઉત્તર દિશા જણાય. સપ્તર્ષિ The Plough or The Great Bear ના પ્હેલા બે તારા જે દર્શક (pointers) તારા કહેવાય છે તે બન્ને એક લીટીમાં છે તેને જોડી તે લીટી લંબાવીએ તો તે ધ્રુવના તારામાંથી પસાર થશે.



The Plough


મૃગશીર્ષના મંડળમાં ઉપરના ભાગમાં બે ત્રણ તારા ઘણા પાસે પાસે છે તે માથું છે. પછી બે

તારા જરા દૂર આવેલા છે તે ખભા છે. પછી ત્રણ તારા એક લીટીમાં છે તે પટા રૂપે છે અને તેની નીચે બીજા ત્રણ તારા ઉભી લીટીમાં છે તે તરવાર રૂપે છે. તેની નીચે બે પાછા છુટા તારા છે તે પગના છે. હવે જો તરવારના ત્રણ તારા જોડી તે લીટી લંબાવશું તો પટાના વચલા તારામાં થઇ માથાના તારામાંથી પસાર થઇ ધ્રુવના તારા તરફ જશે.



દક્ષિણ ગોળાર્ધ વાળાને દક્ષિણ દિશા શોધી કહાડવા માટે જે તારક મંડળ મદદ રૂપે છે તે

The Southern Cross છે. આકૃતિ પરથી તે સમજાઇ જશે.



× Pointers to the cross

Splicing and Lashing,

૧. ઘણીવાર દોરડાં છેડેથી ઉકલવા માંડે છે તો તેવા ઉકલેલા દોરડાને જે ગુંથણથી બાંધવામાં આવે છે તેને બૅક સ્પ્લાઇસિંગ (Back Splicing) કહેવામાં આવે છે.

૨. બે દોરડાંના કકડા સાથે જોડી દેવા માટે જે ગુંથણ કરવામાં આવે છે તેને શૉર્ટ સ્પ્લાઇસિંગ (Short Splicing) કહેવામાં આવે છે.

૩. એક દોરડાને છેડે ગાળો (Loop) બનાવવા માટે જે ગુંથણ થાય છે તેને આઇ સ્પ્લાઇસિંગ (Eye splicing) કહેવામાં આવે છે.

કામચલાઉ પૂલ બાંધવા પડે ત્યારે પ્હેલાં એ ઘોડી–ટ્રૅસલ (Trestle) બાંધવી પડે છે. તેના આકાર × જેવો થાય છે. બે જાડા સોટા લઇ તેને સાથે સાથે રાખી આવા આકારમાં દોરડાથી બાંધવામાં આવે છે. પ્હેલાં એક સોટા પર કલોવહિચ લઇ બંને સોટાની આસપાસ વારાફરતી ત્રણ ત્રણ આંટા લઇ દર વખતે એક બે આડા આંટા લઇ લેવાય છે અને છેલ્લે હાફ હિચ લઇ દોરડું પુરૂં થાય છે. આને લૅશિંગ Lashing કહે છે.

નદીની પ્હોળાઇ માપવાની રીત

૧. તમે નદીના એક કાંઠા ઉપર ઉભા હો ત્યાંથી સામેના કાંઠા પર કાંઇ વસ્તુ અથવા ઝાડની સામે ઉભા રહો. પછી કિનારે કિનારે ત્રીસ પગલાં ભરો ત્યાં તમારો સ્ટાફ ઉભો મુકો

અને પાછા પંદર કે ત્રીસ પગલાં ભરો અને એક કાટ ખૂણે ફરી પીઠ નદી તરફ રાખી સામી દિશામાં ચાલો અને પેલું ઝાડ કે વસ્તુ અને તમારો સ્ટાફ એક સીધી લીટીમાં દેખાય ત્યાં ઉભા રહો. પછી કિનારેથી જેટલે દૂર છેલ્લે આવ્યા તેથી બમણી અથવા તેની બરાબર નદીની પ્હોળાઇ થશે.

(Geometrical method).

૨. તમારી હૅટની કોર બરાબર નાકના ટેરવાની સીધી લીટીમાં લાવો. પછી કિનારા પર એવી રીતે સીધા ઉભા રહો કે તમારી ટોપીની કોરની લીટી સામા કિનારા પર પાણીની હારની બરાબર આવી રહે. પછી માથું હલાવ્યા ચલાવ્યા વગર કે ઉંચુંનીચું કર્યા વગર જમણી બાજુ ફરો અને તે તરફ જમીન પર એક જગ્યા એવી શોધો કે જે તમારી ટોપીની કોરની લીટીની બરાબર આવી રહેતી હોય. તમે ઉભા હો ત્યાંથી તે જગ્યા સુધીની લંબાઇ તે નદીની પ્હોળાઇ થશે.

(Hat Rim method)

વસ્તુઓની ઉંચાઈ માપવાની રીત.

૧. જે વસ્તુની ઉંચાઇ માપવાની હોય તેના પાયાથી અમુક પગલાં ચાલો, ત્યાં તમારો સ્ટાફ બરાબર સીધો ઉભો રાખો. પછી જરા આગળ ચાલી એવી રીતે જમીન પર સુઓ કે જ્યાંથી તમે તે વસ્તુની ટોચ અને તમારા સ્ટાફની ટોચ એક લીટીમાં જોઇ શકો. પછી પ્રમાણ મુકી તમે તે વસ્તુની ઉંચાઇ ગણી શકશો.

તમારી આંખથી સ્ટાફનું અંતર (અ); તમારી આંખથી વસ્તુનું અંતર (બ) સ્ટાફની ઉંચાઇ (ક); વસ્તુની ઉંચાઇ (?)

(અ) : (ક) : : (બ) (?)

(Proportion method)

૨. તમારો સ્ટાફ વસ્તુના પાયા આગળ બરાબર સીધો ઉભો રાખો. પછી વસ્તુનો પડછાયો અને તમારા સ્ટાફનો પડછાયો માપો અને તે પ્રમાણ મુકી વસ્તુની ઉંચાઇ જાણી શકશો.

સ્ટાફ પડછાયો (અ); સ્ટાફની લંબાઇ (બ)

વસ્તુનો પડછાયો (ક); વસ્તુની લંબાઇ (?)

(અ): (ક) : : (બ): (?)

(Shadow method)

૩. વસ્તુની પાસે એક સ્કાઉટને અથવા સ્ટાફને ઉભો રાખી તમારી પેન્સીલ વતી તેને માપો અને તે પ્રમાણમાં તમારી પેન્સીલ વતી વસ્તુ માપો. જેટલી પેન્સીલથી વસ્તુ મપાય તેટલા સ્ટાફ ગણી વસ્તુની ઉંચાઇ થશે.

(Pencil method)

૪. એક વાસણમાં ચોખ્ખું પાણી લઇ તેને જરા માટીવાળું કરો. પછી વસ્તુની સામી બાજુ સીધા ઉભા રહી પાણીમાં તે વસ્તુના પ્રતિબિંબની ટોચ દેખાય તેમ ઉભા રહો. પછી તે વાસણથી તમારૂં અંતર અને તેનાથી વસ્તુનું અંતર માપો અને પ્રમાણ માંડી વસ્તુની ઉંચાઇ શોધી કાઢો.

(Reflection method)

૫. વસ્તુથી થોડે દૂર તમારો સ્ટાફ ઉભો કરો. પછી એક સમ બાજુ વાળું સેટ સ્કવેઅર

લઇ જમીનને સમાન્તર તે સ્ટાફ પર રાખો અને તમે જરા દૂર એવી રીતે સુઓ કે તે સેટ-સ્કવેઅરમાં નીચલા છેડા આગળ તમારી આંખ રાખી તે બાજુની લીટીમાંજ વસ્તુની ટોચ જુઓ. પછી સ્ટાફ અને સેટસ્કવેઅર હોય ત્યાંજ રાખી સામી બાજુ જઇ ઉપલા છેડા આગળ આંખ રાખી જમીનની કઇ જગ્યા તમને દેખાય છે તે ધ્યાન રાખો. તે જગ્યાનું સ્ટાફથી અંતર અને વસ્તુનું સ્ટાફથી અંતર તેજ પ્રમાણમાં સ્ટાફની ઉંચાઇ અને વસ્તુની ઉંચાઇ હોય.

(45° method)

૬. વસ્તુથી બરાબર ૧૧ સ્ટાફની લંબાઇ માપો અને પછી પાછી એક સ્ટાફ જેટલી લંબાઇ વધુ માપો. ૧૧ સ્ટાફની લંબાઇ પર સ્ટાફ ઉભો રાખી તમે એક વધુ સ્ટાફની લંબાઇ પર સુઇ તમારી આંખથી વસ્તુની ટોચ સ્ટાફના જે ભાગ આગળથી દેખાય તે ભાગ ધ્યાનમાં રાખી જમીનથી કેટલા ઇંચ ઉંચે તે જગ્યા છે

તે જુઓ. તેટલા ફુટ તે વસ્તુ ઉંચી હશે.

(Foot to an inch method)

૭. તમારી પીઠ વસ્તુ તરફ રાખી ઉભા રહો અને ઘુંટણ વાળ્યા વગર તમારા બે પગની વચમાંથી વસ્તુની ટોચ જોવા પ્રયત્ન કરો. જે જગ્યાએથી તેની ટોચ તમે જોઇ શકો તે જગ્યાનુ વસ્તુથી અંતર માપો. તેનું અર્ધું વસ્તુની ઉંચાઇ છે.

(Red Indian or Forester's method)

વસ્તુનું અંતર નક્કી કરવા માટે સૂચનાઓ

કોઇ પણ વસ્તુ પોતાનાથી કેટલી દૂર છે તે કહી આપવું એ સ્કાઉટોએ શીખવાનું છે. તેમ ખોટી અટકળો કર્યા કરવી એ સારી નહિ. ખરી અટકળ કરી શકાય તે માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી ઠીક પડશે.

૫૦ વાર દૂરથી માણસનું મ્હોં અને આંખો બરાબર જોઇ શકાય.

૧૦૦ વાર દૂરથી માણસની આંખો ટપકાં જેવી દેખાય.

૨૦૦ વાર દૂરથી માણસના શરીરના અવયવ, પાટા બાંધ્યા હોય તો તે વગેરે જોઇ શકાય.

૩૦૦ વાર દૂરથી મ્હોં બરાબર ન જોઇ શકાય.

૪૦૦ વાર દૂરથી પગનું હાલન ચાલન જોઇ શકાય.

૫૦૦ વાર દૂરથી માથું અને ટોપી જોઇ શકાય તેમજ રંગ પારખી શકાય.

૬૦૦ વાર દૂરથી માથું નાનું સરખું દેખાય.

૭૦૦ વાર દૂરથી માથું પારખીજ ન શકાય.

પાછળની પછીત ગમે તેવી હોય, ઝાંખું અજવાળું હોય, વસ્તુ છાંયડાંમાં હોય, પછીત અને વસ્તુ પોતે એકજ રંગના હોય, આપણે સુઇને કે ઘુંટણીએ બેસીને જોતા હોઇએ તો આપણે કહેલું અંતર જરા વધારે હશે.

હવા ચોખ્ખી હોય અને સૂર્યનો તડકો વસ્તુ પર બરાબર પડતો હોય, સપાટ જમીન, બરફ કે પાણી પરથી જોતા હોઇએ, પછીતથી વસ્તુનો રંગ જુદો હોય, ઉંચે કે નીચે જોતા હોઇએ ત્યારે આપણે કહેલું અંતર જરા ઓછું હોય.

કૅમ્પીંગ માટે સૂચના.

અગત્યઃ—સ્કાઉટિંગની પ્રવૃત્તિ બીજી પ્રવૃતિઓ કરતાં એક બાબતમાં ખાસ જુદી પડે છે અને તે એ કે કેમ્પીંગને સ્કાઉટિંગનું મુખ્ય અંગ બનાવવામાં આવ્યું છે. આપણે એમ કહી શકીએ કે "**No scouting without camping** અથવા **No camping, no scouting.**

૧ સ્કાઉટ માસ્તરને પોતાના સ્કાઉટોના અંગત પરિચયમાં આવવાનો લાભ મળે છે અને તેથી કરીને દરેક સ્કાઉટની ટેવોનો અને સ્વભાવનો અભ્યાસ કરવાની તક મળે છે અને દરેક સ્કાઉટની શકિત અને બુદ્ધિને યોગ્ય દિશામાં લાવી શકાય છે.

૨ છોકરાઓને ખુલ્લી હવાના, સૃષ્ટિસૌંદર્યનાં, અવલોકન શક્તિ અને સહન શક્તિ કેળવવાના, ભ્રાતૃભાવ ખીલવવાના વિ. વિ. ફાયદા સ્પષ્ટ છે.

૩ હાલની કેળવણીની પદ્ધતિના દૂષણરૂપ નિશાળના ઓરડાની ચાર દિવાલો અને પુસ્તકના અર્થહીન પરિચયથી દૂર રાખી વિદ્યાર્થીની દૃષ્ટિમર્યાદાને વિશાળ બનાવે છે.

કૅમ્પની જગ્યાની પસંદગી

(૧) શહેરથી યોગ્ય અંતરે જગ્યા હોવી જોઇએ. ખર્ચ ઓછો થાય એટલે દૂર રાખી શકાય. (૨) પાણી અને બાળવાના લાકડાં સ્હેલાઇથી મળી શકે એવી વિશાળ અને રમતગમત માટે તથા તંબુઓ ઠોકવા માટે અનુકૂળ સ્થાનવાળી જોઇએ. (૩) ઐતિહાસિક, કોઇ ઉદ્યોગ માટે જાણીતી અથવા સૃષ્ટિસૌંદર્યવાળી જગ્યા પસંદ કરવી જોઇએ. (૪) ઝરાની પાસે, રસ્તાથી દૂર પાણી વગેરે માટે પૂરતા ઢાળ વાળી, પવનના સીધા ઝપાટા ન આવે

એવી જગ્યા ઉત્તમ છે. વળી તે જગ્યાએ ઘાડું ઘાસ ઉગેલું ન જોઇએ કે જેથી આગનો ભય રહે.

સામાન્ય સૂચના.

પડી જાય એવા ઝાડોથી તંબુ વિગેરે દૂર રાખવા જાજરૂ વિગેરે પવનના માર્ગમાં ન જોઇએ. સુવાના તંબુથી જાજરૂ વિગેરે ઘણા દૂર જોઇએ. તંબુઓની નજીક પાણી બીલકુલ ઢોળાવું ન જોઇએ. તંબુઓ ગોળાકારમાં એવી રીતે હોવા જોઇએ કે કૅમ્પફાયર વિગેરે માટે પુરતી જગ્યા રહે. સઘળો કચરો ખાસ એક ખાડામાં નાખવો જોઇએ અને તેને બાળી મુકવો જોઇએ. પાણી ઉકાળીને ઠંડુ પાડયા પછી પીવું વધારે સારૂં છે. ઝાડના થડ પાસે દેવતા સળગાવવો ન જોઇએ. કામ થઇ ગયા પછી એક પણ તણખો ન રહે એમ બધો દેવતા હોલવી નાખવો જોઇએ. ખોરાકની વસ્તુએ રહેવાની જગ્યાથી અલગ રાખવી જોઇએ. સારી ઋતુમાં સ્કાઉટને તંબુની જરૂર રહેતી નથી. ડાખળીઓ અને સુકા પાંદડાની પથારી

બનાવી લેવાય. જમીન પર ન બેસવું. બીજું કાંઇ પાસે ન હોય તો પોતાની હૅવરસૅકપર બેસવું. ભીનાં કપડાં પ્હેરી ન રાખવા. બીજા કપડાં પાસે ન હોય તો પ્હેરેલાં કપડાં બરાબર નીચોવી નાખી પાછા પહેરવા. જો તે કપડાં પ્હેરી આમતેમ ફર્યા કરશો તો ઠંડી નહિ લાગે. જોડા ભીના થાય—ખાસ કરી અંદરથી ભીના થાય તો ગરમાગરમ કાંકરા લઇ અંદર નાંખવા. તેનાથી સુકાઇ રહેશે. એકાદવાર હલાવવા. તમને તરસ લાગે અને પાસે પાણી ન હોય તો મ્હોંમાં એક ચોખ્ખો કાંકરો રાખી જુઓ. કોઇ વખત બધાથી છુટા પડી ભુલા પડાય તો નાસીપાસ થઇ ન જવું અને આમતેમ દોડાદોડી ન કરવી પણ બ્હીસલથી નિશાની આપવી. રાત હોય તો અગ્નિ સળગાવવો. બીજા તમારા સોબતી તમને શોધશે. જો તમને ઝાડો સાફ આવે, મગજ સારૂં રહે અને પગ ભીના ન રાખો તો ને તમારી કૅમ્પની જગ્યા સારી પસંદ થઇ હોય તો માંદા નહિ પડો. બાજરૂ માટે ખા..

ખોદવા. એક ફુટ પ્હોળો દરેક ખાડો રાખવો અને આસપાસ પડદા ઉભા કરી દેવા અને વચમાં પણ આડા પડદા ભરી દેવા. ઉપયોગ કર્યા પછી ઉપર માટી નાખવા ભુલવું નહિ. એકાદ અઠવાડિયું થયે આખો પુરી દઇ બીજો કરવો. કોઇ માંદુ પડે કે તુરત જણાવી દેવું જોઇએ. ડિસિપ્લિન હમેશાં જાળવાવી જોઇએ.

જરૂરની વસ્તુઓ—દરેક છોકરા પાસે—જમીન પર પાથરવાનું-શેત્રંજી અથવા રબરનો કટકો, હૅવરસૅક (થેલી) વૉટર બૉટલ (પાણીની બાટલી), સ્ટાફ (દંડ), ૨ કામળા (એક ઓઢવા માટે અને એક જરૂર પડે તો પાથરવા માટે કે તંબુ કરવા માટે), ચપ્પુ, સીસોટી, વધારાનું એક પાટલૂન, ધોતીયું, ટુવાલ, ખમીસ, પાણીનું પ્યાલું, રૂમાલ નોટબુક, પેન્સીલ, સફેદ ત્રિકોણાકાર પાટો સ્કાર્ફ) સિવાય), નાની થાળી, દોરી, વાડકી, તેલ, કાંસકી વગેરે પોતાને ઉપયોગી ચીજો.

પેટ્રોલની જરૂરીઆતો (એક અઠવાડીઆ માટે)

૧ કુહાડી, ૬ મીણબત્તી, ૧ કેનવાસની ડોલ, વાવટા (સિગ્નલિંગ), સોય દોરો, ખીલા, તાર (આશરે ૧ વાર), હરિકેઇન ફાનસ, ર દોરડાં પેટ્રોલનો વાવટો, હથોડો, દિવાસળી.

આખા ટ્રુપ માટેની જરૂરીઆતો—૨૪ સ્કાઉટની ત્રણ પેટ્રોલ.

રાંધવાના વાસણો—૪ ઍલ્યુમિનિયમની તપેલી (ચડતી ઉતરતી સાઇઝની), ૪ ઢાંકણા, ૪ મોટા ચમચા, ૨ નાના ચમચા, તાવી (કઢાઇ અથવ પેણી), સાણસી, તાવેથો, કોથળો, પાવડો, કોદાળી, અનાજ (૬ દિવસ માટે ૬ સ્કાઉટ સારૂ)-ઘઉંનો લોટ શેર ૮, દાળ શેર ૪, ચોખા શેર ૧૨, કુકોળ શેર ૪, બટેટા શેર ૧૬, કાંદા શેર ૧૦, ખાંડ શેર ૪, ઘી શેર ૩, તેલ શેર ૩, ચ્હા શેર ૧, કૉફી શેર ૦||, મસાલો—મીઠું, મરચું, કોકમ, આમલી, હળદર, ધાણાજીરૂં, રાઇ, મેથી, મરી, સંચોરો, ગોળ. ટ્રુપ ફ્લૅગ, યુનિયન જૅક.

તાત્કાલિક ઇલાજો માટે જરૂરી ચીજો-ત્રિકોણા-કાર પાટા; લાંબા પાટા, લિન્ટ, કૉટનવુલ ઍડહીઝિવ પ્લાસ્ટર, દોરો, સેફ્ટી પિન્સ, સોય, કાતર, સ્પ્લિ-ન્ટસ માટે પાતળા લાંબા પાટીઆ, સારો ચપ્પુ, ચોખ્ખું ટિંક્ચર આયોડાઇન, પોટૅસ્યમ પરમૅન્ગનેટ' બોરીક ઍસિડ, ઍમોનિઆ, વૅસેલાઇન, અમૃતાં-જન, કવિનાઇન, પેઇનકિલર, યુકૅલિપ્ટસ તેલ, જુલાબનું મીઠું, સુંઠ, મરી વગેરે.

'રસોઇ ડ્યુટિ પેટ્રોલ કરે અને તાત્કાલિક ઉપાયે, માટેની ચીજો ઍમ્બ્યુલન્સ બૅજવાળા સ્કાઉટસ પોતાની પાસે રાખે.

સેઇવિંગ બૅન્ક.

દરેક સ્કાઉટ પોતાને આવડતી ચીજ બનાવી વેચી શકે છે અથવા બીજી કોઇ રીતે કામ કરી (ભલા કામ માટે સ્કાઉટ પૈસા નથી લઇ શકતો) પોતાના પૈસા ભેગા કરી શકે છે. તે પૈસાને પોતાની સ્કાઉટ ટ્રુપની સેઇવિંગ બૅન્કમાં મુકી શકે છે,

તેમાંથી જો તે સ્કાઉટ સેકન્ડ ક્લાસ સ્કાઉટ હોય તો આઠ આના અને ફર્સ્ટક્લાસ સ્કાઉટ હોય તો એક રુપીઓ રાખી બાકીના તેનાજ હિસાબપર રહે છે. જેમાંથી તેને જોઇએ ત્યારે લઇને વાપરી શકે છે. બાકીના તેના ખાતામાં પડી રહે. આ બન્ને હિસાબ ટ્રુપનો ટ્રેઝરર રાખે.

સ્કાઉટનું કામ.

ખરો સ્કાઉટ પોતાને, પોતાનાં માબાપને, પોતાના કુટુંબ અને ગામથી માંડી પોતાના દેશને દીપાવે છે. તે શું શું કરી શકે છે એમ કહેવા કરતાં તે કયું ઉત્તમ કામ કરી નથી શકતો એમ કહેવું યથાર્થ છે. જંગલમાં કુદરતનું અવલોકન કરવું તે શહેરના રસ્તાઓ પર કૃત્રિમરચનાં જોવા કરતાં તેને વધારે પ્રિય છે. બીજાને દિશા ન જડે પણ સ્કાઉટ તો પોતે જાણેલી દિશાઓ શોધી કાઢવાની રીતથી તે શોધી કાઢે છે. દિવાસળી ભૂલથી ઘેર રહી ગયેલી માલુમ પડતા તે નાસીપાસ થઇ જતો નથી પણ તરત એ

ઝાડની ડાળીઓ સાથે ઘસીને અથવા ચકમકથી પોતાનો દેવતા સળગાવે છે. અને એક વખત દેવતા સળગાવ્યો એટલે તે ગમે તે ખાવાનું તૈયાર કરી શકે છે. નિશાળેથી ઘેર અને ઘેરથી નિશાળે જતા બીજા છોકરાને જે ભુખ લાગે છે તેની સાથે સ્કાઉટની ભુખ સરખાવો. ખુલ્લી હવામાં ફરતા સ્કાઉટને અરૂચિ, અજીર્ણ જેવું હોઇ શકેજ નહિ.

વળી અકસ્માત થયો હોય ત્યારે તે સ્થળે જુઓ. સેંકડો માણસો તે સ્થળે ટોળું વળી જોયા કરશે અને ઉલટા દર્દી માણસની હવા પણ બંધ કરશે. સ્કાઉટ તરતજ ત્યાંજ દોડી જઇ ટોળું વિખેરી નાખી અથવા દુર રાખી દરદીને પૂર્ણ હવા અને આરામ મળે એવા ઉપાયો લેશે. પોતાને મળેલા જ્ઞાનનો ઉપયોગ કરી સ્કાઉટ દરદીને લોહી નીકળતું હોય તે બંધ કરશે, ઘા ઉપર પાટો બાંધશે અને જરૂર હોય તો બીજી

મદદ માગશે, દાઝેલા માણસનું દુઃખ સ્કાઉટ ઓછું કરશે. ડુબી જવાથી બેભાન થએલા માણસને સ્કાઉટ તરતજ કૃત્રિમ શ્વાસોચ્છવાસની ક્રિયા વિગેરેથી શુદ્ધિમાં લાવવામાં એક ક્ષણ પણ વિલંબ કરશે નહિ.

પોતાના સ્કાઉટ મિત્ર સાથે વાત કરવી હોય તો અવાજ કર્યા વગર તે પોતાના વાવટાથી તેમ કરી શકશે, સ્કાઉટને ઝાડ પર ચઢી જવું, નદી તરી જવી, તંબુ બનાવવો અને સમારવો, પોતાનાં કપડાં સાંધવાં એ બધું મહાવરાથી રહેલું થંઇ પડે છે. જંગલમાંના પશુપક્ષીઓ અને પાણીમાંની જુદી જુદી જાતની માછલીઓના નામ તે જાણે છે. સ્કાઉટ દરેક પ્રાણી પર દયા રાખે છે અને સર્વનો તે મિત્ર છે. સ્કાઉટને દરરોજ એક પણ સારૂં કામ કર્યા વગર ચેન પડતું નથી. તેની આંખો ને કાનો ચંચળ અને શરીર ચંચળ અને મજબુત હોય છે. સ્કાઉટ દારૂ વગેરે માદક પદાર્થોથી દૂર રહે છે. કારણ કે તેમ કરીને તે

પોતાની મેળે પોતાની જાતને ઝેર દેવા માગતો નથી. તેને તમાકુનું વ્યસન હોતું નથી. કારણ કે તે પોતાની મગજશક્તિ સતેજ રાખવા માગે છે. ટુંકમાં સ્કાઉટ પોતાનો મુદ્રાલેખ "Be prepared" હમેશાં "તત્પર રહો" પોતાના દરેક કામમાં નજર આગળ રાખે છે. કોઇ પણ ભલું કામ કરવા માટે, પોતાના સાથીને બચાવવા માટે, પોતાનું જ્ઞાન વધારવા માટે, પોતાના દેશને માટે, સ્કાઉટ હમેશાં તૈયારજ છે.

દરેક સ્કાઉટે બી વાવી અથવા તો કલમ વાવી છોડ કે ઝાડ ઉગાડતાં શીખવાનું છે. તે માટે દરેક ઝાડને કઇ જાતની માટી તથા ખાતર સારૂં તે પણ જાણી લેવું જરૂરનું છે.

દરેક સ્કાઉટે પોતાનો ખોરાક રાંધતાં શીખવાનું પણ જરૂરનું છે. સાધારણ રીતે આપણા લોકને ખીચડી, ભાત, દાળ, રોટલી કે ભાખરી આટલી વસ્તુ કરતાં આવડે તો બસ. પારસી

મુસલમાનોએ પોતાનો સાધારણ ખોરાક રાંધી લેતાં શીખવો જરૂરનો છે. રાંધવા માટે ઉઘાડી જગ્યા હોય તો પણ ત્યાં કેવી રીતે અગ્નિ સળગાવવો અને તે પણ ફક્ત બે દિવાસળી બગાડી સળગાવવો અને તે પર પોતાનો ખોરાક પકાવી લેવો તે આવડવું જોઇએ.

દરેક સ્કાઉટે નક્ષત્રો ઓળખતાં શીખવા જોઇએ અને ખાસ બાર રાશિઓના મંડળો તો જાણવાજ જોઇએ.

દરેક સ્કાઉટે સાધારણ શાકભાજીના ઝાડ, વેલી કે છોડવા ઓળખતા શીખવું જોઇએ. તેમજ ફુલ ઝાડ વાવતા તથા ઓળખતા શીખવું જોઇએ. ક્યા ઝાડના ફળ ખાવા લાયક છે અને ક્યા ઝેરી છે અથવા નુકશાન કારક છે તે જાણવું જોઇએ.

દરેક સ્કાઉટે સાધારણ રીતે જોવામાં આવતા જંગલી પ્રાણીઓ તથા જાનવરો-તેમના પગલા, ટેવો વગેરે પણ જાણવાં જોઇએ. જંગલી પક્ષીઓ તેમના પગ, ચાંચ, ટેવ વગેરે પણ જાણવાં જોઇએ

સાધારણ પળાતા પશુ પક્ષીઓ વિષે તો જાણુ તાજ હોઇએ.

દરેક સ્કાઉટ પોતે જે નવું ઝાડ, છોડ, પશુ કે પક્ષી જુએ તેના વિષેની માહિતી ઉતારી લેવા માટે એક નોટબુક રાખે જેની અંદર તે દરેક વિષે છુટે છુટે પાને લખી રાખે જેથી તે દરેક વિષે જાણકાર થવાશે.

પોતાની ટુપની કલબરૂમમાં એક સંગ્રહ રાખવો જોઇએ જેની અંદર દરેક જાતના ઝાડ, છોડ વગેરેના પાનના નમુના રહે. જ્યાં આગળ દરેક સ્કાઉટ પોતાનો આવો સંગ્રહ, પોતે જાતે બનાવેલી ચીજો, પોતાની બીજી જરૂરીઆતો વગેરે રાખી શકે અને નવરાશની વેળાએ બેસી કામ કરી શકે એવા એક ઓરડાને કલબરુમ કહેવામાં આવે છે. તે કલબરૂમ સારો-શોભીતો, સ્કાઉટોને લાયકનો રાખવો એ દરેક સ્કાઉટની ફરજ છે.


Mapping and Sketching.

નકશા ચીતરવા

દરેક ફર્સ્ટ ક્લાસ સ્કાઉટે પોતાની મેળે અમુક મુસાફરી કરવાની હોય છે અને તે મુસાફરીનો હેવાલ એક પોતાના દોરેલા નકશા સાથે આપવાનો હોય છે. તેથી કરીને નકશા કેમ દોરવા તેનું જ્ઞાન મેળવવું જરૂરનું છે. તે માટે નીચેની માહિતી મદદરૂપ થઇ પડશે. સ્કાઉટે દોરેલો નકશો જોઇને તેણે મુસાફરી કરેલા ભાગમાં રસ્તાઓ, જાણવા જેવી જગ્યાઓ, મકાનો વગેરે તેમજ કુવા, નદી, નાળાં, મંદિર, દેવળ, ઝાડ પાન વગેરે પણ જણાવવા જોઇએ. આ જાણવા માટે નકશામાં અમુક નિશાનીઓ રખાય છે. તે નિશાનીઓ નીચે આપી છે.



સરિયામ રસ્તો-પાકી સડ
કાચી સડ
કેરડી, નાનીવા
રેલવે સડ
નદી વગેરે પરનો પુ
છાયાવાળા ગોળ ઘેરાવાના ઝા
આંબો, વડ વગેરે જેવા
છાયાવાળા લાંબા ઉંચા ઝાડ
સરૂ જેવ
તાડ નાળીએરી વગેરે
ઘાસીયુ
ભેજવાળી જગ્યા
ખેડેલી જમી
નદ
મકા
મંદિ
મસ્જ



દેવળ ટાવરવાળું
દેવળ સ્પાયરવાળું
દેવળ સાદું

P	Post office	પોસ્ટ ઑફિસ
T	Telegraph Office	ટેલીગ્રાફ „
Sch	School	નિશાળ
R.S.	Railway Station	રેલ્વે સ્ટેશન
S.P.	Sign Post	સાઇન પોસ્ટ—રસ્તો બતાવનારૂં પાટીઉં
o W	Well	કુવો.



રેલ્વે પરનો રસ્તો

રસ્તા પરની રેલ્વે

નદી પર રેલ્વે

નકશો સ્વચ્છ રાખવો—અંદર ખીચોખીચ લખાણ હવું નહિ. અમુક માપ લઇ તે પ્રમાણેનો

નકશો દોરવો અને તે માપ બતાવવું. ઉ
દિશા કઇ તરફ છે તે બતાવવું. રસ્તા ક્યાં જ
છે તે લખવા. સાધારણ અંતરો પગલાં
માપી શકાય.

ગર્લ ગાઇડિંગ વિષે થોડી માહિતી

બ્રાઉનીઝ (Brownies)તે અગીઆર વર્ષ ની
છોકરીઓ માટે. (તે બ્લુબર્ડઝ પણ કહેવાય છે

રેક્રુટ	પાસથવાની તારીખ	અમલ ની સ
બ્રાઉનીએ નીચેનું જાણવું જરૂરનું છે:—		
બ્રાઉનીનું વચન		
બ્રાઉનીની સલામ		
બ્રાઉનીનું હાસ્ય (The smile)		
ભલું કામ		
ફેઅરી રિંગ		
બ્રાઉનીએ પોતાની ટાઇ		

	પાસથવાની તારીખ	અમલદાર ની સહી
(ગાંઠ) બાંધતાં જાણવી જોઇએ.		
પોતાનું માથું ઓળતાં જાણવું જોઇએ.		
પોતાના વાસણો સાફ કરતાં આવડવા જોઇએ.		
સેકન્ડ કલાસ		
બ્રાઉનીએ નીચેનું જાણવું જોઇએ.		
૧. જ્ઞાન		
યુનિયન જૅકની રચના અને તેને ઉરાડવાની ખરી રીત.		
નીચેની ગાંઠો બાંધવી જોઇએ અને તેના ઉપયોગ આવડવા જોઇએ:		

	પાસથવાની તારીખ	અમલદારની સહી
રીફનૉટ, શીટ બૅન્ડ, કલવ હિચ, ફિશરમૅન્સનૉટ, પારસલ ચોકસાઇથી અને ચોખ્ખાઇથી બાંધતાં આવડવું જોઇએ.		
૨. હસ્તકળા		
રૂમાલ કે ડસ્ટર ગુંથતાં આવડવું જોઇએ.		
સીવતાં અને સાંધતાં આવડવું જોઇએ.		
૩. સેવા		
પીરસતાં આવડવું જોઇએ		
કોઇની આંગળી કરડાઇ ગઇ હોય અથવા ઘુંટણ છોલાયો હોય તો તે પર		

	પાસથવાની તારીખ	અમલદારની સહી
પાટા બાંધતાં આવડવું જોઇએ.		
૪. તંદુરસ્તી		
પ્રાણની પોતાની મેળે કરી શકે તેવી અથવા હૅન્ડ બુક (Girl Guiding)માં આપેલી કસરતોમાંની પ્હેલી બે કસરત આવડવી જોઇએ.		
પોતાના નખ કાપવા અને સ્વચ્છ રાખવા. દાંત ચોખ્ખા રાખવા તે કેવી રીતે અને શા માટે રાખવા તે તથા શામાટે નાકે શ્વાસ લેવો તે જાણવું જોઇએ.		

	પાસથવાની તારીખ	અમલદારની સહી
દોરડાનો ગાળો ફેંકતાં અથવા આઠ જેવા આકારમાં કુદતાં (દોરી સાથે કુદતાં) આવડવું જોઇએ. પ્હેલાં જમણે હાથે અને પછી ડાબે હાથે દશ વાર દૂર દડો ફેંકી શકવો જોઇએ.		

ફર્સ્ટ ક્લાસ.

૧. જ્ઞાન

મોર્સ કે સેમાફોરના મૂળાક્ષર આવડવા જોઇએ અને ચારમાંથી ત્રણ અક્ષર ખરા લઇ શકવા જોઇએ.		

	પાસ થવાની તારીખ	અમલદારની સહી
'ગૉડ સેઇવ ધ કિંગ' ની પ્હેલી બે કડી આવડવી જોઇએ.		
હોકાયંત્રની ચાર દિશા અને ચાર ખૂણા જાણવા જોઇએ.		
૨. હસ્તકળા		
નાના વાસણો માંજી સાફ કરતાં આવડવાં જોઇએ		
હાથના મોજાં અને મફલર ગુંથતાં આવડવું જોઇએ.		
કાકડી મુકી દેવતા સળગાવતાં અને ચ્હા તથા મસાલાવાળું દુધ કરતાં આવડવું જોઇએ.		

	પાસથવાની તારીખ	અમલદાર ની સહી
૩. સેવા બાર શબ્દોનો એક સંદેશો પાંચ મીનીટમાં લઇ જઇ ખરો આપવો જોઇએ (મ્હોંએ). ત્રિકોણાકાર પાટો બાંધતાં આવડવું જોઇએ.		
૪. તંદુરસ્તી હૅન્ડબુકમાં આપેલી પાંચ કસરત કરતાં આવડવી જોઇએ અને તેના હેતુ જાણવા જોઇએ. અથવા તેવી બીજી કસરતો આવડવી જોઇએ.		

ગર્લગાઈડ્ઝ માટે	પાસથવાની તારીખ	અમલદાર ની સહી
(અગીઆરથી સોલ વર્ષ સુધીની છોકરીઓ માટે) ટેન્ડર ફુટ. ગાઇડના નિયમો જાણવા જોઇએ તેમજ ત્રણ વચન તથા નિશાનીઓ અને સલામ જાણવી જોઇએ, યુનિયન જૅકની રચના અને તેને ઉરાડવાની ખરી રીત જાણવી જોઇએ. નીચેની ગાંઠમાંની ગમે તે ચાર જાણવી જોઇએઃ- રીફ, શીટબૅન્ડ, કલવ-હિચ, બોલિન, ફિશરમેન્સ અને શીપ શૅન્ક.		

	પાસથવાની તારીખ	અમલદારની સહી
ગાઇડની ડ્રિલ જાણવી જોઇએ.		
એક મહિનાની હાજરી જોઇએ.		
સેકન્ડ ક્લાસ ગાઇડ		
ટેન્ડર ફુટના ટેસ્ટ પસાર કરેલા હોવા જોઇએ.		
૩. જ્ઞાન		
ગાઇડના નિયમો પુરેપુરા જાણવા જોઇએ.		
યુનિયન જેકના ક્રોસ વિષેની હકીકત જાણીતી હોવી જોઇએ.		
મોર્સ બધા મૂળાક્ષર મોકલતાં આવડવું જોઇએ		

	પાસથવાની તારીખ	અમલદારની સહી
૭ જુદી જુદી જાતનાં પક્ષી, છોડ કે પ્રાણી વિષે માહિતી જોઇએ અને તેમનો ઇતિહાસ જાણવો જોઇએ. પગલાં પારખતાં આવડવું જોઇએ અથવા (શહેરમાં રહેતી છોકરીઓએ) દુકાનો, લોકો અને મોટરબસ વગેરેના રસ્તાથી જાણીતા હોવું જોઇએ. ૨. હસ્તકળા સાત ગાંઠ બાંધતાં આવડવી જોઇએ. ફક્ત બે		

	પાસથવાની તારીખ	અમલદારની સહી
દિવાસળીથીજ દેવતા ચેતાવતાં આવડવો જોઇએ. પથારી સરખીરીતે પાથરતાં આવડવી જોઇએ.		

યુનિફોર્મ

બ્રાઉનીઝ

બ્રાઉન કે બ્લૂ ફરાક અને પટો, બ્રાઉન મોજાં, બ્રાઉન વાળની પટ્ટી અને ટાઇ, બ્રાઉન ટોપી અથવા તેજ રંગની ફેલ્ટહૅટ

ગર્લ ગાઇડઝ

ઉપરની ચીજોજ પણ ખાખી રંગની જોઇએ.

સીનીયર ગાઇડઝ અને અમલદારો બ્લુરંગની સાડી પ્હેરી શકે છે. સોળ વર્ષ ઉપરની સીનીયર

ગાઇડઝ કહેવાય છે અને ૧૮ વર્ષ ઉપરની અમ-લદાર બની શકે છે.

આ સિવાયની સ્કાઉટિંગ અને ગાઇડિંગની માહિતી દરેકની હૅન્ડ બુકમાંથી મળી શકશે.

શરીરના જુદા જુદા ઉપયોગી માપ

દરેક સ્કાઉટે પોતાના શરીરના નીચેના ભાગોના માપ જાણવા જરૂરના છેઃ

૧. શરીરની ઉંચાઇ...——ફુટ——ઇંચ.

૨. જમણો હાથ ઉંચો રાખી તેની સાથેની શરીરની ઉંચાઇ...——ફુટ——ઇંચ.

૩. આખા હાથની લંબાઇ...——ફુટ——ઇંચ.
(કાંખ અથવા બગલથી વચલી આંગળીના ટેરવા સુધી)

૪. વામની લંબાઇ...——ફુટ——ઇંચ.

(એક હાથની વચલી આંગળીના ટેરવાથી બીજા હાથની વચલી આંગળીના ટેરવા સુધી બન્ને હાથ લાંબા રાખ્યા હોય ત્યારે)

૫. બાજુએ જમણો હાથ લંબાવી તેની વચલી આંગળીના ટેરવાથી નાકના ટેરવા સુધી (નજર સીધી રાખી) લંબાઇ.. ——ફુટ——ઇંચ

૬. અંગુઠાની લંબાઇ...——ઇંચ

૭. હથેળીની પ્હોળાઇ...——ઇંચ

૮. હથેળીની પ્હોળાઇ...——ઇંચ

(અંગુઠાથી ટચલી આંગળી સુધી તે મુઠ્ઠી કહી શકાય)

૯. બરાબર એક ઇંચ એક આંગળીનો વેઢો...— આંગળીનો——વેઢો.

૧૦. વચલી આંગળીના ટેરવાથી અંગુઠાના ટેરવા સુધીની વેંતની લંબાઇ...——ઇંચ

૧૧. ટચલી આંગળીના ટેરવાથી અંગુઠાના ટેરવા સુધીની વેંતની લંબાઇ...——ઇંચ

૧૨. વચલી આંગળીના ટેરવાથી કાંડા સુધીની લંબાઇ...——ઇંચ.

૧૩. વચલી આંગળીના ટેરવાથી કોણી સુધીની લંબાઇ...——ઇંચ.

૧૪. પગલાંની લંબાઇ——ફૂટ——ઇંચ

૧૫. જમીનથી ઘુંટણની ઉંચાઇ...——ફૂટ——ઇંચ

(જ્યારે તમે પગ આગળ વાળો અને ઘુંટણ કશાને અડકે ત્યારની તેની ઉંચાઇ...પગ ઉંચો કરવાનો નહિં.)

૧૬. ઉઘાડા પગની લંબાઇ...——ઇંચ

૧૭. બુટની લંબાઇ...——ઇંચ

૧૮. અંગુઠાના ટેરવાઓ એક બીજાને અડકાડી બન્ને મુઠી સાથે રાખી તેની લંબાઇ——ઇંચ

તાત્કાલિક ઉપયોગમાં આવે એવા સરનામા

નજીકમાં નજીક ડૉક્ટરો--

૧. ______________________________

____

૨. ______________________________

____

૩. ______________________________

નજીકમાં નજીક હૉસ્પિટલ-

નજીકમાં નજીક દવા વેચનારો-

નજીકમાં નજીક અકસ્માત વખતે મદદ કરનારૂં સ્થળ

નજીકમાં નજીક પોસ્ટ અને તારઑફિસ-

નજીકમાં નજીક ટેલીફોન-

નજીકમાં નજીક પોલીસ ચોકી

નજીકમાં નજીક બંબા ખાતું

નજીકમાં નજીક ગાડીઓ ઉભી રહેવાની જગ્યા-

નજીકમાં નજીક સ્કાઉટ ટ્રુપ ____________
____________ ....

સ્કાઉટ માસ્તરોના સરનામા ૧ ____________
____________ ____________
____________ ____________

૨ ____________ ____________
____
____________ ____________

નજીકમાં નજીક રેલવે સ્ટેશન ____________
____________ ____________

કામ લાગે તેવી ટ્રેનનો ટાઇમ ____________

ફર્સ્ટ ક્લાસ ટેસ્ટ

સ્કાઉટ ટેસ્ટ માટેની મુસાફરીપર નીકળે ત્યારે સ્કાઉટ માસ્તર પાસેથી નીચેનું ફૉર્મ તેની સહી વાળું તેણે સાથે રાખવું.

મુસાફરી શરૂ કર્યાની તારીખ ________ વખત ________

જે ગામ તરફ જવા નીકળ્યો તે ગામ ____________

મુસાફરીનું સાધન ____________

સાથે કોણ હતું ____________

મુસાફરીપરથી પાછા આવ્યાની તારીખ ____________

વખત ____________

કેટલા માઇલ ચાલ્યો ? ____________

રીપોર્ટ પાસ થયો ____________

સ્કાઉટ માસ્તર

સ્કાઉટ માસ્તરની સહીવાળું ફૉર્મ જોઇ જે ગામ સુધી મુસાફરી કરી હોય તે ગામના કોઇ સદ્‌ગૃહસ્થનું સર્ટીફીકેટ

સ્કાઉટ ____________

મને ____________ તારીખે ____________ વાગે મળ્યો અને ____________ તારિખે ____________ વાગ્યે પાછો જવા નીકળ્યો.

____

____

સહી.

સ્કાઉટ ગાયનો

૧

God Save The King.

God save our gracious King,
Long live our noble King,
God save the King!
Send him victorious,
Happy and glorious,
Long to reign over us,
God save the King!
Thy choicest gifts in store,
On him be pleased to pour,
Long may he reign!
May he defend our laws,
And ever give us cause,
To sing with heart and voice;
God save our King!

Kinsfolk in love and birth,
From utmost ends of earth,
God save us all!

Bid strife and hatred cease,
Bid hope and joy increase,
Spread universal peace,
God save us all!

રક્ષ દેવ તું મહારાજા.

રક્ષ દેવ તું મહારાજા,
બહુ જીવજો પ્રૌઢ રાજા.
રક્ષ દેવ રાજા.

એમને કર જયવંત મસ
સુખ કીર્તિનો દે યશ
લંબાવ રાજ બહુ વરસ
રક્ષ દેવ રાજા.

ઓ ઇશ ! જગદીશ ! તું ઉઠ,
વેરી વીખેરવા રૂઠ,
આણ તેમનો કાળ.

બંધ પાડ દ્વેષ કલેશ બધો,
જ્ઞાનને હુન્નર વધો,
અમ ઘેર જંપ સંપ સધો.
કલ્યાણ સર્વ કાળ,
૨

વન્દે માતરમ્

વન્દે માતરમ્
સુજલામ્ સુફલામ્ મલયજશીતલામ
શસ્યશ્યામલામ્ માતરમ!
શુભ્ર જ્યોત્સ્ના પુલકિત યામિનીમ્
ફુલ્લ કુસુમિત દ્રુમ દલ શોભિનીમ
સુહાસિનીમ્ સુમધુર ભાષિણીમ
સુખદામ્ વરદામ્ માતરમ્!

ત્રીશ કોટિ કંઠ કલકલ નિનાદ કરાલે
દ્વિત્રીંશ કોટિ ભુજૈર્ધૃત ખર કરવાલે
અબલા કેન મા એતો બલે!
બહુ બલ ધારિણીમ્ નમામિ તારિણીમ્

રિપુદલ વારિણીમ્ માતરમ્ !
તુમિ વિદ્યા, તુમિ ધર્મ,
ત્વં હિ પ્રાણાઃ શરીરે
તુમિ હૃદિ, તુમિ મર્મ,
બાહુતે તુમિ મા શક્તિ
હૃદયે તુમિ મા ભક્તિ
તોમારઇ પ્રતિમા ગડી
મન્દિરે મન્દિરે !
ત્વંહિ દુર્ગા દશપ્રહરણ ધારિણી
કમળા કમલદલ વિહારિણી
વાણી વિદ્યા દાયિની
નમામિ ત્વામ્ !
નમામિ કમલામ, અમલામ, અતુલામ્
સુજલામ, સુફલામ્ માતરમ્
વન્દે માતરમ્ !
શ્યામલામ્ સરલામ્ સુસ્મિતાં ભૂષિતામ્
ધારણીમ્ ભરણીમ્ માતરમ્
વન્દે માતરમ.
બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાય.

૩

God save our Ind.

God save our motherland
God bless our much loved land
God save our Ind!

Sing of Her story old,
Sing of Her heroes bold,
Sing of Her hearts of gold,
God save our Ind!

Sing Ramachandra's praise,
Sing of the Rajput days,
God save our Ind!

Sing of great Akbar's sway,
Sing of Shivaji's day,
Sing boldly Freedom's lay,
God save our Ind!

Lord of the Burning-Ground,
Send forth Thy Damru-sound,
God save our Ind !

Grant us the hero-heart,
Careless of loss or smart,
To play our noble part,
God save our Ind !

—Annie Besant.

૪

ભારત ભાગ્ય વિધાતા

જન ગણ મન અધિનાયક જય હે,
ભારત ભાગ્ય વિધાતા ॥ધ્રુ.॥
પંજાબ સિંધ ગુજરાત મરાઠા, દ્રાવિડ ઉત્કલ બંગ
વિંધ્ય હિમાલય યમુના ગંગા,
ઉચ્છલ જલધિ તરંગ
તવ શુભ નામે જાગે
તવ શુભ આશિષ માગે
ગાવે તવ યશ ગાથા.

જન ગણ મંગળ દાયક જય હે,
ભારત ભાગ્ય વિધાતા
જયહે જયહે જયહે જય જય જય જયહે. ॥૧॥
અહરહ તવ આહ્વાન પ્રચારિત
સુનિ તવ ઉદાર વાણી
હિંદુ બૌદ્ધ શિખ જૈન પારસિક
મુસલમાન ખ્રિસ્તાની
પૂરવ પશ્ચિમ આસે
તવ સિંહાસન પાસે
પ્રેમ હાર હય ગાથા.
જન ગણ ઐક્ય વિધાયક
જય હે ભારત ભાગ્ય વિધાતા
જયહે જયહે જયહે જય જય જય જયહે. ॥૨॥
પતન અભ્યુદય બંધુર પંથા
યુગ યુગ ધાવિત યાત્રી
હે ચિર સારથી તવ રથ ચક્રે
મુખરિત પથ દિન રાત્રિ,

દારુણ વિપ્લવ માઝે

તવ શંખ ધ્વનિ બાજે

સંકટ દુઃખ ત્રાતા

જન ગણ પથ પરિચાયક જય હે

ભારત ભાગ્ય વિધાતા

જયહે જયહે જયહે જય જય જય જયહે. ॥૩॥

રાત્રિ પ્રભાતિલ, ઉદિત રવિ છવિ

પૂર્ણ ઉદય ગિરિ ભાલે,

ગાહે વિહંગમ પુણ્ય સમીરણ

નવ જીવન રસ ઢાલે,

તવ કરુણારુણ રાગે;

નિદ્રિત ભારત જાગે

તવ ચરણે નત માથા,

જય જય જયહે જય રાજેશ્વર;

ભારત ભાગ્ય વિધાતા.

જય હે જય હે જય હે જય જય જય જય હે. ॥૪॥

૫

અમારો દેશ

(દિવ્ય)

અયે ભરત ભૂમિના પુત્રો! અમ માત પુરાણ
પવિત્ર!
રે! જેના સુંદર સૂત્રો, ઝલકાવે ઉચ્ચ ચરિત્ર;
અમ અંતરને ઉદ્દેશી, કરશું હોકાર હમેશ,
અમે દેશી દેશી દેશી, એ દિવ્ય અમારો દેશ.
અંધાર વિષે અથડાતાં, કે કરતાં નિત્ય પ્રકાશ,
પડતાં રડતાં રગડાતાં, કે કરતાં હાસ્ય વિલાસ;
પળ પળ અમ ઉરનિધિએ શી, હો ઉછળે ઊર્મિ
અશેષ,
અમે દેશી દેશી દેશી, એ દિવ્ય અમારો દેશ.
ક્યાં હશે હિમાચલ જેવો? ક્યાં પુણ્ય પવિ-
ત્રજ ગંગ?
ક્યાં મળે અલૌકિક એવા? સહુદેશતણા બહુ રંગ;
ક્યાં મુનિ ઇશ્વર જન બેસી; કરતાં પ્રભુપંથ ઉજેશ?
અમે દેશી દેશી દેશી, એ દિવ્ય અમારો દેશ.

ક્યાં રામ યુધિષ્ઠિર ઘૂમ્યા? ક્યાં ગરજ્યા અર્જુન
ભીમ ?
ક્યાં રજપૂત વીર ઝઝુમ્યા, બળ દાખવવા અસીમ ?
રે ભુલીએ તે રીતે શી, અમ અંતરથી લવલેશ,
અમે દેશી દેશી દેશી, એ દિવ્ય અમારો દેશ.
નથીરે જીવવું પર આશે; છે પારકી આશ નિરાશ;
નથી કર ધરવા કો પાસે, સ્વાશ્રયનો છે ઉલ્લાસ;
કંઈ પુણ્ય પ્રભાજ પ્રવેશી, અહિં દે અમને ઉપદેશ,
અમે દેશી દેશી દેશી, એ દિવ્ય અમારો દેશ.
ધમ ધમ ધરણી ધ્રુજવીશું, અમ દેશતણાં કરી ગાન,
જય જય નાદ કરીશું, દઈશું મોઘા અમ પ્રાણ,
એ ભક્તિ વસી ઉર તે શી, દેજો શક્તિ પરમેશ,
અમે દેશી દેશી દેશી! એ દિવ્ય અમારો દેશ.

ખબરદાર.

૬

જય ગુજરાત,

જય જય ગરવી ગુજરાત,
જય જય ગરવી ગુજરાત;

દીપે અરૂણું પરભાત.
ધ્વજ પ્રકાશશે ઝળળ કસુમ્બી, પ્રેમ શૌર્ય અંકીતઃ
તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને પ્રેમ ભક્તિની રીત.
ઉંચી તુંજ સુંદર જાત,
જય જય ગરવી ગુજરાત. ૧.
ઉત્તરમાં અંબા માત,
પૂરવમાં કાળી માત,
છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા, કુંતેશ્વર મહાદેવ,
ને સોમનાથ ને દ્વારકેશ, એ પશ્ચિમ કેરા દેવ;
છે સહાયમાં સાક્ષાત,
જય જય ગરવી ગુજરાત. ૨.
નદી તાપી નર્મદા જોય,
મહીને બીજી પણ જોય,
વળી જોય સુભટનાં જુદ્ધ રમણને, રત્નાગર સાગર
પર્વત ઉપરથી વીર પૂર્વજો, દે આશિષ જયકર;
સંપે સ્હોયે સઉ જાત,
જય જય ગરવી ગુજરાત. ૩.

તે અણિહલ વાડના રંગ
તે સિદ્ધરાજ જયસિંગ.
તે રંગ થકી પણ અધિકરંગ થશે સત્વરે માત,
શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે, વીતીગઈ છે રાત
જન ધુમે નર્મદા સાથ
જય જય ગરવી ગુજરાત. ૪.

૭

Marching Song of the Indian Scouts.

By F. G. Pearce.

1. Boys of India, Girls of India,
Who have joined our happy band,
Let your song of gladness ring, for
God and Crown and Motherland.

Chorus:

Sing of Bharatvarsha's story,
Of Her heroes and Her glory,

As we march upon our way,
As we march upon our way.

2. With the star and with the lotus
Gleaming on the flag above ;
We will sing of our mother's praise
And Her mighty heroes' love!

Chorus :

Sing of Bharatvarsha's story,
etc. etc.

3. Boys of India, Girls of India,
Mindful of our future fame,
Strive in service, never daunted
To uphold our noble aim.

Chorus :

Sing of Bharatvarsha's story.
etc. etc

Scout yells.

વીર નાદ.

૧. સુરત નાદ – Surat yell-

S......U.........R......A.........T,

Boy scouts, Boy scouts, brave are we.

૨. Scout yell—

Be prepared, be prepared shout. shout, shout.

Tenderfoot second class, first class scout.

૩. American yell—

A – M – E – R – I – C – A –

Boy scouts,

Boy scouts U...S...A.

૪. Zulu yell—

T-U-M, T-U-M, T-U-M,

T-U-M, T-U-M, T-U-M;
En gon yama gon yama in voo boo yaboo yaboo in voo boo, T-U-M, T-U-M, T-U-M.

૫. Bombay Presidency yell—
B-O-M—B-A-Y shout, shout, shout, Hurrah Hurrah, we are the boys, we are the boys, better every day, Bom Bom Bom Bom Bay.

૬. Chief Scout yell—
B...P..., B...P
Baden Powell, Baden Powell,
Chief, chief, chief, Raha

૭. Gillwell Park yell—
Under the spreading chestnut tree
Will be as happy as can be

With you sitting on my knee
Under the spreading chestnut tree.


૮. Australian yell—
Gee Himaláyá...Gee, Himaláyá—Gee,
Himaláyá...Gee, Shu u u......(all together) wah...h...a...h...a...h.

૯. ભીલનાદ—જગદંબ હ્રીમ, ચંડી—ચંગ.

૧૦. હિંદુનાદ—રાધે...શ્યામ, શ્યામ...રાધે.

૧૧. ઇરાનીનાદ—અઝન બઝન, કુષ્ટ જનરા બઝન.

૧૨. ભારતનાદ—હારીએ ન હિમ્મત, બિસારીએ ન રામ, જીસ બિધ રખે રામ, ઉસ બિધ રૈના આરામ હટે રહો ભારત બીર .....



જુદી જુદી ગાંઠો

સમજુતી માટે જુઓ પાનું ૧૦૮.

વિષયસૂચિ

સ્કાઉટ માસ્ટરોને ઉપયોગી

ધી ' ફેવરિટ ' ડોર પ્લેટ

તમારા નામની સુંદર પ્લેટ જોઇએ છે?

તો અમારી પિત્તળના અંગ્રેજી અક્ષરની

———ફ્રેમોજ ખરીદશો———

આજકાલ દરેક ગૃહસ્થને બારણે પોતાના નામના પાટીઆની જરૂર પડે છે. કારણ કે તેથી પોતાના મિત્ર સ્નેહીસંબંધીઓ તેમજ અજાણ્યા વિગેરેને તેમનું મકાન શોધી કાઢવું સહેલ પડે અને આજુબાજુ પૂછપરછ કરવી ન પડે. વળી વકીલ, ડૉકટર, બેંકર, પ્રોફેસર, ઓફીસર સ્કાઉટ માસ્ટર સ્કાઉટ તેમજ ધંધાદારીઓને પણ પોતાને મકાને કે ઓફીસપર નામના પાટીઆની ખાસ અગત્ય હોય છે. આજના જમાનામાં આવા નામના પાટીઆ સિવાય ચાલતુંજ નથી. નામના

નોંધ